CMYK CMYK

RNI NO GUJGUJ/2005/23814

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

JAMNAGAR
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા    શિવમ બિલ્ડીંગ, અનુપમ ટોકીઝ પાસે, જામનગર ૯૭૨૭૯૧૧૦૮૭

● સંવત ૨૦૮૦ ચૈત્ર સુદ - ૫    શનિવાર, તા.૧૩-૦૪-૨૦૨૪    અંક : ૯૩    વર્ષ : ૧૯    jamnagar@aaspassaindia.com    કિંમત રૂા. ૨-૫૦    પાના - ૮

# માર્ચમાં ગરમીના તમામ રેકોર્ડ તૂટ્યા

## ક્લાઈમેટ ચેન્જની અસરને કારણે પૃથ્વીના સરેરાશ તાપમાનમાં સતત વધારો



### માર્ચમાં સરેરાશ તાપમાન કરતાં ૧.૬૮ ડિગ્રી સેલ્સિયસ વધારે રહ્યું

નવીદિલ્હી,

ક્લાઈમેટ ચેન્જની અસરને કારણે પૃથ્વીનું સરરાશ તાપમાન સતત વધી રહ્યું છે. તાજેતરમાં જાહેર થયેલા એક અહેવાલ મુજબ ગત માર્ચ મહિનામાં તાપમાનના અગાઉના તમામ રેકોર્ડ તૂટી ગયા છે.

જો ઔદ્યોગિક કાળ પહેલાની સ્થિતિ સાથે સરખામણી કરવામાં આવે તો, આ વર્ષે માર્ચ મહિનામાં સરેરાશ તાપમાન ૧૮૫૦ અને ૧૯૦૦ વચ્ચેના માર્ચમાં નોંધાયેલા સરેરાશ તાપમાન કરતાં ૧.૬૮ ડિગ્રી સેલ્સિયસ વધારે રહ્યું હતું.

કોપરનિકસ ક્લાઈમેટ ચેન્જ સર્વિસ (C3S) ના તાજેતરના અહેવાલ મુજબ, તાપમાનના આ વધતા આંકડા દર્શાવે કરે છે કે પૃથ્વી ઝડપથી ગરમ થઈ રહી છે અને તેની અસરો સમગ્ર વિશ્વમાં અનુભવાઈ રહી છે. માર્ચ દરમિયાન સ્તરે સપાટીથી નજીકની હવાનું સરેરાશ તાપમાન ૧૪.૧૪ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. આ ૧૯૯૧ થી ૨૦૨૦ દરમિયાન માર્ચમાં નોંધાયેલા સરેરાશ તાપમાન કરતાં ૦.૭૩ વધુ છે.

આ પહેલા વર્ષ ૨૦૧૬માં સૌથી ગરમ માર્ચ મહિનો નોંધાયો હતો. માર્ચ ૨૦૨૪માં તાપમાન ૨૦૧૬ કરતા ૦.૧૦ ડિગ્રી સેલ્સિયસ વધુ નોંધાયું હતું. હવામાન વિભાગના ડેટા અનુસાર, અગાઉ જાન્યુઆરી અને ફેબ્રુઆરી ૨૦૨૪માં પણ તાપમાનમાં વધારો નોંધાયો હતો. જાન્યુઆરીમાં તાપમાન સામાન્ય કરતાં ૧.૬૬ ડિગ્રી સેલ્સિયસ વધુ રહ્યું હતું, ફેબ્રુઆરી ૨૦૨૪નું તાપમાન પણ ૨૦મી સદીમાં ફેબ્રુઆરીના સરેરાશ તાપમાન કરતાં ૧.૪ ડિગ્રી સેલ્સિયસ વધુ રહ્યું હતું.

કોપરનિકસ ક્લાઈમેટ ચેન્જ સર્વિસના જણાવ્યા અનુસાર, સતત વધતા તાપમાનને કારણે આબોહવા સંકટની અસરો વધુ ઘેરી બની રહી છે.

જૂન ૨૦૨૩ પછી આ સતત ૧૦મો મહિનો છે જ્યારે વધતા તાપમાને નવો રેકોર્ડ બનાવ્યો છે. જો આપણે છેલ્લા ૧૨ મહિના એટલે કે એપ્રિલ ૨૦૨૩ થી માર્ચ ૨૦૨૪ ના તાપમાન પર નજર કરીએ તો તે ૧૯૯૧ થી ૨૦૨૦ સુધીના વૈશ્વિક સરેરાશ તાપમાન કરતા ૦.૭૦ ડિગ્રી વધુ નોંધાયું છે.

C3S મુજબ, ધ્રુવો પર જામેલો બરફ વધતા તાપમાનને કારણે સતત પીગળી રહ્યો છે. આર્કટિકમાં સમુદ્રી બરફનો સંગ્રહ માર્ચમાં વર્ષના સૌથી નીચા સ્તરે પહોંચ્યો હતો. તેનું માસિક સરેરાશ વિસ્તરણ ૧.૪૯ કરોડ ચોરસ કિલોમીટર નોંધાયું હતું જે સામાન્ય કરતાં ઓછું છે. ૧૯૮૦ અને ૧૯૯૦ ના દાયકાની તુલનામાં માર્ચ ૨૦૨૪ માં દરિયાઈ બરફની માત્રા ૨૫ ટકા ઓછી છે.

# ‘ભારત માતા કી જય’ બોલવા કોંગ્રેસના ધારાસભ્યએ પક્ષપ્રમુખની મંજુરી માંગી


### વિડીયો વાઈરલ : ભાજપે ઝાટકણી કાઢી, કોંગ્રેસમાં રાષ્ટ્રવાદ દર્શાવવા પણ ખુલાસા આપવા પડે છે

બેંગ્લુરૂ,

લોકસભાની ચૂંટણીના પ્રચાર સંબંધી નવા-નવા વિવાદ ઉભા થઈ જ રહ્યા છે. કર્ણાટકમાં કોંગ્રેસની ચૂંટણી સભામાં ‘ભારત માતા કી જય’નો નારો લગાવતા પુર્વે ધારાસભ્યએ પક્ષ પ્રમુખની અનુમતિ માંગતા વિવાદ સર્જાયો છે. ભાજપ દ્વારા આકરી ઝાટકણી કાઢવામાં આવી છે.

કોંગ્રેસની ચૂંટણીસભામાં પાર્ટીના ધારાસભ્ય લક્ષ્મણ સવાદી સંબોધન કરી રહ્યા હતા ત્યારે એવુ બોલ્યા હતા કે આશા છે કે હવે હું બોલીશ તેની સામે પક્ષપ્રમુખ ખડગેને વાંધો નહીં હોય કે ગેરસમજ નહીં કરે. હું ‘ભારત માતા કી જય’ બોલીશ અને શ્રોતાઓ પણ પછી તે રીપીટ કરશે.

# ગુજરાતમાં ટુંક સમયમાં થઈ શકે છે IPS અધિકારીઓની બદલી



નવીદિલ્હી,

આગામી ૪૮ કલાકમાં અધિકારીઓની બદલીઓ અંગે સમાચાર આવી શકે છે. લાંબા સમયથી અટકેલી IPS ની બદલીઓની પ્રક્રિયા પૂર્ણ થશે અને ખાલી પડેલી મહત્ત્વની જગ્યાઓ પર નિમણૂક કરાશે.

પ્રાપ્ત અહેવાલ અનુસાર, ચૂંટણી પહેલા રાજ્યમાં આઈપીએસની બદલીઓ માટે એક પેનલ ચૂંટણી પંચને મોકલાઈ છે. આથી, અધિકારીઓની બદલીઓ થઈ શકે છે. જો આવું થશે તો લાંબા સમયથી અટકેલી IPS ની બદલીઓની પ્રક્રિયા પૂર્ણ થશે અને ખાલી પડેલી મહત્ત્વની જગ્યાઓ પર નિમણૂક કરાશે.


# રાષ્ટ્રીય જનતા દળને ઝટકો : પૂર્વ સાંસદ અશફાક કરીમે રાજીનામું આપી દીધું

### લાલુ પર મુસ્લિમોના હક મારવાનો ગંભીર આરોપ લગાવ્યો

નવીદિલ્હી,

લોકસભા ચૂંટણી પહેલા બિહારમાં રાષ્ટ્રીય જનતા દળને ઝટકો લાગ્યો છે. રાજ્યસભાના પૂર્વ સાંસદ અશફાક કરીમે પાર્ટીમાંથી રાજીનામું આપી દીધું છે.અશફાકે લાલુ પ્રસાદ યાદવને પત્ર લખીને પ્રાથમિક સભ્યપદમાંથી રાજીનામું આપી દીધું હતું. અશફાકે આ પત્ર દ્વારા પોતાની નારાજગી વ્યક્ત કરી લાલુ પર મુસ્લિમોના હક મારવાનો ગંભીર આરોપી લગાવ્યો છે.

લાલુ પર ગંભીર આરોપ લગાવતા અશફાકે કહ્યું કે મુસ્લિમોને તેમની વસ્તી મુજબ સન્માનજનક હિસ્સો પણ આપવામાં આવ્યો નથી. આવા સંજોગોમાં આરજેડી સાથે કામ કરવું અશક્ય છે. લાલુને આપેલા રાજીનામાના પત્રમાં અશફાકે લખ્યું છે કે, હું સામાજિક ન્યાયને મજબૂત કરવા તમારી પાર્ટીમાં જોડાયો છું.



# અમિત શાહ ૧૮મીએ યોજશે ગાંધીનગર લોકસભાની ૭ વિધાનસભામાં રોડ-શો

### રોડ શોમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પણ પટેલ સામેલ થશે

નવીદિલ્હી,

કેન્દ્રીય ગૃહ તેમજ સહકારિતા મંત્રી અમિત શાહ ગાંધીનગર લોકસભા બેઠક પર ૧૯ એપ્રિલે ઉમળવારી પત્ર ભરશે. આ પહેલા ૧૮ એપ્રિલે તેઓ ગાંધીનગર લોકસભાની ૭ વિધાનસભામાં ભવ્ય રોડ-શો કરશે. ગાંધીનગર લોકસભાની સાણંદ, વેજલપુર, નારણપુરા, ઘાટલોડિયા, સાબરમતી, ગાંધીનગર ઉત્તર અને ક્લોલ વિધાનસભામાં રોડ-શો કરી પ્રચાર કરશે. આ-રોડ શોમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સામેલ થશે.

ગૃહમંત્રી અમિત શાહનો રોડ-શો સાણંદથી શરૂ થશે.

ત્યાંથી વેજલપુર, નારણપુરા, ઘાટલોડિયા અને પછી સાબરમતી, ગાંધીનગર ઉત્તર અને કલોલના વિસ્તારોને આવરી લેશે.

# વિદેશ ભાગી રહેલો ખાલિસ્તાની આતંકવાદી પ્રભપ્રીતસિંહ ઝડપાયો

### દિલ્હીના ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી ધરપકડ

નવીદિલ્હી,

ખાલિસ્તાની આતંકવાદી પ્રભપ્રીત સિંહ દિલ્હીથી વિદેશ ભાગી રહ્યો હતો. દરમિયાન એરપોર્ટ પરથી તેની ધરપકડ કરવામાં આવી હતી. પ્રભપ્રીત જર્મનીથી આતંકવાદીઓની ભરતી અને ફંડિંગ મોડ્યુલ ચલાવતો હતો.

પંજાબ પોલીસે ખાલિસ્તાન ઝિંદાબાદ ફોર્સના આતંકવાદી પ્રભપ્રીત સિંહ જર્મનીની દિલ્હીના ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી ધરપકડ કરી છે.

પ્રભપ્રીત જર્મનીથી આતંકવાદીઓની ભરતી, સમર્થન અને ફંડિંગ મોડ્યુલ ચલાવતો હતો. પંજાબના ડીજીપી ગૌરવ યાદવે ટ્વિટર પર આ માહિતી આપી હતી. આરોપીના ૧૫ એપ્રિલ સુધીના રિમાન્ડ મેળવી આગળની કાર્યવાહી હાથ ધરી છે. ડીજીપી યાદવે કહ્યું કે જર્મનીનો આતંકવાદી પ્રભપ્રીત સિંહ દેશમાં ખાલિસ્તાન આતંકવાદી જૂથ માટે યુવાનોની ભરતી કરતો હતો. તેણે દેશભરમાં યુવાનોની ભરતી કરવા માટે ૨૦થી ૨૫ લોકોનું નેટવર્ક તૈયાર કર્યું હતું.

ડીજીપીએ કહ્યું કે આતંકવાદી પ્રભપ્રીત ૨૦૧૭માં પોલેન્ડ ગયો હતો, પરંતુ ત્યાંથી તે ૨૦૨૦માં જર્મની ગયો અને રાજકીય શરણ માંગી. ત્યાં તે બેલ્જિયમમાં રહેતા ખાલિસ્તાન ઝિંદાબાદ ફોર્સના જગદીશ સિંહ ભુરાના સંપર્કમાં આવ્યો અને પછી ખાલિસ્તાની સંગઠનમાં જોડાયો. આરોપીને ૧૫ એપ્રિલ સુધીના રિમાન્ડ પર લેવામાં આવ્યા છે અને તેની પૂછપરછ કરવામાં આવી રહી છે.

# ગુજરાતી ભદ્રેશ પટેલ USમાં મોસ્ટ વોન્ટેડ

### ટોપ 10 મોસ્ટ વોન્ટેડની યાદીમાં નામ : FBIએ જાહેર કર્યું અઢી લાખ ડોલરનું ઇનામ

વોશિંગ્ટન,

યુનાઈટેડ સ્ટેટ્સના ફેડરલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશનએ ટોપ ૧૦ મોસ્ટ વૉન્ટેડની યાદી જાહેર કરી છે. આ યાદીમાં અમદાવાદના વિરમગામના રહેવાસી ભારતીય નાગરિક ભદ્રેશ પટેલનું નામ પણ છે.

FBIએ તેના પર અઢી લાખ ડૉલરનું ઈનામ રાખ્યું છે. એફબીઆઈએ એક્સ પર પોસ્ટ કરીને આ વિશે માહિતી આપી છે.ભદ્રેશ કુમાર પટેલ ૨૦૧૫થી ફરાર છે જ્યારે તેણે મેરીલેન્ડ રાજ્યના હેનોવરમાં ડંકિન ડોનટ્સ કોફી શોપની અંદર તેની પત્ની પલકની કથિત રીતે હત્યા કરી હતી.

મીડિયા અહેવાલો અનુસાર, તે સમયે ભદ્રેશ કુમાર પટેલની ઉંમર ૨૪ વર્ષ હતી, તેણે રસોડામાં ચપ્પા વડે તેની ૨૧ વર્ષીય પત્નીના ચહેરો પર ઘા માર્યા હતા અને દુકાનના પાછળના રૂમમાં જ્યાં તેઓ બંને કામ કરતા હતા ત્યાં પણ ઘણી વખત ચપ્પાના ઘા માર્યા હતા. આ ઘટના જે સમયે બની હતી ત્યારે ઘણા ગ્રાહકો ઘટનાસ્થળ પર હાજર હતા. WTOP રિપોર્ટ અનુસાર હત્યાના લગભગ એક મહિના પહેલા દંપતીના વિઝા પૂરા થઈ ગયા હતા, અને તપાસકર્તાઓ માનવું હતું કે ભદ્રેશ કુમારની પત્ની પલક પટેલ ભારત પરત ફરવા માંગતી હતી, પરંતુ તેના પતિએ તેનો વિરોધ કર્યો હતો. ઉલ્લેખનીય છે કે FBI ભદ્રેશ પટેલને સશસ્ત્ર અને અત્યંત ખતરનાક ગુનેગાર માને છે.

અગાઉ પણ એફબીઆઈએ ભદ્રેશની ધરપકડ કરવામાં મદદ કરવા બદલ એક યાદી અને ઈનામ જાહેર કર્યું હતું. વર્ષ ૨૦૧૭માં માહિતી માટે ૧૦૦,૦૦૦ ડૉલરના ઈનામ સાથે યાદી પ્રસિદ્ધ કરવામાં આવી હતી, પરંતુ તે હજી પણ ફરાર છે. એપ્રિલ ૨૦૧૫માં, ૨૪ વર્ષીય પટેલ અને તેની પત્ની પલક, ડંકિન ડોનટ્સ સ્ટોરમાં નાઈટ શિફ્ટમાં કામ કરતા હતા. ગુનાની રાતના સીસીટીવી ફૂટેજમાં ભદ્રેશ અને પલક રેકની પાછળ ગાયબ થતા પહેલા સ્ટોરના કિચન તરફ સાથે ચાલતા જોવા મળ્યા હતા.

# બ્રિટનમાં ૫ ભારતવંશીને ૧૨૨ વર્ષની સજા

### ૭ મહિના પહેલાં ભારતીય મૂળના વ્યક્તિની હત્યા કરી હતી, કુહાડી-હોકી સ્ટિક વડે હુમલો કર્યો હતો

લંડન

બ્રિટનમાં શુક્રવારે પાંચ ભારતીયોને ૧૨૨ વર્ષની જેલની સજા ફટકારવામાં આવી છે. બીબીસીના અહેવાલ મુજબ અર્શદીપ સિંહ, જગદીપ સિંહ, શિવદીપ સિંહ અને મનજોત સિંહને હત્યા માટે ૨૮-૨૮ વર્ષની સજા સંભળાવવામાં આવી છે. તે જ સમયે, હુમલામાં મદદ કરવા બદલ સુખમનદીપ સિંહને ૧૦ વર્ષની સજા ફટકારવામાં આવી હતી. પાંચ ભારતીયોએ ઓગસ્ટ ૨૦૨૩માં ડિલિવરી ડ્રાઈવર અરમાન સિંહની હત્યા કરી હતી.

અરમાન પર પશ્ચિમ ઈંગ્લેન્ડના શ્રુસબરી શહેરમાં કુહાડી, હોકી સ્ટિક, લોખંડના સળિયા, પાવડો, છરી, ક્રિકેટ બેટ વડે હુમલો કરવામાં આવ્યો હતો. આ કેસમાં છેલ્લા ૫ અઠવાડિયાથી સુનાવણી ચાલી રહી હતી. બે કારમાં આવેલા ૮ નકાબધારી લોકો અરમાન પર હુમલો કરવા આવ્યા હોવાનું બહાર આવ્યું હતું. તેમની પાસે ખતરનાક હથિયારો હતા અને બધાએ કાળા માસ્ક પહેરેલા હતા.

# ઈરાન હુમલો કરશે તો અમેરિકા પણ જવાબ આપશે: બાઈડન

### અમિરાકાએ કહ્યું અમો ઈઝરાયેલની રક્ષા કરવા પ્રતિબદ્ધ છીએ, ઈરાનને સફળ થવા દેશું નહી

વોશિંગ્ટન:

ઈઝરાયેલ દ્વારા ગત સપ્તાહે સીરીયામાં ઈરાની દૂતાવાસ પર કરેલા મિસાઈલ સહિત હુમલાના પગલે હવે અમેરિકા સહિતના દેશો પણ એલર્ટ થઈ ગયા છે. ઈરાનનો હુમલો ભીષણ અને અત્યંત વિનાશક હશે તેવા સંકેત મળ્યા છે

ઈઝરાયેલના હુમલામાં ઈરાનની સેનાના એક ટોચના કમાન્ડર સહિત ૧૩ના મોત થયા હતા અને તેથી ઈરાન સમસમી ગયું છે અને વળતો જવાબ આપવા તૈયારી કરી રહ્યું છે. આ અંગે જો બાઈડને આ હુમલો કેવો ભીષણ હશે તેવા પ્રશ્નના જવાબમાં કોઈ ગુપ્ત માહિતી જાહેર કરવાનો ઈન્કાર કરતા કહ્યું કે, આ હુમલાને રોકવા તેઓ ઈરાનને કહી રહ્યા છે પણ ઈરાન હવે વધુ રાહ જોશે નહી.

જો કે બીજી જ પળે તેઓએ કહ્યું કે અમો ઈઝરાયેલની રક્ષા માટે પ્રતિબદ્ધ છીએ અને ઈઝરાયેલને ટેકો આપશું અને ઈરાનને સફળ થવા દેશું નહી. ઈરાનના સંભવિત હુમલામાં ખાસ કરીને અમેરિકામાં મધ્યપુર્વમાં તેની એરડિફેન્સ સીસ્ટમને હાઈએલર્ટ પર મુકી છે અને ઈરાનના મિસાઈલ ડ્રોન જે ઈઝરાયેલ ભણી દાગવામાં આવશે તેને તોડી પાડવાના પણ આદેશ આપી દેવાયા છે તથા ઈઝરાયેલે પણ જાહેર કર્યુ છે કે જો અમારા પર સીધો હુમલો થશે તો અમો ઈરાનને તબાહ કરી દેશું.

આ સ્થિતિ વચ્ચે પશ્ચિમ એશિયામાં મોટા યુદ્ધની સ્થિતિથી ભારત પણ એલર્ટ થઈ ગયું છે અને સમુદ્રી માર્ગોમાં જ્યાં ભારતીય જહાજો પસાર થવાના છે અથવા હજુ માર્ગમાં છે તને પણ એલર્ટ કરીને સતત રડારમાં રહેવા સૂચના આપી છે. ઈરાન હુમલો કરે તો તેના સમર્થીત સીરીયા-યમનમાં આવેલા ઈઝરાયેલ વિરોધી સંગઠનો જે વારંવાર ઈઝરાયેલ પર મિસાઈલ રોકેટ-હુમલા કરી રહ્યા છે તેના પર પણ ઈઝરાયેલને નજર રાખવી પડશે અને તેથી યુદ્ધ વધુ વિસ્તરે તેવા સંકેત છે.

### જે ભારતીયો ઈરાન અથવા ઈઝરાયેલમાં રહે છે તેઓને દૂતાવાસનો સંપર્ક કરવા સૂચના

નવીદિલ્હી,

મધ્ય-પૂર્વની વર્તમાન પરિસ્થિતી જોતા ભારતના વિદેશ મંત્રાલયે ભારતીયો માટે ખાસ એડવાઈઝરી જાહેર કરી છે. જેમાં ભારતીયોને ઈરાન અને ઈઝરાયેલની યાત્રા ન કરવાની સૂચના આપવામાં આવી છે. વિદેશ મંત્રાલયે એમ પણ કહ્યું કે જે લોકો હાલમાં ઈરાન અથવા ઈઝરાયેલમાં રહે છે તેઓને ત્યાં ભારતીય દૂતાવાસનો સંપર્ક કરવા અને પોતાનું રજીસ્ટ્રેશન કરાવવા વિનંતી છે. તેઓને તેમની સલામતી અંગે ખૂબ કાળજી રાખવા અને તેમની પ્રવૃત્તિઓને ન્યૂનતમ સુધી મર્યાદિત કરવા વિનંતી કરવામાં આવે છે.ભારત પહેલા રશિયા અને જર્મનીએ પણ એક દિવસ પહેલા આવી એડવાઈઝરી જારી કરી હતી. ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે યુદ્ધના વધતા ખતરાઓ વચ્ચે રશિયા અને જર્મનીએ ૧૧ એપ્રિલે મધ્ય પૂર્વના દેશોને સંયમ રાખવાની અપીલ કરી હતી.

CMYK CMYK

સૌરાષ્ટ્ર આસપાસ

# ચૂંટણી પહેલા ૧૦ હજારથી વધુ ફરિયાદો મળી ૮૬.૮૨ કરોડની વસ્તુઓ ઓબ્ઝર્વર્સ દ્વારા જપ્ત

અમદાવાદ,

ગુજરાતમાં આવેલી લોકસભાની ૨૬ બેઠકો માટેની સામાન્ય ચૂંટણી તથા વિધાનસભાની ૫ બેઠકો માટેની પેટાચૂંટણી માટે આજથી ઉમેદવારીપત્રો ભરવાની શરૂઆત કરવામાં આવી છે. આ દરમિયાન ચૂંટણી પહેલા જ ગુજરાતમાંથી ૮૬.૮૨ કરોડની વસ્તુઓ જપ્ત કરવામાં આવી છે.

મુખ્ય નિર્વાચન અધિકારી પી. ભારતીએ જણાવ્યું હતું કે રાજ્યમાં ૨૭ જનરલ ઓબ્ઝર્વર, ૨૮ એક્સપેન્ડિચર ઓબ્ઝર્વર્સ અને ૧૪ પોલીસ ઓબ્ઝર્વરની નિમણૂક કરવામાં આવી છે. ચૂંટણી ખર્ચ દેખરેખ અને નિયંત્રણ માટે રાજ્યમાં કાર્યરત ૭૫૬ ફ્લાઈંગ સ્કવોર્ડ્સ દ્વારા અત્યાર સુધીમાં રૂપિયા ૬.૫૪




કરોડ રોકડ, રૂપિયા ૧૧.૭૩ કરોડની કિંમતનો ૩.૮૪ લાખ લીટર જેટલો દારૂ, રૂપિયા ૨૭.૬૨ કરોડની કિંમતનું ૪૫.૩૭ કિલો સોનું અને ચાંદી, રૂપિયા ૧.૭૩ કરોડની કિંમતના ૫૬૪.૪૯ કિલો પ્રતિબંધિત નશાકારક પદાર્થો તથા મોટરકાર, મોટર સાઈકલ, સીગારેટ, લાઈટર અને અખાદ્ય ગોળ સહિતની રૂપિયા ૩૯.૨૦ કરોડની અન્ય વસ્તુઓ મળી કુલ રૂપિયા ૮૬.૮૨ કરોડની વસ્તુઓ જપ્ત કરવામાં આવી છે.

રાજ્યના તમામ જિલ્લાઓમાં રાજકીય પક્ષોના પ્રતિનિધિઓની હાજરીમાં ઈવીએમના પ્રથમ રેન્ડમાઈઝેશનની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. જેમાં ઈફ્સ મશીનોની ફાળવણી જિલ્લા કક્ષાએથી એસેમ્બ્લી સેગ્મેન્ટ કક્ષાએ કરવામાં આવી છે. હરીફ ઉમેદવારોની યાદી આખરી થયા બાદ હરીફ ઉમેદવારો કે, તેમના પ્રતિનિધિઓ તથા ભારતના ચૂંટણી પંચ દ્વારા નીમવામાં આવેલ જનરલ ઓબ્ઝર્વરની હાજરીમાં ઈવીએમના બીજા રેન્ડમાઈઝેશનની કામગીરી હાથ ધરવામાં આવશે.

# જીટીયુની ૨૫મીથી પરીક્ષા શરૂ સ્ક્વોડની સંખ્યા ડબલ કરાઈ

## રાજ્યમાં ૫ ફ્લાઈંગ સ્ક્વોડ વધારીને ૧૦ કરાઈ

અમદાવાદ,

ગુજરાત ટેકનોલોજિકલ યુનિવર્સિટી (જીટીયુ)ની એપ્રિલ-મેમાં યોજાનારી પરીક્ષા દરમિયાન ગેરરીતિ ન થાય તે માટે સ્પેશિયલ મોનિટરિંગની કુલપતિ- રજીસ્ટ્રાર સાથેના સીધા સંકલનવાળી ફ્લાઈંગ સ્ક્વોડની સંખ્યા ડબલ કરી દેવાઈ છે. હાલની ૫ સ્ક્વોડમાં વધુ ૫ જેટલી ફ્લાઈંગ સ્કવોડ ઉમેરો કરી કુલ ૧૦ ફ્લાઈંગ સ્કવોડ તૈનાત કરવામાં આવી છે.

જીટીયુની સમર એક્ઝામ-૨૦૨૪નો ૨૫ એપ્રિલથી પ્રારંભ થશે. જે અંતર્ગત પ્રથમ તબક્કામાં ૨૫ એપ્રિલથી એમબીએ સેમેસ્ટર-૪ અને એમબીએ સેમેસ્ટર-૩ની પરીક્ષા શરૂ થશે. ત્યારબાદ તબક્કાવાર વિવિધ વિભાગોની પરીક્ષા લેવાશે. ૭૦ જેટલા પરીક્ષા કેન્દ્રોમાં અંદાજે ૨૦ હજાર વિદ્યાર્થીઓ આ પરીક્ષા આપવાના છે.

પરીક્ષા દરમિયાન અવ્યવસ્થા કે ગેરરીતિ ન થાય તે માટે પરીક્ષા વિભાગના સીધા જ સંકલનમાં રૂટિન સ્ક્વોડનું ગઠન કરાયું છે. ઉપરાંત સ્પેશિયલ સ્કવોડ પણ સ્ટેન્ડ ટુ મોડમાં તૈયાર રહેશે. અગાઉ કુલપતિ- રજીસ્ટ્રારના સીધા સંકલન સાથે પાંચ જેટલી ફ્લાઈંગ સ્કવોડ રખાતી હતી.

કોઈપણ વિદ્યાર્થી કે વાલી દ્વારા પરીક્ષા દરમિયાન કોઈપણ પ્રકારની અવ્યવસ્થાની ફરિયાદ કુલપતિ કે રજીસ્ટ્રારના કાર્યાલય પર કરી શકશે.

# સુરેન્દ્રનગરની જેલમાંથી ૬ મોબાઈલ મળતા ચકચાર

સુરેન્દ્રનગર,

સુરેન્દ્રનગરની જેલમાંથી મોબાઈલ મળતા ખળભળાટ મચ્યો છે. શહેરની સબજેલમાં ચેકિંગ દરમ્યાન ૬ મોબાઈલ મળતા ચકચાર મચી જવા પામી છે. સબજેલમાં અમદાવાદની ટીમ તપાસ કરી રહી હતી ત્યારે બેરેક પાસેની ગટરમાંથી મોબાઈલ મળી આવ્યા. ટીમે તમામ મોબાઈલ એફએસએલ માટે મોકલી આપ્યા છે.

સબજેલના બેરેક નંબર ૧ અને ૨ની પાછળની બાજુ આવેલ પ્રથમ ગટરની કુંડીમાંથી ૩ મોબાઈલ મળ્યા અને ત્યારપછી વધુ તપાસ કરતા બીજી કુંડીમાંથી વધુ ૩ મોબાઈલ મળ્યા. જેલમાં સજા ભોગવતા આરોપીઓની આ મોબાઈલ અંગે પૂછપરછ કરતા કોઈએ પણ કબૂલાત કરી નહી. મળી આવલે મોબાઈલ કુંડીના પાણીમાં ગરકાવ થતા બંધ હાલતમાં છે. આ મામલે સીટી એ ડિવીઝન પોલીસે ફરિયાદ નોંધાવતા વધુ તપાસ હાથ ધરાઈ છે. જેલમાં આરોપીઓ માટે મોબાઈલ પર પ્રતિબંધ હોવા છતાં ૬ મોબાઈલ મળી આવતા જેલના કર્મચારીઓની પણ સંડોવણી હોવાની શંકા ઉદભવી રહી છે.

# સુરતમાં જીજા-સાળીએ પાલિકામાં નોકરીના નામે અનેકને લૂંટી લીધા

## વિશ્વાસ અપાવવા ગૌણ સેવા પસંદગી મંડળ સહિતના ડુપ્લિકેટ ડોક્યુમેન્ટ બનાવ્યા !

સુરત

રીંગ રોડ પર જ્વેલર્સના વેપારી સાથે રૂપિયા ૧૨ લાખથી વધુની ઠગાઈ કરનાર નકલી નાયબ કલેક્ટર મહિલાને પોલીસે ઝડપી પાડ્યા બાદ એક પછી એક અનેક ઠગાઈના કિસ્સાઓ સામે આવી રહ્યા છે. ડુપ્લિકેટ નાયબ કલેક્ટર સામે અને તેના મળતીયા સામે વધુ એક છેતરપિંડીની પોલીસ ફરિયાદ નોંધાઈ છે. જેમાં તેઓએ લોકોને સુરત મહાનગરપાલિકામાં નોકરી અપાવવાના બહાને જીજા-સાળી પાસેથી રૂપિયા ૧.૪૦ લાખ પડાવી લીધા હતા.

સુરતના રીંગ રોડ પર આવેલા ચામુંડા જ્વેલર્સના વેપારી સાથે રૂપિયા ૧૨ લાખની છેતરપિંડી કરનાર ડુપ્લિકેટ નાયબ કલેક્ટર હેતલ કુમારી સંજયભાઈ પટેલને પોલીસે ઝડપી પાડી હતી. જેની ધરપકડ બાદ પોલીસે તપાસ કરતા એક પછી એક કાંડ ખુલી રહ્યા છે. સુરત શહેરમાં અલગ અલગ લોકોને અલગ અલગ રીતે ઠગ્યા હોવાનું સામે આવી રહ્યું છે.

સલાબતપુરા રૂસ્તમપુરામાં પોલીસ ચોકી પાસે અકબર શહીદનો ટેકરો પાસે રહેતા અહેમદ ખાન પઠાણે પણ હેતલ કુમારી અને તેની સાથેના ઈસમ સામે છેતરપિંડીની પોલીસ ફરિયાદ નોંધાવી છે. જેમાં તેઓએ જણાવ્યું હતું કે, ડેપ્યુટી કલેક્ટર તરીકે ઓળખ આપનાર હેતલકુમારીએ તેઓને સુરત મહાનગર પાલીકાના અલગ અલગ વિભાગમાં નોકરી અપાવીશ તેમ કહી તેમની પાસેથી તથા તેઓની સાળી જાકેરાબીબીને સુપરવાઈઝર અને પટાવાળાની નોકરી અપાવવાના બહાને બંને પાસેથી ૭૦-૭૦ હજાર મળી કુલ રૂપિયા ૧.૪૦ લાખ પડાવ્યા હતા.

# કેનેડામાં રોડ ક્રોસ કરી રહેલા એક ગુજરાતી યુવકનું ટ્રકની ટક્કરે મોત

અમદાવાદ

કેનેડામાં વધુ એક ગુજરાતીનું માર્ગ અકસ્માતમાં મોત થયાનું સામે આવ્યું છે. વિગતો મુજબ દહેગામના શિયાવાડા ગામનો વિદ્યાર્થી બન્યો કેનેડામાં અકસ્માતનો ભોગ બન્યો છે. રોડ ક્રોસ કરતા સમયે ટ્રકે ટક્કર મારતાં ઘટનાસ્થળે વિદ્યાર્થીનું મોત થયું હતું. ઘટનાને લઈ મૃતકના પરિવારજનોમાં ઘેરા શોકની લાગણી વ્યાપી ગઈ છે.

દહેગામના શિયાવાડા ગામનો મિત નામનો વિદ્યાર્થી ૯ મહિના પહેલા કેનેડા ગયો હતો. જોકે હવે કેનેડાથી એકના એક પુત્રના મોતના સમાચાર



આવતા પરિવાર ઘેરા આઘાતમાં સરી પડ્યો છે. વિગતો મુજબ શિયાવાડા ગામના મિત નામના વિદ્યાર્થીને રોડ ક્રોસ કરતા સમય એક ટ્રકે ટક્કર મારી હતી.

# સોના ચાંદીનો માલ મગાવી ત્રણ કરોડની છેતરપીંડી

## ઉદેપુરના વેપારીઓ સામે ફરિયાદ નોંધવામાં આવી

અમદાવાદ

માણેકચોકના સોના ચાંદીના વેપારી છેતરાયા હોવાની ઘટના સામે આવી છે. મળી રહેલી માહિતી અનુસાર, તાજેતરમાં અમદાવાદના માણેકચોક વિસ્તારમાં સોના ચાંદીનો માલ માંગવી ઉદેપુરના વેપારીઓએ કરી છેતરપીડી આચરી છે. માહિતી અનુશાર આ વેપારીઓએ ૩ કરોડનું સોનું ચાંદી મંગાવી છેતરપીડી કરી છે. અમદાવાદ ક્રાઈમબ્રાન્ચે ૩ આરોપી સામે ગુનો નોધ્યો. તેમજ હિતેશ રાવ, પુષ્પપેન્દ્રસિંહ રાવ અને કાળીદાસ સામે ફરિયાદ પણ નોંધવામાં આવી છે.

# જવલ્લે જોવા મળતું સફેદ બુલબુલ વ્યારામાં દેખાયું

## આલ્બિનો કે લ્યુસિસ્ટીક પક્ષી ત્રીસ હજારે એક જ જોવા મળે છે એવો પક્ષીવિદોનો અંદાજ છે

વ્યારા

વ્યારામાં રહેતાં એક પક્ષી પ્રેમી દંપતી એ જવલ્લે જ જોવા મળતું સફેદ કલરનું બુલ બુલ પક્ષીને કેમેરામાં કેદ કરી લીધું હતું.વ્યારા માં રહેતા પક્ષી પ્રેમી એવાં કશ્યપ જરીવાલા અને ડૉ.નેહા જરીવાલા વ્યારામાં અને એની આસપાસના વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી જુદા જુદા પક્ષીઓની ફોટોગ્રાફી કરે છે. એ રીતે ગુરુવારના દિવસે પણ તેઓ વ્યારા શહેરમાં ફોટોગ્રાફી કરવા નીકળ્યા હતા. આ સમયે એમને એક વૃક્ષ પર એક અલગ પ્રકારનું બુલબુલ જોવા મળ્યું હતું. સામાન્ય રીતે બુલબુલનો રંગ ઘેરો બ્રાઉન હોય છે પરંતુ કુદરતી રંગ ની ઉણપ ધરાવતી આ બુલબુલ નો રંગ સફેદ હતો અને જેનું નામ લ્યુસિસ્ટિક રેડ વેન્ટેડ બુલબુલ છે.

જવલ્લે જ જોવા મળતી આ સફેદ બુલબુલ તાપી જિલ્લામાં પ્રથમ વખત જોવા મળી છે જે એક રેકોર્ડ પણ કહી શકાય. જોવા મળેલું આલ્બિનો કે લ્યુસિસ્ટીક પક્ષી ત્રીસ હજારે એક જ જોવા મળે છે એવો પક્ષી વિદોનો અંદાજ છે.

# મહિલા સંમેલન દરમિયાન કોર્પોરેશનનો ટ્રક અથડાતા દિવાલ ધરાશાયી ૭થી વધુ ઈજાગ્રસ્ત

અમદાવાદ

લોકસભાની ચૂંટણીને લઈ લોકસભાનાં ઉમેદવારો દ્વારા હાલ બેઠકોનો દોર ચાલી રહ્યો છે. ત્યારે પશ્ચિમ લોકસભા બેઠકનાં ભાજપનાં ઉમેદવાર દિનેશ મકવાણાનાં સમર્થનમાં કાંકરિયા પિકનિક હાઉસ ખાતે ભાજપની બેઠક મળી હતી. બેઠક ચાલી રહી હતી તે દરમ્યાન કોર્પોરેશનું ન્યુસન્સ ટેન્કર બહાર નીકળી રહ્યું હતું. જે ટેન્કર પિકનિક હાઉસની દિવાલને અથડાતા દિવાલ ધડાકા સાથે મહિલાઓ પર પડી હતી. દિવાલ ધરાશાયી થતા ૭ થી વધુ મહિલાઓ ઈજાગ્રસ્ત થઈ હતી. ઈજાગ્રસ્ત તમામ મહિલાઓને એલજી હોસ્પિટલ સારવાર અર્થે ખસેડવામાં આવી હતી. આ સમગ્ર બાબતે શહેર ભાજપ મહામંત્રીએ જણાવ્યું હતું કે, મહિલા કાર્યકર્તાઓનું સંમેલન યોજાયું હતું જે સંમેલન પૂર્ણ થયા બાદ મહિલાઓ ફૂટપાથ પર બસની રાહ જોઈ રહી હતી. તે દરમ્યાન કાંકરિયા પિકનિક હાઉસની બાજુમાં આવેલા મ્યુનિસિપલ કોર્પોરેશનનાં ન્યુસન્સ ટેન્કરનું વાહન ત્યાંથી પસાર થતું હતુ. જે અચાનક દીવાલ સાથે અથડાયું હતું.

# ગેનીબેને જાહેરસભામાં જ કહ્યું હતું કે મારો ચૂંટણીખર્ચ તો લોકોએ જ ઉપાડી લીધો છે

બનાસકાંઠા

બનાસકાંઠા બેઠક પર ભાજપ અને કોંગ્રેસે મહિલા ઉમેદવારોને મેદાને ઉતાર્યા છે. બંને ઉમેદવારો હાલ લોકોની વચ્ચે જઈને પ્રચાર કરી રહ્યાં છે. કોંગ્રેસનાં ઉમેદવાર ગેનીબેન ઠાકોરને પ્રચાર દરમિયાન લોકો નાણાકીય મદદ કરતા પણ જોવા મળી રહ્યા છે. ખડોસણમાં યોજાયેલી એક સભા દરમિયાન એક મહિલા દ્વારા ગેનીબેનને ૫૧ હજાર રૂપિયાની મદદ કરવામાં આવી હતી.ગેનીબેને જાહેરસભામાં જ કહ્યું હતું કે મારો ચૂંટણીખર્ચ તો લોકોએ જ ઉપાડી લીધો છે. પ્રચારનો એક દિવસ એવો નથી ગયો કે લાખ-દોઢ લાખ રૂપિયાનો ફાળો ન થયો હોય. ગેનીબેન દ્વારા રોકડની સાથે સાથે ઓનલાઈન મદદ પણ મેળવવામાં આવી રહી છે.

# ભુજમાં તૂફાન પુલ સાથે અથડાતા ત્રણના મોત

ભુજ,

ગુજરાતમાં પ્રાણઘાતક અકસ્માતો અને બેફામ ગતિની જાણે નવાઈ જ રહી નથી. ભુજના પદ્ધર પાસે ગમખ્વાર અકસ્માત સર્જાતા ત્રણના મોત નીપજ્યા હતા. મુસાફરોથી ભરેલી તૂફાન પુલ સાથે અથડાઈને પલ્ટી ખાઈ જતા ત્રણના મોત સર્જ્યા હતા. આમ ભુજમાં પણ અકસ્માતની ઘટનાઓ જવલ્લે જ બનતી હતી તે હવે દૈનિક ધોરણે થવા માંડી છે.

શુક્રવારે વહેલી સવારે અકસ્માત સર્જાયો હતો. વહેલી સવારના પગલે ડ્રાઈવરને ડિવાઈડર જ દેખાયું ન હોવાનું માનવામાં આવે છે, તેના લીધે ગાડી રીતસરની ડીવાઈડરને ટકરાઈ હતી અને પલ્ટી ખાઈ ગઈ હતી. આ અકસ્માતમાં પાંચથી વધુ લોકો ઈજા પામ્યા હતા અને ઈજાગ્રસ્તોને જી.કે. જનરલ હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા. ઈજાગ્રસ્તોમાં અમુકની હાલત ગંભીર છે. અકસ્માતના પગલે સ્થાનિકો તરત જ દોડી આવ્યા હતા. તેઓએ ગાડીમાં ફસાયેલા લોકોને બહાર કાઢ્યા હતા અને તાત્કાલિક ૧૦૮ને બોલાવવામાં આવી હતી. તેની સાથે કેટલાયને તો અકસ્માતના સ્થળે જ સારવાર આપવામાં આવી હતી.

# ગુજરાત સરકાર દ્વારા નાણાં ન ચૂકવાય તો રાજસ્થાન સરકાર પાણી બંધ કરશે

ગાંધીનગર,

ગુજરાત અને રાજસ્થાન વચ્ચે પાણી માટે વિખવાદ હવે ચરમસીમાએ પહોંચ્યો છે. જળ માટે વસૂલી ની શરૂઆત થઈ બજાજ સાગર ડેમ કડાણા ડેમ પાસે બાકી નીકળતા પૈસા માંગ્યા છે. જો ગુજરાત સરકાર દ્વારા નાણાં ન ચૂકવતા રાજસ્થાન સરકાર પાણી બંધ કરશે. કડાણા ડેમની ઉપર આવેલ બાસવાડા ડેમમાંથી પાણી બંધ કરવાની ચીમકી આપવામાં આવી છે. ત્યારે રાજ્યમાં પૈસા માટે પાણી રોકાય તેવી શકયતા દેખાઈ રહી છે.

પાણી મુદ્દે ગુજરાત અને રાજસ્થાન વચ્ચે



ટકરાવ ચાલી રહ્યો છે. જેમાં રાજસ્થાનથી ગુજરાત આવનારા પાણીને રોકવાની ચેતવણી આપવામાં આવી છે. ગુજરાત સરકારે ૩૧ કરોડ રૂપિયા રાજસ્થાન સરકારને આપવાના બાકી છે. રાજસ્થાનના ચીફ એન્જિનિયરનો દાવો છે કે ૩૧ કરોડ રૂપિયાનું પેમેન્ટ બાકી છે. તેથી ગમે ત્યારે રાજસ્થાન સરકાર ગુજરાતને પાણી ન આપવાનો નિર્ણય કરી શકે છે.

કડાણા સિંચાઈ વિભાગનો દાવો છે કે કોન્ટ્રાક્ટેડ પાણી મળતું નથી. જેમાં બાસવાડા ડેમમાંથી કડાણા ડેમમાં પાણી આવવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ત્યારે મહીસાગરમાં પાણીને લઈને યુદ્ધ શરૂ થયું છે. ગુજરાત અને રાજસ્થાન વચ્ચે પાણીનો વિવાદ ચાલી રહ્યો છે. પાણી માટેનું વિશ્વ યુદ્ધ થશે ખરું..???

# જૂનાગઢમાં મંગેતરે આપઘાત કરતાં યુવતીએ પણ આત્મહત્યા કરી લીધી

જૂનાગઢ,

જૂનાગઢમાં ખૂબ જ દુઃખદ ઘટના સામે આવી છે. મંગેતરે આત્મહત્યા કરતાં યુવતીએ ઝેરી દવા પીને આત્મહત્યા કરી હતી. જૂનાગઢના બિલખા રોડ પરની ઘટના બની હતી. તેના લીધે બંને કુટુંબ અને સમાજમાં ઘેરા શોકની લાગણી પ્રવર્તી રહી છે. બંને કુટુંબો ઘેરા શોકમાં ડૂબી ગયા છે.

જૂનાગઢ પોલીસે આત્મહત્યાનો ગુનો નોંધી તેની પાછળના કારણો શોધવા તપાસ આદરી છે. પહેલા તો મંગેતરે જ શા માટે આત્મહત્યા કરી લીધી તે વાત જ રહસ્યમયી છે. તેણે તેની ભાવિ વાગ્દત્તા સાથે કોઈ મુદ્દે ઝગડાના લીધે આત્મહત્યા કરી છે અથવા તો તેનું કોઈ બીજા સ્થળે પ્રેમપ્રકરણ ચાલતું હોય અને ત્યાં લગ્ન ન થઈ શકવાના હોય તેના લીધે આત્મહત્યા કરી છે. તે તપાસી રહી છે. આ સિવાય તેણે તેની ભાવિ પત્નીના કોઈ પ્રેમપ્રકરણના કારણે આત્મહત્યા કરી છે કે તેના પ્રેમી તરફથી કોઈ ધમકી તેને મળી છે તેની સંભાવના પર પણ પોલીસ તપાસ કરી રહી છે. યુવતીના આત્મહત્યાનું પહેલું કારણ તો તેના મંગેતરે આત્મહત્યા કરી તે સામે આવી રહ્યું છે. આમ છતાં પોલીસ તેમા બીજા પાસાઓ પર પણ ચકાસણી કરી રહી છે.

# કોર્ટ કેસ વિના પણ પક્ષકારોને મળશે ન્યાય કાયમી પ્રિ-લિટિગેશન લોક અદાલત સ્થપાશે

અમદાવાદ,

કૌટુંબિક વિખવાદો ખાસ કરીને લગ્ન જીવનની તકરારોના નિરાકરણ માટે એક ઐતિહાસિક અને અભૂતપૂર્વ પહેલના ભાગરૂપે ગુજરાત હાઈકોર્ટ અને ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા રાજયમાં કાયમી પ્રિ-લીટીગેશન લોક અદાલતની સ્થાપનાનું આયોજન કરાયું છે. આ કાયમી પ્રિ-લીટીગેશન લોક અદાલત એક પ્લેટફોર્મ તરીકે કામ કરશે, જેમાં દંપતિઓની વૈવાહિક તકરાર અને લગ્નજીવનના ઝઘડા સહિતના કૌટુંબિક વિવાદના કેસોમાં સંવાદ અને મધ્યસ્થી દ્વારા સમસ્યાનું સુખદ નિરાકરણ લાવવાનો પ્રયાસ



કરાશે. લાંબી કાયદાકીય આંટીઘૂંટી અને કાનૂની કાર્યવાહીમાં ફસાયા વિના કે કોઈપણ ડર કે ચિંતા વિના પક્ષકારોને ન્યાય મળી શકશે.

પ્રિ-લીટીગેશન લોક અદાલતના હુકમનું વજન પણ કોઇ કોર્ટ દ્વારા અપાયેલ ચુકાદા જેટલું જ મજબૂત અને અધિકૃત હશે. ગુજરાત રાજયમાં કોર્ટોમાં દાખલ થતાં કેસોમાં મહ્દઅંશે લગ્ન જીવનની તકરારોના કેસો વધુ હોય છે, તેથી ગુજરાત હાઈકોર્ટની આ ઐતિહાસિક પહેલને પગલે હવે પતિ-પત્ની અને તેમના પરિવારજનોને કાનૂની પ્રક્રિયામાં અટવાયા વિના વાતચીત, મીડિએશન અને કાઉન્સેલીંગના માધ્યમથી જ સમસ્યાનો ઉકેલ મળશે, જે બહુ મોટી વાત કહી શકાય.

ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસ અને ગુજરાત રાજય કાનૂની સેવા સમિતિના પેટ્રન ઈન ચીફ સુનિતા અગ્રવાલના માર્ગદર્શન હેઠળ ગુજરાત રાજયના આ કાયમી પ્રિ-લીટીગેશન લોક અદાલતના પ્રોજેકટને આખરી ઓપ અપાઇ રહ્યો છે અને ગણતરીના દિવસોમાં તમામ ઔપચારિકતાઓ પૂર્ણ કર્યા બાદ તેની અમલવારી કરવામાં આવશે. લગ્ન જીવનના ઝઘડા અને વૈવાહિક તકરારોને લઇ મેજિસ્ટ્રેટ કોર્ટથી લઇ સેશન્સ કોર્ટ અને સેશન્સ કોર્ટથી લઇ હાઇકોર્ટ અને છેક સુપ્રીમકોર્ટ સુધી જુદી જુદી અરજીઓ અને અનેક લીટીગેશન્સ થતા હોય છે, જેમાં પતિ-પત્ની, તેમના સંતાનો, પરિવારજનો સહિતના લોકો લાંબી કાનૂની લડત અને આંટીઘૂંટીઓમાં અટવાતા હોય છે અને વર્ષો સુધી માનસિક, શારીરીક અને આર્થિક હાલાકીનો ભોગ બનતા હોય છે.

# શંકર ચૌધરી સામે ચૂંટણી પંચમાં ફરિયાદ ભાજપ ઉમેદવારની તરફેણમાં પ્રચાર કર્યો

ગાંધીનગર,

ગુજરાત વિધાનાસભાના અધ્યક્ષ શંકર ચૌધરી સામે ગુજરાત કોંગ્રેસ પ્રવક્તા મનિષ દોશીએ ચુટંણી પંચમાં ફરિયાદ કરી છે. કોંગ્રેસ દ્વારા ચુંટણી સંદર્ભે શંકર ચૌધરી દ્વારા આદર્શ આચાર સંહિતા ભંગની ફરિયાદ કરવામાં આવી છે. વિધાનસભાના અધ્યક્ષ હોવા છતાં શંકર ચૌધરીએ ભાજપાના ઉમેદવારની તરફેણમાં સભા કરી હતી. તેમણે બનાસકાંઠાના ભાજપાના ઉમેદવાર માટે પ્રચાર કર્યો હતો. વિધાનસભાના અધ્યક્ષ રાજકીય



પ્રચાર કરી શક્તા નથી. અધ્યક્ષ નિયુક્ત થયાની સાથે જ તેઓ કોઇ રાજકીય પક્ષના સભ્ય રહેતા નથી. તેથી વીડિયો પુરાવાને આધારે કોંગ્રેસ પ્રવક્તાએ ફરીયાદ કરી છે. સંસદીય પ્રણાલીઓ મુજબ વિધાનસભાના અધ્યક્ષ કોઇ પક્ષના ના હોઈ શકે. અધ્યક્ષ બન્યા બાદ પક્ષ સાથે જોડાયેલા નથી હોતા. શંકર ચૌધરીએ પણ અધ્યક્ષ બન્યા બાદ ભાજપમાંથી રાજીનામુ આપ્યું હતું. ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીએ આદર્શ આચારસંહિતાનો તથા સંસદીય પ્રણાલીઓ અને કાર્યરિતી ભાગ-૧ પ્રકરણ-૯, નો ભંગ કરેલ છે તે અંગે તાત્કાલીક પગલા ભરવા ભારતીય ચૂંટણી પંચને વીડીયો પુરાવા સાથે ફરીયાદ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ માંગ કરી છે.

# જામનગરના ગુરુદ્વારામાં વૈશાખી પર્વની ઉજવણીમાં શીખ-સિંધી સમાજના ભાઈઓ-બહેનો સંખ્યામાં જોડાયા


તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગરમાં ગુરુદ્વારા ખાતે વૈશાખી પર્વની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શીખ, સિંધી સમાજના ભાઈઓ-બહેનો અને મોટી સંખ્યામાં ધર્મપ્રેમીઓ જોડાયા હતા.

જામનગરના ગુરુદ્વારા ગુરુ સિંઘ સભામાં વૈશાખી પર્વની હર્ષો ઉલ્લાસથી ઉજવણી થઈ હતી. જે અંતર્ગત આજે ગુરુદ્વારામાં સવારે ૧૦.૩૦ વાગે સેહજ પાઠ સાહેબની સમાપ્તિ કરાઈ હતી. અને ત્યારબાદ રાજસ્થાનના ગંગાનગરના પ્રખ્યાત જ્ઞાની દિલીપસિંઘજી દ્વારા ભક્તો માટે કથાનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્યાર પછી શબ્દ કીર્તનનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં મોટી સંખ્યામાં ભક્તોએ ગુરુગ્રંથ સાહેબને પ્રાર્થના કરી માથું ટેકવી ધન્યતા અનુભવી હતી. પંજાબના આનંદપુર સાહેબ દ્વારા આજના દિવસે ખાલસા પંથની સ્થાપના થઈ હતી, અને આજે વૈશાખીના દિવસથી પંજાબના ખેડૂત પોતાના ખેતરોમાં (ઘઉં ની ફસલ કાપવામાં) ઘઉં લણવાની શરૂઆત કરવામાં આવે છે, અને ખેડૂત ભગવાન પાસે પ્રાર્થના કરે છે. કે દેશના ખેડૂતનું આ વર્ષ ખુબ જ સારું જાય, વૈશાખી પર્વમાં ગુરુદ્વારામાં શબ્દ કીર્તન, અને કથાનું આયોજન કરવામાં આવ્યુ હતું. ત્યારબાદ ગુરુકા લંગર' પ્રસાદીનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં હજારોની સંખ્યામાં લોકોએ દર્શન કર્યા હતા, અને જામનગરમાં ગુરુદ્વારામાં આ પર્વની ધામધૂમ પૂર્વક ઉજવણી કરવામાં આવી હતી.

# જામનગરમાં નવાનગર નેચર કલબ સંસ્થા દ્વારા કોલેજીયન વિદ્યાર્થીઓ સાથે હેરિટેજ વોકનું આયોજન

## શહેરમાં મહાનુભાવોની પ્રતિમાની સાફ-સફાઈ કરી ફુલહાર સાથે વંદન કરાશે

જામનગર : જામનગરની સંસ્થા નવાનગર નેચર કલબ દ્વારા જામનગરની વિદ્યાસાગર ઈન્ફોટેક કોલેજનાં વિદ્યાર્થીઓ સાથે આવતી કાલે રવિવારે જામનગર શહેરમાં હેરિટેજ વોકનું આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં શહેરમાં વિવિધ સ્થળો પર મૂકવામાં આવેલી ભારત દેશનાં ગૌરવશાળી મહાનુભાવોની પ્રતિમાની સાફસફાઈ તથા ફૂલહાર થકી વંદન સાથે તેઓનાં અપ્રતિમ યોગદાનને વિનીત ભાવે નમન કરવામાં આવશે.

ત્યારબાદ જે તે સ્થળ પર જે મહાનુભાવની પ્રતિમા હશે તે વ્યક્તિવિશેષે આપણાં રાષ્ટ્ર તેમજ ભારતીય સંસ્કૃતિને આપેલાં યોગદાન વિશે શહેરનાં જાણીતા બુદ્ધિજીવીઓ પોતાનાં વક્તવ્ય દ્વારા લોકો સમક્ષ સામાન્યથી વિશેષ એવી માહિતી ઉજાગર કરશે. આ કાર્યક્રમમાં શહેરનાં રાજકીય-સામાજિક આગેવાનો તથા પ્રતિષ્ઠિત નાગરિકો ખાસ ઉપસ્થિત રહેશે. જામનગર શહેરનાં કલારસિકો, અમૂલ્ય વારસાનું ગૌરવ ધરાવતાં જાગૃત નાગરિકો, પ્રકૃતિપ્રેમીઓને આ નવતર કાર્યક્રમમાં જોડાવા માટે આયોજક સંસ્થા દ્વારા જાહેર અનુરોધ કરાયો છે.

કાર્યક્રમની રૂપરેખા મુજબ સૌ પ્રથમ આવતીકાલે તારીખ ૧૪ એપ્રિલના સવારે ૭.૩૦ થી ૮.૩૦ દરમિયાન ડી કેવી સર્કલ પાસે આવેલી સ્વામી વિવેકાનંદની પ્રતિમા પાસે કાર્યક્રમ યોજાશે, ત્યારબાદ વસવારે ૮.૪૫ થી ૯.૪૫ વાગ્યે ક્રિકેટ બંગલા પાસે આવેલી શ્રી મહારાણા પ્રતાપની પ્રતિમા પાસે કાર્યક્રમ યોજાશે. ત્યારબાદ સવારે ૧૦ થી ૧૧ દરમિયાન રણજીતનગર વિસ્તાર માં આવેલી શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ પ્રતિમા પાસે કાર્યક્રમ યોજાશે. ત્યારબાદ ૧૧.૧૫ થી ૧૨.૧૫ દરમિયાન રણમલજી (લાખોટા) તળાવ ખાતે શ્રી જામ દિગ્વિજયસિંહજી પ્રતિમા પાસે કાર્યક્રમ યોજાશે. તેમજ બપોરે ૧૨.૩૦ થી ૧.૩૦ દરમિયાન હવાઈ ચોક વિસ્તારમાં આવેલી શહીદ ભગતસિંહજીની પ્રતિમા પાસે અંતિમ કાર્યક્રમ યોજાશે. જેમાં સર્વે નગરજનો એ જોડાવા અનુરોધ કરાયો છે.

## શિવ એજ્યુ. એન્ડ ચેરી. ટ્રસ્ટ દ્વારા પદયાત્રીઓ માટે સેવા કેમ્પ

જામનગર : સ્વર્ગવાસ કિશોરભાઈ ભીમજીભાઈ રાઠોડ (કિશોર ટ્રેડર્સ) સ્મરણથે તા.૧૩.૨.૨૪ આવતી કાલે દર વર્ષની જેમ આ વખતે જામનગર થી માટેલ જતા પદયાત્રીઓ માટે ઠંડા—પીણાનો સેવા કેમ્પ નાગનાથ ગેટ ચોકડી પાસે વિકટોરીયા પુલ મેઈન રોડ કોટક મેડિકલ ની બાજુમાં સમય બપોરે ૩.૦૦ કલાકેનું સેવા કેમ્પ નું ભવ્ય આયોજન કરેલ છે તો સર્વે પદયાત્રીઓ તેમજ ધર્મ પ્રેમી જનતાને આ કેમ્પ નો લાભ લેવા હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવે છે. આ તકે ટ્રસ્ટના પ્રમુખ સાગર કિશોરભાઈ રાઠોડ ની યાદી જણાવે છે.

# જામનગરમાં કેટલાક વિસ્તારોમાં ગેસની પાઈપ લાઈનમાં સપ્લાય બંધ થતાં ગૃહિણીઓમાં દોડધામ થઈ ગઈ


તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર શહેરમાં ગઈકાલે કેટલાક વિસ્તારોમાં પાઈપલાઈન મારફત આપવામાં આવતા રાંધણ ગેસની સપ્લાય અચાનક બંધ થઈ જતાં મહિલાઓ પરેશાનીમાં મુકાઈ ગઇ હતી. અને ભારે દીકરો બોલી ગયો હતો. જોકે બપોર બાદ ફરીથી ગેસ પુરવઠો શરૂ થઈ જતાં હાશકારો અનુભવાયો હતો.

જામનગર લીમડા લેન, સરૂ સેકશન રોડ, લાલવાડી વિસ્તાર વગેરે વિસ્તારોમાં ગઈકાલે બપોરેના સમયે જે લોકો ગુજરાત ગેસ દ્વારા પાઈપલાઈન મારફતે રાંધણ ગેસનું જોડાણ ધરાવે છે, તેમના ઘરે ગેસ સપ્લાય બંધ થઈ ગઈ હતી. રસોઈના કામકાજ સમયે જ બપોરે રાંધણગેસની સપ્લાય બંધ થઈ જવાથી ખાસ કરીને ગૃહિણીઓ મુસીબતમાં મુકાઈ ગઈ હતી અને બપોર દરમિયાન ભારે દેકારો બોલી ગયો હતો.

જામનગરમાં આમ કોઈપણ જાતની આગોતરી જાણ કર્યા વગર અચાનક ગેસ સપ્લાય બંધ થઈ જવાથી અનેક લોકો મૂંઝવણ માં મુકાયા હતા. જેથી કંપનીની સ્થાનિક ઓફિસ અને જવાબદારોને ફોન કરવા છતાં કોઈ સંતોષકારક જવાબ મળ્યા ન હતાં.

જો કે, એક અધિકારીએ અંતે જણાવ્યું હતું કે સાત રસ્તા પાસે ગેસની પાઈપલાઈનમાં મરામતનું કામકાજ ચાલુ હોવાથી પુરવઠો બંધ કરી દેવાયો હતો અને રીપેરીંગ કામ પૂર્ણ થયે બપોર બાદ સપ્લાય ચાલુ કરી દેવાયો હોવાથી હાશકારો અનુભવાયો છે.

# જામનગરમાં મોબાઈલ ફોનની આઇડીમાં આઈપીએલ મેચમાં સટ્ટો રમતા શખ્સ પકડાયો

## મહાપ્રભુજીની બેઠક પાસે ગંજીપાનાનો જુગાર રમતા ચાર શખ્સોની અટકાયત

જામનગર : જામનગર શહેરમાં મુંબઈથી આવેલા એક વેપારી પોતાના મોબાઈલ ફોનની આઈડીમાં ક્રિકેટનો સટ્ટો રમતો હતો. જેને ઝડપી લેવાયો હતો. જ્યારે શહેરના મહાપ્રભુજીની બેઠક વિસ્તારમાં જાહેરમાં ગંજીપાના વડે જુગાર રમી રહેલા ૪ પત્તાપ્રેમીઓની પોલીસે અટકાયત કરી છે.

મૂળ જામનગરના વતની અને હાલ મુંબઈમાં સ્થાયી થયેલા સનીભાઈ ભરતભાઈ વશિયર નામના વેપારી જામનગરમાં ટીંબાફળી ચોકમાં જાહેરમાં ઊભા રહીને પોતાના મોબાઈલ ફોનની આઈ.ડી. માં આઈપીએલની ક્રિકેટ મેચ પર હારજીતના સોદા કરી જુગાર રમતાં મળી આવ્યા હતા. સિટી એ. ડિવિઝનના પોલીસ સ્ટાફે તેની અટકાયત કરી લઈ તેના કબજામાંથી રૂપિયા ૨૧૦ ની રોકડ રકમ અને મોબાઈલ ફોન સહિત રૂપિયા ૧૫,૨૧૦ ની માલમતા કબજે કરી છે.

આ ઉપરાંત જામનગરમાં મહાપ્રભુજીની બેઠક પાસે રવિ જ્યોત સોસાયટી વિસ્તારમાં પાડવામાં આવ્યો હતો. જયાંથી જાહેરમાં ગંજી પાના વડે જુગાર રમી રહેલા નથુભાઈ બહાદુરભાઇ કાપડી, મુસાભાઇ હુસેનભાઇ કુરેશી, દુદાભાઈ ઈશાભાઈ પરમાર અને ગુલાબભાઈ નથુભાઈ પરમારની અટકાયત કરી લઇ તેઓ પાસેથી રૂપિયા ૯૨૦ ની રોકડ રકમ અને જુગારનું સાહિત્ય કબજે કર્યું છે.

# જામનગરમાં અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દ્વારા ૧૨ પાસ બેચલર્સના એડમિશન માટે સેમિનાર યોજાયો



તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : ગુજરાત સરકાર દ્વારા શરૂ કરાયેલા ગુજરાત કોમન એડમિશન સર્વિસીસ પોર્ટલ દ્વારા ધોરણ ૧૨ પાસ બેચલર્સને એડમિશન માટે અથવા બેચલર પૂરું કરી માસ્ટર્સના એડમિશન માટે જી.સી.એ.એસ. રજીસ્ટ્રેશન કરવાનું હોવાથી વધારે વિદ્યાર્થીઓને માહિતી ના હોવાના કારણે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દ્વારા સમગ્ર ગુજરાત પ્રદેશમાં હેલ્પ ડેસ્કનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં અખિલ ભારતીય પરિષદ- જામનગરના કાર્યકર્તાઓ દ્વારા ડી.કે.વી. સર્કલ પાસે સવારે ૧૦:૩૦ વાગ્યા થી ૧૨ વાગ્યા સુધી ૬ દિવસ માટે હેલ્પ ડેસ્કનો શુભારંભ કરવામાં આવ્યો છે. જેમાં વિવિધ પ્રકારની ફેકલ્ટીના વિદ્યાર્થીઓનું રજીસ્ટ્રેશન કરવામાં આવ્યું છે.

# જામનગરના નગરજનો પાસેથી જામ્યુકોએ રૂ.૧૨૧ કરોડનો પાણી ચાર્જ વસુલવાનો બાકી

જામનગર : જામનગરના નળ વાટે પાણી મેળવતા આસામીઓ પાસેથી મહાનગર પાલિકાને રૂ. ૧૨૧ કરોડથી વધુ રકમની વસુલાત કરવાની બાકી રહી છે. લોકો પાણીનો ઉપયોગ, વપરાશ કરે છે પરંતુ પાણી ચાર્જની ચુકવણી કરતા નથી પરિણામે મહાનગરપાલિકાનું કરોડોનું લેણું બાકી નીકળે છે.

જામનગર મહાનગર-પાલિકા દ્વારા ઘરે-ઘરે નળવાટે એકાંતરા નિયમિત પાણી વિતરણ કરવામાં આવે છે. જો કયારેક કોઈ ક્ષતિ સર્જાય કે પાણીનો જથ્થો પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ ન હોય અને જો એકાદ-બે દિવસ માટે પણ પાણી વિતરણ બંધ કરવામાં આવે તો દેકારો બોલાવવામાં આવે છે પરંતુ આવા આસામીઓ પાણી ચાર્જ ભરવામાં રસ દાખવતા નથી.

વર્ષ-૨૦૦૬ પહેલાના રેન્ટબેઈઝ આધારિત ગણતરી મુજબ જામનગરના ૧૭ વોર્ડના રહેવાસીઓ પાસેથી પાણી રૂ. ૨૧ કરોડ ૩૯ લાખ ૯૦ હજાર ૭૫૫ ની કુલ વસુલાત કરવાની બાકી છે. જેમાંથી મુદ્દત માત્ર ૪ કરોડથી વધુ છે પરંતુ તેનું વ્યાજ રૂ. ૧૭ કરોડથી વધુ થવા જાય છે. તેવી જ રીતે વર્ષ ૨૦૦૬ પછી એટલે કે કારપેટ આધારિત રૂપિયા ૭૩ કરોડ ૯૬ લાખ ૩૬ હજાર ૬૫૮ ની કુલ વસુલાત બાકી છે. જેમાં મુદ્દલ ૪૦ કરોડ અને તેના ઉપર વ્યાજ ૩૩ કરોડથી વધુ છે.

આ ઉપરાંત સ્લમ વિસ્તારના પાણી ચાર્જની કુલ ૨૫ કરોડ ૬૭ લાખ ૪૯ હજાર ૧૭૫ ની વસુલાત બાકી છે. જેમાં વોર્ડ નંબર ૧ ના ફકત ત્રણ આસામીઓ પાસેથી રૂ. ૨૮૫૦ ની જ બાકી વસુલાતનો સમાવેશ થાય છે. જેમાં સૌથી વધુ વોર્ડ નંબર ૧૮ ના રૂ. ૧ કરોડ ૪૩ લાખ ૫૯ હજાર ૬૧૧ નો સમાવેશ થાય છે. તેના ઉપર વ્યાજ મળી કુલ ૪ કરોડ ૩૬ લાખ ૬૬ હજાર ૯૩૭ ની રકમ થવા જાય છે. આમ જામનગર મહાનગર-પાલિકાએ આજની સ્થિતિએ ફકત પાણી ચાર્જની રૂપિયા ૨૫૬૭૪૯૧૭૫ ની વસુલાત બાકી રહી છે. આ ઉપરાંત ૩૭૫ કરોડ મિલકત વેરાની વસુલાત બાકી છે.

જામનગર મહાનગરપાલિકાને પણ પાણી મેળવવા માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરવો પડે છે. મળતી માહિતી મુજબ નર્મદાના નીરના રૂ.૨૬૨ કરોડ, તથા ઉંડ, સસોઈ અને આજી ડેમમાંથી મેળવાયેલ પાણીના ૯૦૦ કરોડની રકમ ચૂકવવાની બાકી છે.

મહાનગરપાલિકાને ૧૦૦૦ લીટર પાણી ૯ રૂપિયામાં પડતર થાય છે જેનું સાડાચાર રૂપિયાના ભાવે વિતરણ થાય છે. એટલે કે અડધા ભાવે પાણી વિતરણ થાય છે આમ છતાં લોકો તેના તે પૈસા પણ ચુકવતા નથી આથી મહાનગરપાલિકાને આર્થિક ફટકો પડી રહ્યો છે જેની અસર વિકાસ કામો ઉપર જોવા મળે છે.

# જોડીયામાં પૈસાની લેતીદેતીના મામલે મકાન માલિક પર કોન્ટ્રાક્ટરનો હુમલો

જામનગર : જામનગર જિલ્લાના જોડીયામાં એક મકાન માલિકે પોતાના મકાનમાં ઈલેક્ટ્રીકનું કામ રખાવ્યું હતું, જે કોન્ટ્રાક્ટર યુવાને પૈસાની લેતીદેતીના મામલે મકાન માલિક સાથે તકરાર કરી હુમલો કર્યાની ફરિયાદ પોલીસમાં નોંધાવવામાં આવી છે.

આ બનાવની વિગત એવી છે કે જામનગરમાં પંચવટી સોસાયટીમાં રહેતા ઈમરાનભાઈ સીદીભાઈ સમેજા નામના વેપારી કે જેઓનું જોડિયામાં મકાન આવેલું છે, જે મકાનમાં ઈલેક્ટ્રીકનું કામ કરવાનું હોવાથી તે કામનો કોન્ટ્રાક્ટ જોડિયામાં રહેતા અબુબકર મોહમ્મદ હનીફભાઈ ગંઢારને આપ્યો હતો, અને તે કામ મુજબના પૈસા ઉપરાંત વધારાના પૈસા પણ આપ્યા હતા. તેમ છતાં કોન્ટ્રાક્ટર દ્વારા વધુ પૈસાની માંગણી કરવામાં આવતા જે આપવાની ના પાડી હતી. જેથી કોન્ટ્રાક્ટર અબુબકર ઉસકેરાઈ ગયો હતો, અને મકાન માલિક ઈમરાનભાઈ સમેજા ઉપર હુમલો કરી દીધો હતો.

જેથી સમગ્ર બનાવને જોડિયા પોલીસ મથકમાં લઈ જવાયો છે, અને ઈમરાનભાઈ સમેજાની ફરિયાદના આધારે હુમલાખોર આરોપી અબુભાઈ અબુબકર ગંઢાર સામે જુદી જુદી કલમો હેઠળ ગુનો નોંધી તેની શોધ ખોળ હાથ ધરી છે.

# જામનગર લોકસભાની ચૂંટણીમાં પ્રથમ દિવસે ૫૭ ફોર્મ ઉપડ્યા : એક પણ ભરાયું નહીં

## ભાજપના ઉમેદવાર પુનમબેન માડમ ૧૮ એપ્રિલે બપોરે ૧૨.૩૯ના શુભ મુહૂર્ત પર પોતાની ઉમેદવારી નોંધાવશે



જામનગર : ગુજરાત રાજ્યમાં ગઈકાલથી લોકસભાની ચૂંટણીનું કાઉન્ટડાઉન શરૂ થઈ ગયું છે, અને ઉમેદવારી પત્ર ભરવાનું શરૂ કરાયું છે, ત્યારે જામનગર લોકસભાની બેઠક માટે ગઈકાલે પ્રથમ દિવસે એકીસાથે ૫૭ ફોર્મ ઉપડ્યા હતા. જોકે ગઈકાલ પ્રથમ દિવસે એક પણ ઉમેદવારે પોતાની ઉમેદવારી નોંધાવી નથી, માત્ર ૫૭ ફોર્મ ઈસ્યુ થયા છે.

જામનગર લોકસભાની બેઠક માટે ભાજપના ઉમેદવાર પૂનમબેન માડમ સતત ત્રીજી વખત ચૂંટણી જંગમાં છે, અને તેઓ આગામી ૧૮મી તારીખે પોતાની ઉમેદવારી નોંધાવશે. તેઓ શહેરના ઓસવાળ સેન્ટરેથી વિશાળ કાર્યકર્તાઓ સાથે જિલ્લા કલેકટર કચેરીએ પહોંચશે, અને ત્યાં પોતાના પાંચ પ્રતિનિધિઓની હાજરીમાં બપોરે ૧૨.૩૯ ના શુભ મુહૂર્ત પર પોતાનું ઉમેદવારી પત્ર રજૂ કરશે, તેવી ગઈકાલે બુથ લેવલના કાર્યકર્તા સંમેલનમાં જાહેરાત કરવામાં આવી હતી.

# ખંભાળિયાના દાતા ગામે ભાઈના મૃત્યુથી વ્યથિત નાના ભાઈનો આપઘાત

ખંભાળિયા : દેવભૂમિ દ્વારકા જિલ્લાના મુખ્ય મથક ગણાતા ખંભાળિયા તાલુકાના દાતા ગામે રહેતાં એક યુવાને તેમના મોટાભાઈનું થોડાં સમય પહેલાં મૃત્યુ થયું હોય, તેથી પોતે વ્યથિત રહેતા તેમણે પણ આપઘાત કરી લીધાનો બનાવ પોલીસ ચોપડે નોંધાયો છે.

ખંભાળિયા તાલુકાના દાતા ગામે રહેતા ભાવકરણભાઈ દુદાભાઈ ગુજરીયા નામના ઘડ વર્ષના યુવાને થોડા દિવસો પૂર્વે એક આસામીની વાડીએ ખળમાં છાંટવાની ઝેરી દવા પી લેતા તેમનું સારવાર દરમિયાન મૃત્યુ નીપજ્યું હતું. મૃતક ભાવકરણભાઈના મોટાભાઈ જેશુરભાઈ આજથી આશરે એક વર્ષ પૂર્વે પાણીમાં ડૂબી જવાના કારણે મૃત્યુ પામ્યા હતા. તેમના મોટાભાઈ લાલાભાઈ થોડા વર્ષો પૂર્વે અકસ્માતમાં અવસાન પામ્યા હતા.

આ અંગેના વિચારો આવતા તેમણે વ્યથિત થઈને ઉપરોક્ત પગલું ભરી લીધું હોવા અંગેની જાણ મૃતકના નાનાભાઈ મેકરણભાઈ દુદાભાઈ ગુજરીયા (ઉ.વ. ૨૭) એ ખંભાળિયા પોલીસને કરી છે. જે અંગે પોલીસે જરૂરી નોંધ કરી, આગળની કાર્યવાહી કરી હતી.

# દ્વારકાના સુદર્શન સેતુ પર બાઈકને ફંગોળનાર ટેમ્પોના ચાલક સામે ફરિયાદ



તસવીર: રાકેશ સામાણી

દ્વારકા : બેટ દ્વારકામાં આવેલા સુદર્શન સેતુ પર મોટરસાયકલ મારફતે જઈ રહેલા બાલાપર ગામના રહીશ આલીભાઈ મામદભાઈ સંઘાર (ઉ.વ. ૩૫) તથા તેમની પાછળ બેઠેલા ઓસમાનભાઈ કાસમભાઈ સેતાના મોટરસાયકલ સાથે પૂરઝડપે અને ગફલતભરી રીતે આવી રહેલા આર.જે. ૨૭ ટી.એ. ૩૮૬૩ નંબરના ટેમ્પો ટ્રાવેલ્સ વાહનના ચાલકે ધડાકાભેર અકસ્માત સર્જ્યો હતો. જેના કારણે બાઈક સવાર બન્ને યુવાનોને નાની મોટી ઈજાઓ સાથે હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી હતી. આ અંગે ઓખા મરીન પોલીસે આલીભાઈ સંઘારની ફરિયાદ પરથી રાજસ્થાન પાસિંગની ટેમ્પો ટ્રાવેલ્સના ચાલક સામે આઈ.પી.સી. કલમ ૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ.વી. એક્ટની કલમ હેઠળ ગુનો નોંધ્યો છે.

# રામનવમીના જામનગર લોહાણા મહાજન દ્વારા રામધૂન તેમજ ભગવાન શ્રી રામચંદ્રજી પ્રાકટય મહોત્સવ

જામનગર : જામનગર લોહાણા મહાજન દ્વારા પરંપરાગત રામનવમીના પરમ કૃપાળુ મર્યાદા પુરૂષોતમ ભગવાનશ્રી રામચંદ્રજીની અસીમકૃપાથી તેમજ સંત શિરોમણી પ. પૂ. જલારામ બાપાના આર્શિવાદથી ભગવાન શ્રી રામચંદ્રજીનો પ્રાગટય મહોત્સવ ઉજવવાનું આયોજન કરેલ છે.

જામનગર લોહાણા મહાજનવાડી ખાતે તા.૧૬-૦૪-૨૦૨૪, મંગળવારના રોજ રાત્રે ૮-૦૦થી ૧૦-૦૦ વાગ્યા સુધી રામધુન અને સંવત ૨૦૮૦ ચૈત્ર સુદ-૯, તા.૧૭-૦૪-૨૦૨૪, બુધવાર રામનવમીના પવિત્ર દિને ભગવાન શ્રી રામચંદ્રજીનો પ્રાકટય મહોત્સવ ધામધૂમથી ઉજવવામાં આવનાર છે, આ મંગલમય દિવસે સવારે ૧૦-૩૦ વાગ્યાથી શ્રી રામચંદ્રજી મંદિરમાં પૂજનવિધી તથા ભગવાન શ્રી રામચંદ્રજી મંદિરના શિખરે ધ્વજારોહણ શૈલેષભાઈ જશવંતરાય વસંત અને નિકીતાબેન શૈલેષભાઈ વસંત, આષીતભાઈ હર્ષવદનભાઈ બદીયાણી અને શિતલબેન આષીતભાઈ બદીયાણી, હિતેશભાઈ કાનજીભાઈ મોદી અને લીનાબેન હિતેશભાઈ મોદી, અતુલભાઈ મગનલાલ પોપટ અને દિવ્યાબેન અતુલભાઈ પોપટ દ્વારા કરવામાં આવશે તથા ભગવાન શ્રી રામચંદ્રજી પ્રાકટય આરતી બપોરે ૧૨-૦૦ કલાકે કરવામાં આવશે તો આ પ્રસંગે સર્વે જ્ઞાતિજનો તેમજ રામભકતોને પધારવા માટે પ્રમુખ જીતુભાઈ લાલ અને માનદમંત્રી રમેશભાઈ દત્તાણી દ્વારા અનુરોધ કરાયો છે.

# જામનગર વિસા શ્રીમાળી સોની સમાજ દ્વારા કારકિર્દી માર્ગદર્શન સેમિનાર

જામનગર : શ્રી જામનગર વિસા શ્રીમાળી સોની સમાજ દ્વારા આગામી તા. ૧૪-૪-૨૦૨૪, રવિવારના રોજ સાંજે ૪.૦૦ વાગ્યે જ્ઞાતિના વિદ્યાર્થી ભાઈઓ-બહેનો માટે કારકીર્દિ અંગે માર્ગદર્શક સેમિનારનું આયોજન 'કસરી બાગ', શ્રી વિસા શ્રીમાળી સોની સમાજની વાડી, દ્વારકાપુરી રોડ, જામનગરમાં કરવામાં આવ્યું છે.

આ માર્ગદર્શક સેમિનારમાં વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્ય માટે ધો. ૧૦-૧૨ પછી શું...? ક્યો વિકલ્પ પસંદ કરી શકાય...? તેમજ જુદા-જુદા અભ્યાસક્રમોમાં અભ્યાસ પૂર્ણ કર્યા પછી કયા-ક્યા રોજગારીની કઈ તકો મળી રહે..? તેમજ કયા રોજગારલક્ષી કોમ્પ્યુટર કોર્ષ કરી શકાય તે અંગેની માહિતી વિદ્વાન તજજ્ઞો દ્વારા આપવામાં આવશે. આ સેમિનારમાં ભાગ લેવા તેમજ વધુ માહિતી અને રજીસ્ટ્રેશન કરવા માટે મો. ૯૯૨૪૬ ૩૩૭૮૭, ૯૯૨૪૧ ૨૮૪૦૧, ૯૮૭૯૧ ૮૦૬૦૭ નો સંપર્ક કરવા જણાવાયું છે.

સૌરાષ્ટ્ર આસપાસ Owner : Leela News Network Private Limited Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Leela News Network Private Limited Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Near Anupam talkies, Shivam Building, Bedi Gate, Jamnagar. Editor: Rajesh Kiritbhai Dave* Vijay Kotecha(Responcible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

## ભારતની સંપ્રભુતાનું સન્માન

લાઇન ઓફ એક્સ્યુઅલ કંટ્રોલ અંગે ભારત-ચીન વચ્ચેનો વિવાદ દાયકાઓથી ચાલી રહ્યો છે બંને દેશોના કોર કમાંડરો વચ્ચે દ્વિ-દિવસીય મિટિંગ અનેકવાર યોજાઈ છે.ગલવાન ઘાટી, પેંગોગ, લેક, દેપસાંગ સહિતનાં મહત્ત્વના પેટ્રોલિંગ પોઇન્ટમાંથી સેના હટાવી બંને દેશો વચ્ચે પૂર્વી લદ્દાખના વિવાદના જલદી ઉકેલ માટેની સહમતી આ મંત્રણામાં બને છે સંયુક્ત નિવેદન જાહેર કરવામાં આવે છે 'વાતચીત સકારાત્મક અને રચનાત્મક રહે છે બાકીના મુદ્દાઓ પણ સૈન્ય અને રાજદ્વારી માધ્યમો દ્વારા જલદીથી ઉકેલવામાં આવે તે માટે બંને પક્ષો સહમત થાય છે. પરંતુ ચાઇના દ્વારા તેનું અમલ કરવામાં આવતો નથી.

' લાઇન ઓફ એક્સ્યુઅલ કંટ્રોલ ચીન અને ભારત વચ્ચે પશ્ચિમમાં લદ્દાખથી લઈને ભારતના પૂર્વી રાજ્ય અરૂણાચલ પ્રદેશ સુધીનાં ક્ષેત્રોને અલગ કરે છે. પણ પારકી જમીન પર કબજો જમાવવામાં પાવરધું ચીન એના પર ખોટો દાવો માંડે છે. ભારતના પૂર્વોત્તર ક્ષેત્રના લગભગ ૯૦ હજાર વર્ગ કિલોમીટર પર ચીન દાવો કરે છે, જેમાં અરૂણાચલ પ્રદેશ અને લદ્દાખ સામેલ છે. ચીન અવાર-નવાર પ્રોટોકોલ તોડીને ભારતની સીમામાં ઘુસીને લડાઇ-ઝઘડા કરતું રહે છે. ત્રણ વર્ષ પહેલાં લદ્દાખ ક્ષેત્રમાં થયેલી ઝપાઝપીમાં ૨૦ ભારતીય સૈનિકો અને કેટલાંક ચીની સૈનિકો માર્યા ગયા હતા.

ભારત-ચીનના આ સરહદી વિસ્તારમાં જે કંઈ ચીને કર્યું છે તે અચાનક નથી થયું, પરંતુ ધીરે-ધીરે ચીને ત્યાં આધારભૂત ઢાંચા તૈયાર કર્યા અને પછી ઘૂસણખોરી, હુમલા વગેરે શરૂ કર્યા છે. ભારત પણ હવે આ ક્ષેત્રોમાં બુનિયાદી ઢાંચા મજબૂત કરી રહ્યું છે. આ સરહદો પર પાક્કી સડકો, પુલ વગેરેનું નિર્માણ થઈ રહ્યું છે. છેલ્લાં ત્રણેક વર્ષમાં અરુણાચલ પ્રદેશની અલગ અલગ ઘાટીઓને જોડતા ૧૮૦૦ કિલોમીટનાં રોડ બનાવવાનું કામ પૂર્ણતાને આરે છે. ઉપરાંત પૂર્વી લદ્દાખનાં ક્ષેત્રોમાં ૪૫ પુલો, બે હેલી પેડ અને ૫૫૦૦ સૈનિકો રહી શકે તેવા આવાસ પણ બની ગયા છે. અન્ય ૧૪ પરિયોજનાઓ કાર્યરત છે. જેનો મુખ્ય ઉદ્દેશ્ય ચીની ઘૂસણખોરીથી સુરક્ષાનો અને તેની સામે અડિખમ લડત આપવાનો છે. ભારત ચીનના અડિયલ રવૈયા નો જવાબ દર વખતે આપે જ છેભારતના વિદેશ મંત્રી જયશંકરે આ અંગે ખૂબ કડક વલણ અપનાવતાં કહ્યું છે કે, 'ચીને ભારતની સંપ્રભુતાનું સન્માન નથી કર્યું.

# સુધારાવાદી મહારાજા શ્રીતખ્તસિંહજી



### ઇ.સ. ૧૮૯૬માં માત્ર ૪૮વર્ષની ઉંમરે રાજવીએ અનંતની વાટ પકડી

### તખ્તસિંહજી પાશ્ર્યાત્ય પદ્ધતિથી શિક્ષણ પામેલા પ્રથમ રાજવી હતા

### મહારાણી માજીરાજબાનું અવસાન થતાં તેમની સ્મૃતિ માટે ગામના તળાવમાં 'ગંગાદેરી'નું નિર્માણ કરાયું

**ભાવનગર ૩૦૦** - બળદેવસિંહ ગોહિલ

તખ્તસિંહજીએ રાજા તરીકે ઇ.સ.૧૮૮૮માં પૂર્ણ સત્તા સંભાળ્યા પછી સ્ટેટ કાઉન્સિલની રચના કરેલ તેમાં ચાર સભ્યોની નિમણૂક કરી હતી. દરેક સભ્ય હસ્તક એક-એક વિભાગ રખાયો હતો. (૧) વડા દીવાન—રાજકીય અને મહેસૂલી વિભાગ (૨) વડા-જ્યુડિસિયલ કાઉન્સિલર, પોલીસ અને ન્યાય વિભાગ (૩) વડા નાણાકીય કાઉન્સિલર, નાણા વિભાગ (૪) વડા સંયુક્ત રીતે સ્ટેટ ઇજનેર અને જાહેર બાંધકામ કાઉન્સિલર-જાહેર બાંધકામ. આ પ્રકારની વહીવટી કાર્યવહેચણીને મુંબઈના તે વખતના ગવર્નર રેની અનુમતિ હતી. વહિવટી તંત્રમાં કારોબારી અને ન્યાય તંત્રનું સત્તા વિભાજન કરાયું હતું. અગત્યનો અને નોંધપાત્ર સુધારો સૌરાષ્ટ્ર ભરમાં કદાચ પ્રથમ પ્રયાસ હતો. પ્રથમ કાઉન્સિલના એક કાઉન્સિલર સર એમ.એમ. ભાવનગરી નિવૃત્ત થયા પછી તુરતજ બ્રિટિશ સંસદના સભ્ય બન્યા હતા. ઇ.સ. ૧૮૮૮થી દરેક ખાતાના મુખ્ય જવાબદાર અધિકારીની જગ્યા ઉપર આધુનિક અંગ્રેજી કેળવણી પામેલાની નિમણૂકો થવાલાગી હતી. આ રીતે વહીવટી તંત્રમાં પરીવર્તન દ્વારા આધુનિકરણે પ્રવેશ કર્યો હતો. વેઠપ્રથા અને નજરાણાની પ્રથા નાબૂદ કરવામાં આવી હતી, લગ્નની ઉંમર માટેનો કાયદો બનાવવામાં આવ્યો હતો. કરજદાર ગરાસિયાઓ અને ભાયાતો માટે ઉત્કર્ષની યોજના બનાવવામાં આવી હતી. ઇ.સ. ૧૮૮૯માં અનાવૃષ્ટિ થતાં ગરીબોને રાહત માટે 'ગરીબખાનું' શરૂ કરવામાં આવ્યું હતું. સિબંદી સવારો અને અંગરક્ષકોની ટુકડી વિખેરી નાખી તેમાના સક્ષમ વ્યક્તિઓને આધુનિક લશ્કરી તાલીમ આપી, લેન્સર્સની ટુકડી ઊભી કરી તેના કમાંડિંગ ઓફિસર તરીકે મુરાદઅલીની નિમણૂક કરવામાં આવી હતી. તાલીમ પામેલ પાયદળ (ૈહકહ્લહંિ)ની ટુકડી તૈયાર કરવામાં આવી હતી.

પ્રજાવત્સલ રાજવી તખ્તસિંહજી રાજય અમલનાં ૨૫વર્ષ પૂરા કરે તેના માનમાં રૌપ્ય મહોત્સવ ઉજવવાની ઇચ્છા ભાવનગરની પ્રજા ધરાવતી હતી, પરંતુ ઇ.સ. ૧૮૯૬માં માત્ર ૪૮વર્ષની ઉંમરે રાજવીએ અનંતનીવાટ પકડતા પ્રજાની ભાવના પૂર્ણ થઇ શકી નહીં.

**મહાન રાજવીના કાર્યોનું મૂલ્યાંકન :**

તખ્તસિંહજી પાશ્ર્યાત્ય પદ્ધતિથી શિક્ષણ પામેલા પ્રથમ રાજવી હતા, તથા રાજકોટની રાજકુમારોની કોલેજના પણ પ્રથમ વિદ્યાર્થી હતાં. ઉપરાંત ઇંગ્લેન્ડમાં કેમ્બ્રિજ યુનિવર્સિટીની માનદ એલ.એલ.ડી.ની પદવી મેળવવાનું તથા રાણી વિક્ટોરિયાની રૂબરૂ મુલાકાત મેળવવાનું બેવડું બહુમાન મેળવનાર પણ તેઓ પ્રથમ હતા. પાશ્ર્યાત્ય શિક્ષણ મેળવવાને કારણે તથા તેમની સગીર વ્યવસ્થા દરમ્યાન સંયુક્ત વહીવટનાં કાર્યદક્ષ વહીવટની પૂર્વભૂમિકાને કારણે તેમણે પોતાના ૧૮વર્ષના સંપૂર્ણ સત્તાવાળા વહીવટ દરમ્યાન પ્રગતિશીલ અને લોકકલ્યાણલક્ષી સુધારાઓ થકી રાજયનું આધુનિકરણ કરવાનો પ્રારંભ કર્યો હતો તેમ કહી શકાય. તેમનાં સમયનાં કોઈ યુદ્ધો થયા ન હતાં. તેથી રાજયમાં શાંતિ અને સલામતી પ્રવર્તતી હતી. પરિણામે તેઓ પોતાનું ધ્યાન શિક્ષણ અને પ્રજાકલ્યાણ માટેના સાર્વજનિક બાંધકામો તરફ આપી શક્યા હતા. ભાવનગર રાજયના આધુનિકીકરણની પ્રક્રિયા તેમના શાશનકાળ દરમ્યાન શરૂ થઈ હતી, જે પછીથી તેમના વારસદારોએ આગળ ધપાવી હતી. આમ ભાવનગરને સૌરાષ્ટ્રમાં એક મહત્વનું વિકાસશીલ તથા પ્રગતિવાદી રાજય બનાવવામાં તેમણે વિશેષ યોગદાન આપ્યું હતું. તેમના નામ પ્રમાણે જ તેઓ ખરેખર તખ્ત (સિંહાસન) ઉપરના સિંહ હતા. આજે પણ તખ્તસિંહજી હોસ્પિટલ એ તેમના પ્રજાકલ્યાણલક્ષી કાર્યનું સ્મૃતિચિન્હ છે. તો ટેકરી ઉપર આવેલ તખ્તેશ્વર મહાદેવ મંદિરની ધજા ફરફરીને સંકેત આપી રહી છે કે રાજવી તખ્તસિંહજીએ ભાવનગરની કિર્તિ ચારે દિશામાં ફેકલાવી ભાવનગરને સૌરાષ્ટ્રનું એક મહત્વનું રાજય બનાવી દીધું હતું. કાઠિયાવાડમાં દેશી રજવાડાઓમાં ભાવનગર રાજય પ્રથમવર્ગના રાજયોમાં ત્રીજા નંબરનું સ્થાન ધરાવતું હતું. માત્ર સૌરાષ્ટ્રમાં કે ગુજરાતમાં જ નહીં બલ્કે કેટલીક બાબતોમાંતો અખિલહિન્દ કક્ષાએ કલ્યાણકારી યોજનાઓ અને પ્રવૃત્તિઓનો પ્રારંભ કરનાર ભાવનગર હતું.

તખ્તસિંહજીના લોક કલ્યાણના કાર્યો અને કેટલીક મહત્વની ઘટનાઓની વિગતો વર્ષ પ્રમાણે.

૧૮૭૦— ૧૧એપ્રિલના રોજ જશવંતસિંહજીનું અવસાન. તખ્તસિંહજી ગાદીનશીન થયા, સંયુક્ત કારભાર પ્રથા દાખલ થઈ. તખ્તસિંહજી રાજકોટની રાજકુમાર કોલેજમાં પ્રથમ વિદ્યાર્થી તરીકે દાખલ થયા.

૧૮૭૧ —ભાવનગરમાં 'ધી વોલકટ' યુનાઈટેડ પ્રેસની સ્થાપના. શહેર સુધારાઈ ધારો પસાર કરાયો. મહુવા, કુંડલા, બોટાદ અને તળાજા મહાલોની નિશાળોને સેકન્ડ ગ્રેડ વર્ણાક્યુલર સ્કૂલની કક્ષાએ મુકાઇ.

૧૮૭૨-સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં પીવાના પાણીના જળાશયની 'બોરતળાવ' થી જાણીતા 'ગૌરીશંકર સરોવર' બંધાવી કર્યો. શામળદાસ મહેતાની 'ન્યાયકીય મદદનીશ સંયુક્ત કારભારી' તરીકે નિમણૂક. જમીન માપણીનું ભગીરથકાર્ય કરાયું. ૮જુલાઇના રોજ આલ્ફ્રેડ હાઈસ્કૂલની સ્થાપના. સૌ પ્રથમ નગરપાલિકાની રચના કરવામાં આવી. સમગ્ર કાઠિયાવાડમાં પ્રથમ ભાવનગર રાજયામાં સનદી સેવા અંગેના નિયમોનું ઘડાયા. સમગ્ર સૌરાષ્ટ્ર-ગુજરાતમાં વૃક્ષારોપણ દ્વારા વનીકરણના પ્રારંભ. જમીન મહેસૂલની વસૂલાત માટે 'ભાગબટાઈ પદ્ધતિ'ને બદલે 'ખાતાબંધી' પદ્ધત્તિ દાખલ કરવામાં આવી. કોટન પ્રેસની સ્થાપના થઈ.

૧૮૭૩- મુંબઈની 'મેસીઅર્સ-ફોર્બસ એન્ડ કું.' એ કાંતવા —વણવાની (સ્પીનીંગ-વિવિંગ) મિલ સ્થાપી. બ્રિટિશ સરકાર વચ્ચે 'બ્રાન્ચ ટેલિગ્રાફ લાઇન' (ધોલેરા-ભાવનગર) અંગેની સમજૂતી થઈ.

૧૮૭૪- 'જહોન' માર્કાવાળી જિનિંગ ફેક્ટરીની સ્થાપના થઈ. ૨૦એપ્રિલે તખ્તસિંહજીના લગ્ન થયા. લગ્ન પછી તેમના અભ્યાસ માટે ટ્યુટર અને કંપેનિયન તરીકે સૌરાષ્ટ્રના મદદનીશ પોલિટિક્લ એજંટ કર્નલ નટની મુંબઈ સરકારે નિમણુક કરી.

૧૮૭૫- ભાવસિંહજી-બીજાનો જન્મ ૨૫ એપ્રિલે. ખેતીવાડીને ઉત્તેજન માટે કાઠીયાવાડના અન્ય રાજયોમાં ઉત્તપન્ન થતી ખેત-પેદાશોનું પ્રદર્શન કુંડલા મહાલમાં યોજાયું. મહુવા, કુંડલા, સિહોર અને બોટાદમાં સુધારાઈનું કાયદેસરનું બંધારણ લાગુ કરવામાં આવ્યું. નવેમ્બર માસમાં ગોંડલવાળા મહારાણી માજીરાજબાનું અવસાન થતાં તેમની સ્મૃતતિ માટે ગામના તળાવમાં 'ગંગાદેરી'નું નિર્માણ કરાયું. 'ઘાંઘળી કેસ' સંદર્ભે ગવર્નર જનરલની કાઉન્સિલે ૨૦માં ધારા તરીકે 'ભાવનગર ધારો' પસાર કરતાં ૧૧૬ ગામોની હકૂમત ૬૦ વર્ષ પછી પુનઃ પ્રાપ્ત થઈ.

૧૮૭૭- તખ્તસિંહજીને ઞ્જીૈંનો અને ગગા ઓઝાને CSIનો ખિતાબ અપાયો. ભાવનગરને ૧૧થી વધારીને ૧૫તોપનું માન કરાયું. આજીનદી પર 'કેસર એ હિન્દ' પુલ બંધાવ્યો. મહુવા કોટન પ્રેસની સ્થાપના. પાતાભાઈ નરેલાએ 'જસવંત વિલાસ' નામે ઇતિહાસ લખ્યો.

૧૮૭૮- 'ભાવનગર ગોંડલ રેલ્વે લાઇન' ને હિંદના ગવર્નર જનરલ લોર્ડ લિટન દ્વારા મંજૂરી. ૫એપ્રિલે તખ્તસિંહજીને પૂર્ણ સત્તાની સોપણી.

૧૮૭૯- ૧૩જાન્યુઆરીએ ગૌરીશંકર નિવૃત્ત અને શામળદાસ મહેતાની નિયુક્તિ. ગગા ઓઝાને ૨૦,૦૦૦ પેન્શન અને જિવાઈમાં તુરખા ગામ અપાયા. ૧૪જાન્યુઆરીએ તખ્તસિંહજી હોસ્પિટલનો શિલાન્યાસ. ૨૩જાન્યુઆરીએ ગગા ઓઝાનો નિવૃત્તિ સમારંભ યોજાયો. ભાવનગર ખાતે મોટી ગોદીની સ્થાપના. ૭એપ્રિલે 'ભાવનગર' નામની આગબોટ તરતી મૂકવામાં આવી. દુષ્કાળ પડ્યો. ૧૯ઓગસ્ટના રાજકુમાર કોલેજમાં તખ્તસિંહજી વિંગનું ઉદઘાટન. ખેડૂતોના બાળકોમાટે અભ્યાસ માટે આર્થિક સહયોગ અંગેનો પરિપત્ર. કાબુલ પરના આક્રમણ સમયે બ્રિટિશ સરકારને ૨૦૦ ટટ્ટુઓની સહાય.

૧૮૮૦—જાન્યુઆરીમાં વરાળથી ચાલતી હોડી તરતી મૂકી. કાઠીયાવાડ-સૌરાષ્ટ્રના બંદરોમાં આવેલા વહાણો માથી ૬૧% ભાવનગર બંદરે આવેલા. અને ૭૯%ભાવનગર બંદરેથી ઉપડ્યા હતા. ૧૮ડિસેમ્બરના રોજ ગવર્નર જનરલ જેમ્સ ફર્ગ્યસને સૌરાષ્ટ્રની પ્રથમ રેલ્વે 'ભાવનગર-ગોંડલ રેલ્વે લાઇનનું ઉદઘાટન કર્યું.




**મેષ - (અ, લ, ઈ) :-** જો તમે પરિણીત છો, તો તમારે આખા અઠવાડિયામાં તમારા બાળકના શિક્ષણ માટે ઘણા બધા પૈસા ખર્ચવા પડી શકે છે. જેના કારણે તમે અપેક્ષા કરતા વધુ આર્થિક સંકડામણમાં આવી જશો, તેથી આ બાબતને એકલા ઉકેલવાને બદલે તમારા જીવનસાથી સાથે આ મુદ્દાઓ વિશે વાત કરો. તમે ઘણી વાર ઘરેલુ જવાબદારીઓથી ભાગતા જોવામાં આવશો, પરંતુ આ અઠવાડિયામાં આવું કરવું તમારા માટે ખૂબ મુશ્કેલ હોઈ શકે છે. કારણ કે કોઈપણ કિંમતે, આ સમય દરમિયાન, તમે ઘરને કારણે તમારી જવાબદારીઓથી છૂટકારો મેળવી શકશો નહીં, જેના કારણે તમે મુશ્કેલીમાં મુકાઈ શકો છો. તમે આખા અઠવાડિયામાં પ્રેમ સંબંધોમાં ખૂબ રોમાંસ અને પ્રેમ ગુમાવશો. કારણ કે કેટલાક કારણોસર અચાનક તમારા અને તમારા પ્રેમી વચ્ચે કેટલાક નાના તફાવત ઉભરી આવશે. જેની નકારાત્મક અસર તમારા બંને માટે અંતર લાવશે. આ અઠવાડિયું તમારા માટે કાર્યસ્થળ અને વ્યક્તિગત જીવનને અલગ રાખવા માટે સારું રહેશે. કારણ કે શક્ય છે કે વ્યક્તિગત જીવનને લીધે, તમે તમારી કારકિર્દી પ્રત્યે બેદરકારી દાખવી શકો, જેના કારણે તમને તમારા વિકાસમાં મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે.

**વૃષભ - (બ, વ, ઉ)** અજો તમે તમારી જાતને તાણમુક્ત રાખવા માંગતા હો, તો તમારા માટે ભૂતકાળને દૂર કરીને નવી શરૂઆત કરવાનો પ્રયાસ કરવો વધુ સારું રહેશે. તમારી રાશિના લોકોએ આ અઠવાડિયામાં પૈસા સંબંધિત કોઈપણ જોખમ લેવાનું ટાળવું જોઈએ. કારણ કે આની જેમ, આ સમય દરમિયાન, ઘણી જગ્યાએથી અચાનક પૈસા મળવાની સંભાવના છે. પરંતુ તમે આ સમયે પૈસાનો ઉપયોગ કરો તે પહેલાં, તમારે દરેક પરિસ્થિતિ માટે તમારી જાતને સારી રીતે તૈયાર કરવાની જરૂર રહેશે. આ અઠવાડિયે કોઈ પારિવારિક સદસ્ય તમને વધારે દબાણ કરી શકે છે. આવી સ્થિતિમાં, તેની સાથે દલીલ કરવાને બદલે, પરિસ્થિતિને નિયંત્રણમાં રાખવા માટે તેની મર્યાદા નક્કી કરવી, તમારા માટે એકમાત્ર અને વધુ સારો વિકલ્પ સાબિત થશે. આ અઠવાડિયે, તમારા પરિવારના સભ્યો તમારા પ્રેમ સંબંધની વચ્ચે આવી શકે છે, તમારા પ્રેમીને દુરૂપયોગ કરે છે. આનાથી તમારા પ્રેમીને જ નુકસાન થશે નહી, પરંતુ તમારા સંબંધોમાં પણ અંતરની સંભાવના રહેશે. તેથી, પ્રેમીને કારણે શક્ય તેટલું, પરિવારના સભ્યો સાથે દલીલ કરવાનું ટાળો. આ અઠવાડિયા દરમ્યાન, તમે ક્ષેત્ર પરનું દરેક કાર્ય વધુ જવાબદાર, કેન્દ્રિત, સંગઠિત રીતે કરશો. જેની મદદથી તમે કાર્યસ્થળ પર પણ તમારું શ્રેષ્ઠ પ્રદર્શન આપી શકશો.

**મિથુન - (ક, છ, ઘ) :-** આરામ કરવા અને નજીકના મિત્રો અને પરિવાર સાથે ખુશીની થોડી ક્ષણો પસાર કરવા. કારણ કે તે તમારા આરોગ્ય જીવન પર સકારાત્મક અસર થવાની શક્યતાને વધારશે. શક્ય છે કે તમે આ અઠવાડિયામાં એટીએમમાંથી પૈસા ઉપાડી શકો, પરંતુ કેટલાક કારણોસર પૈસા અથવા તમારું વોલેટ ખોવાઈ શકે છે. તેથી, આવી દરેક મુશ્કેલીઓ ટાળવા માટે, તમારે તમારી જાત સાથે સાવચેત રહેવાની જરૂર રહેશે. નહીં તો આ બાબતોમાં તમારી સાવચેતીનો અભાવ તમને મોટું નુકસાન પહોંચાડી શકે છે. આ અઠવાડિયે કોઈ સંબંધી દ્વારા માંગલિક ઘટના તમારા પરિવારના ધ્યાનનું મુખ્ય કેન્દ્ર હશે. આની સાથે, શક્ય છે કે આ સમય દરમિયાન, કોઈ દૂરના સંબંધી તરફથી કોઈ સારા સમાચાર તમારા આખા પરિવાર માટે ખુશ ક્ષણો લાવશે. કોઈ પણ વ્યક્તિ પ્રત્યેની લાગણી વિશે એકલા લોકોએ આ અઠવાડિયે દરેક સાથે વાત કરવાનું ટાળવું પડશે. અન્યથા શક્ય છે કે તમે તમારા મિત્રને જેમની સાથે તમારો દિલ શેર કરો છો, તે તમને છેતરશે અને તમારી રમત બગાડે છે. આ સમય તમારી કારકિર્દીમાં તમને પ્રગતિ લાવશે, પરંતુ તમને સલાહ આપવામાં આવે છે કે ધૈર્ય ગુમાવશો નહીં અને ઉતાવળમાં કોઈ નિર્ણય ન લેશો, જ્યારે સફળતાના વ્યસનને તમારા મગજમાં ન લેવા દો. ઘણા વિદ્યાર્થીઓની અગાઉની સખત મહેનત, જેમને તેઓ અર્થહીન માને છે, આ અઠવાડિયામાં રંગ લાવશે.

**કર્ક - (ડ, હ) :-** બ્લડ પ્રેશર, ડાયાબિટીઝ અથવા મેદસ્વીપણાના દર્દીઓએ પોતાની કાળજી લેવાની અને સમય અને સમય અનુસાર દવા લેવાની જરૂર રહેશે. ઉપરાંત, જો તમારા કોલેસ્ટરોલમાં સમાનતા હોય, તો તમારે પણ તેને નિયંત્રિત કરવાનો પ્રયાસ કરવો જોઈએ. કારણ કે ફક્ત આ કરવાથી, તમે આરોગ્ય સંબંધિત ઘણાં ફાયદાકારક પરિણામો પ્રાપ્ત કરી શકશો. આ અઠવાડિયે, જે લોકોની આર્થિક સ્થિતિ આવરી લેવામાં આવશે તે તમામ લોકોને તેમના સંબંધીઓનો ટેકો મળશે. કારણ કે જો તમને જરૂર હો ય તો નજીકના અથવા સંબંધીઓ તરફથી આર્થિક મદદ મળી શકશો, જે તમને દરેક વિરોધી પરિસ્થિતિનો સામનો કરવામાં સક્ષમ બનાવશે. તેથી, તમારા સંબંધીઓ અને મિત્રો સાથેના તમારા સંબંધોમાં સુધારો લાવો અને તે જ દિશામાં પ્રયાસ કરો. સામાજિક તહેવારોમાં તમારી ભાગીદારી તમને સમાજના ઘણા પ્રભાવશાળી લોકો સાથે સંપર્કમાં રહેવાની તક આપશે.

**સિંહ - (મ, ટ) :-** જો તમારું સ્વાસ્થ્ય સારું છે, તો તમે જીવનના દરેક પાસાઓનો આનંદ લઈ શકો છો. આ સમયગાળા દરમિયાન, આ રાશિના મોટાભાગના લોકો, આ મુદ્દાને અનુસરે છે, તેમની ખરાબ ટેવો સુધારવા માટે પ્રયત્ન કરશે. આ રાશિના જાતકો, જે હજી પણ બેરોજગાર હતા, તેમને આ સપ્તાહ ઇચ્છા મુજબ નોકરી મળવાની આખી સંભાવના જોવામાં આવ છે. આનાથી તેમની નબળી આર્થિક સ્થિતિમાં વધારો થશે, સાથે તેઓ તેમની બાકી લોન અથવા ઋણ પણ ચૂકવવા માં સફળ રહેશે. તેથી, નોકરીની શોધમાં તમારા પ્રયત્નો ચાલુ રાખવું તમારા માટે આ સમય યોગ્ય રહેશે. આ અઠવાડિયામાં તમે પરિવાર સાથે સમય પસાર કરશો. આ સમય દરમિયાન તમે જાણશો કે ઘરના બાળકો તેમની ભણતર કરતાં રમત રમવામાં વધારે સમય વિતાવતા હોય છે. જેના કારણે તમે નિરાશ થશો અને તમે આ દિશામાં યોગ્ય નિર્ણય લઈ તેમના માટે કેટલાક સખત નિયમો બનાવી શકો છો. સંભવ છે કે આ અઠવાડિયું તમારી લવ લાઈફ માટેનો સૌથી મુશ્કેલ સમય હશે.

**કન્યા - (પ, ઠ, ણ) :-** તમારા વ્યસ્ત જીવનમાંથી થોડો સમય તમારા માટે લો, તમારા શરીરને થોડો આરામ આપો. આર્થિક બાબતોની દ્રષ્ટિએ તમારી રાશિના લોકો માટે આ સપ્તાહ ખૂબ સારો રહેવાની સંભાવના છે. કારણ કે આ સમય દરમિયાન, ઘણા ગ્રહોની દ્રષ્ટિ તમને તમારી આવક વધારવા અને તમારી સંચિત સંપત્તિમાં ઉમેરો કરવા માટે ઘણી તકો પૂરી પાડવાનું કાર્ય કરશે. આ અઠવાડિયું તમારા પરિવાર અથવા મિત્રો સાથે પિકનિક પર જવા માટે ઉત્તમ છે. આ ફક્ત તમારા મગજને હળવા કરશે નહીં, પરંતુ તે તમને તેમની સાથેના તમારા સંબંધોને વધુ સુધારવામાં પણ સક્ષમ બનાવશે. કોઈ પણ વ્યક્તિ પ્રત્યેની લાગણી વિશે એકલા લોકોએ આ અઠવાડિયે દરેક સાથે વાત કરવાનું ટાળવું પડશે. અન્યથા શક્ય છે કે તમે તમારા મિત્રને જેમની સાથે તમારો દિલ શેર કરો છો, તે તમને છેતરશે અને તમારી રમત બગાડે છે. કારકિર્દીની દ્રષ્ટિએ આ સમયગાળા દરમિયાન, તમારે પાછળથી કોઈપણ કાર્યને ટાળીને બિનજરૂરી વિલંબથી બચવું પડશે. કારણ કે માત્ર ત્યારે જ તમે મેદાનમાં તમારા સિનિયરોનું સમર્થન અને પ્રશંસા પ્રાપ્ત કરી શકશો.

**તુલા - (ર, ત) :-** આ અઠવાડિયે તમારી આર્થિક પરિસ્થિતિમાં મોટા પાયે સુધારો થશે. પરંતુ સતત તમારા પૈસાને પાણીની જેમ વહેવા દેવો એ શાણપણની ભાવના નહીં, પણ મૂર્ખ છે. આને કારણે, તમારી યોજનાઓમાં અડચણ આવે તેવી પ્રબળ સંભાવના છે. આ અઠવાડિયે તમારા પરિવારના ઘણા લોકો તમારી સાથે સીધી વાત કરતાં જોશે નહીં, જેની પાછળનું કારણ પોતાને સર્વોચ્ચ માનવું હોઈ શકે છે. આવી સ્થિતિમાં, હંમેશાં પોતાને તેનાથી ઉપર રાખવાને બદલે, તમારે અન્યને મહત્વ આપવાનું શીખવું પડશે. તમારા કાર્યક્ષેત્રમાં ચાલી રહેલા પ્રતિકૂળ સંજોગોને લીધે, આ અઠવાડિયે તમે તમારા પ્રિયજનની બાબતો પ્રત્યે અતિશય સંવેદનશીલ દેખાશો. આવી સ્થિતિમાં, તમારે તમારી ભાવનાઓને એક જ સમયે નિયંત્રિત કરવી પડશે, અને એવું કંઈ પણ કરવાનું ટાળવું જોઈએ જેનાથી મામલો વધુ ખરાબ થઈ શકે. કારકિર્દીની રાશિફળ વિશે વાત કરતા, તમારા પ્રયત્નો અને વિચારોને આ અઠવાડિયે તમારા નસીબ દ્વારા સંપૂર્ણ ટેકો મળશે અને જેની મદદથી તમારી કારકિર્દીને સારી લીડ મળે તેવી સંભાવના છે. આવી સ્થિતિમાં, સતત તમારા લક્ષ્યોને પ્રાપ્ત કરવાનો પ્રયાસ કરતા રહો.

**વૃશ્ચિક - (ન, ય) :-** તમારે અન્યની ટીકા કરવામાં તમારો વધુ સમય અને શક્તિનો વ્યય કરવાનું ટાળવું પડશે. કારણ કે તમારે સૌથી વધુ સમજવાની જરૂર છે કે, આ સમયે, તે તમારી છબી તેમજ તમારા આરોગ્ય પર ખરાબ અસર કરી શકે છે. તેથી સકારાત્મક વિચારો અને તમારી વાણીમાં પણ મધુરતા લાવો. આ અઠવાડિયે યોગની રચના થઈ રહી છે, તેથી તમારી નજીકનું કોઈ તમારી પાસેથી લોન માંગી શકે છે. તેથી તમારા માટે હમણાં આવા દરેક વ્યક્તિને અવગણવું વધુ સારું રહેશે. અન્યથા શક્ય છે કે તમને તમારા પૈસા પાછા ન મળે, જે તમને પાછળથી પસ્તાશે. તેની સમસ્યાઓ હંમેશાં દરેક માટે મોટી હોય છે. અને આ અઠવાડિયે તે શક્ય છે કે તમારી સમસ્યાઓ, તમારા માટે ખૂબ મોટી, પરંતુ તમારે એ પણ સમજવું પડશે કે તમારી આસપાસના લોકો તમારી પીડા સમજી નહીં શકે. આ સ્થિતિમાં તેમની પાસેથી વધુ અપેક્ષા રાખવી તમને નુકસાન પહોંચાડી શકે છે. તેથી આ અઠવાડિયામાં અન્ય લોકો પાસેથી વધુ અપેક્ષા કરવાનું ટાળો.

**ધન - (ભ, ધ, ફ, ઢ) :-** આ સકારાત્મક સમયનો લાભ લઈને તમારા નજીકના લોકો સાથે તાજી હવાનો આનંદ લો. આર્થિક જીવનમાં આ અઠવાડિયે તમારા ખર્ચમાં થોડો વધારો જોવા મળશે. પરંતુ સારી વાત એ છે કે તે આ દરમિયાન રહેશે, આ સમય તમારી આવકમાં નોંધપાત્ર વધારો લાવશે. જે તમને તમારા નાણાંકીય જીવનમાં યોગ્ય સંતુલન રાખવા માટે મદદ કરશે. આ અઠવાડિયે તમારા પરિવારમાં પરિવારના સભ્યોનું વિશેષ મહત્વ રહેશે. જેના કારણે તમે તેના જીવનના ઘણા મહત્વપૂર્ણ નિર્ણયોમાં જોશો, તેની સલાહ લેશો. ઉપરાંત તમારામાંથી કેટલાક જાટકા, ઘરેણાં અથવા ઘરની વસ્તુઓની ખરીદી પણ કરી શકે છે. પ્રેમ એ એક પ્રકાશ છે જે તમને અંધારામાં પણ ચમકતો બનાવે છે. તમારો લવમેટ આ સમય દરમિયાન તમારા જીવનને પ્રકાશની જેમ પ્રકાશિત કરશે. તમે બંને એકબીજાને સમર્પિત થઈ જશો. આ રાશિના કેટલાક પ્રેમીઓ પ્રેમ સંબંધને લગ્નમાં પરિવર્તિત કરવાના વિચારને પણ ધ્યાનમાં લે છે. રોજગાર લોકોએ આ અઠવાડિયામાં ઓફિસની આસપાસ વાત કરવાનું ટાળવું જોઈએ.

**મકર - (ખ, જ) :-** આ સમય દરમિયાન તમે વધુ સારા, વધુ સારા અને વધુ આત્મવિશ્વાસનો અનુભવ કરશો. પૂરતા ધનના અભાવને કારણે, આ અઠવાડિયામાં, ઘરમાં વિખવાદની સંભાવના રહેશે. તેથી, આવી દરેક પરિસ્થિતિમાં, તમારા ઘરના લોકો સાથે વિચારપૂર્વક વાત કરો અને જો જરૂરી હોય તો, સંપત્તિના સંચય અંગે તેમની પાસેથી યોગ્ય સલાહ મેળવો. પારિવારિક વાતાવરણમાં પરેશાની રહેશે. આવી સ્થિતિમાં, તમારે તમારા વ્યસ્ત કાર્યોમાંથી સમય કાડીને તમારા ઘરના અને કુટુંબના પ્રશ્નોને હલ કરવાનો પ્રયાસ કરવો પડશે. જો કે, આ હોવા છતાં, તમે આખા અઠવાડિયામાં પરિવારમાં તાણ અને તાણના કારણે માનસિક રીતે ખૂબ ચિંતિત દેખાશો. આ અઠવાડિયામાં એકલ વતની માટે દરરોજ વિરોધી લિંગ વ્યક્તિ સાથે પ્રેમ કરવાની તેમની આદત બદલવા માટે સૌથી વધુ જરૂરી બનશે. ખાસ કરીને જો તમે હવે કોઈની સાથે વાસ્તવિક પ્રેમ સંબંધમાં જોડાવા માંગતા હો, તો તમારે તમારી બધી ખરાબ ટેવો બદલવી પડશે, જ્યારે તેની તૈયારી કરો. જો તમે કામ કરો છો, તો તમારે આ અઠવાડિયે કાર્યક્ષેત્ર પર સાવચેત રહેવાની જરૂર છે.

**કુંભ- (ગ, શ, ષ, સ) :-** તમે તમારી હિંમત અને આત્મવિશ્વાસમાં પણ વધારો જોશો, પરિણામે તમે તમારા જીવનને લગતા તમામ નિર્ણયો સરળતાથી લઈ શકશો, જે તમને અગાઉ લેવામાં ઘણી તકલીફ હતી. નાણાકીય જીવનમાં આ અઠવાડિયે, તમે તમારી જાતને નવી રોમાંચક પરિસ્થિતિઓમાં જોશો. આ તમને એક સારા સ્તરે ફક્ત આર્થિક લાભ આપશે નહીં, પરંતુ તમારી આર્થિક સ્થિતિ પણ પહેલા કરતા ઘણી મજબૂત જણાશે. આ અઠવાડિયે, પરિવારના સભ્યો સાથે બહાર જમવા અથવા મૂવી જોવાથી તમને આરામ મળશે અને તમને ખુશ રાખશે. ઉપરાંત, આ અઠવાડિયું તમને જોઈતા લોકો સાથે ભેટો વહેવારવા માટે વિશેષ સારું બનશે. આ અઠવાડિયે, તમારા રોમેન્ટિક મૂડમાં અચાનક પરિવર્તન તમને ખૂબ અસ્વસ્થ અને અસ્વસ્થ કરી શકે છે. તેથી તમારા મનને નિયંત્રણમાં રાખતા વખતે, તમારી જાતને ખૂબ ભાવનાથી ગુમાવશો નહીં, નહીં તો તેનાથી તમારા જીવનના જુદા જુદા ક્ષેત્રો પર નકારાત્મક પરિણામો આવી શકે છે. આ સમયે, તમે ભાગીદારીમાં કરો છો તે આખરે તમારી કારકિર્દી માટે સૌથી ફાયદાકારક સાબિત થશે.

**મીન-(દ, ચ, ઝ, થ) :-**કોઈ પણ બાબતમાં વધારે વિચાર કરવો તમને માનસિક તાણ આપી શકે છે. તેથી, તમે આ ટેવમાં કંઈક સુધારવાનો પ્રયાસ કરશો, જેમાં તમે અઠવાડિયાના અંત સુધીમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. આ અઠવાડિયે, તમે ઝડપી પૈસા કમાવવા માટે કોઈ પ્રકારનો શોર્ટકટ અપનાવી શકો છો, જેથી તમે કોઈ પણ કારણ વિના ગેરકાયદેસર કેસોમાં ફસાઈ શકો. આના પરિણામ રૂપે, તમારી છબીને નુકસાનની સાથે, તમારે વધારાના પૈસાની ખોટ સહન કરવી પડશે. આ અઠવાડિયે તમને તમારા સંબંધીઓ અથવા મિત્રો સાથે સંપર્ક કરવામાં અને લોકો સાથે સંપર્ક કરવામાં મદદ કરશે, જેની સાથે તમે ફક્ત ક્યારેક-ક્યારેક મળો છો. કારણ કે આ સમય તમારા જૂના સંબંધોને ફરીથી વિકસાવવા અને સુધારવામાં તમારા માટે ખૂબ સારો સાબિત થશે. પ્રેમ સંબંધોમાં તમારા અસ્થિર સ્વભાવને લીધે, તમારે ન માંગતા હોવ તો પણ આ અઠવાડિયામાં તમારી પ્રેમિકા સાથે મતભેદ થઈ શકે છે. જેની સીધી અસર તમારા જીવનના જુદા જુદા ક્ષેત્રો પર જોવા મળશે અને તમે કોઈ પણ કામમાં તમારું મન મૂકી શકશો નહીં. આ અઠવાડિયામાં તમને ઓફિસમાં કામ કરવાનું મન નહીં થાય. કારણ કે તમારી કારકિર્દી વિશે તમારી પાસે થોડી દ્વિધા હશે, જે તમને ધ્યાન કેન્દ્રિત કરવાની મંજૂરી આપશે નહીં. તેથી તમારા મનને કેન્દ્રિત રાખવા માટે, તમે યોગ અને ધ્યાનનો આશરો લઈ શકો છો. એન્જિનિયરિંગ, લો અને મેડિકલ ક્ષેત્રમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે આ સમય સામાન્ય કરતાં વધુ સારો રહેશે.

# AI સાથે શક્તિશાળી ફાઈટર જેટ ઉડાડવા અમેરિકાની તૈયારી

અમેરિકા,

અમેરિકા હવે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની મદદથી પોતાના દુશ્મનોનો નાશ કરશે. આ માટે યુએસ એરફોર્સ ૧૦૦૦થી વધુ ડ્રોનનો કાફલો તૈયાર કરી રહી છે. ખાસ વાત એ છે કે આ કાફલામાં F-16 ફાઈટર જેટ પણ સામેલ છે, જે ખતરનાક માનવામાં આવે છે અને આંખના પલકારામાં દુશ્મનને ખતમ કરવાની ક્ષમતા ધરાવે છે. એરફોર્સ સેક્રેટરી ફ્રેંક કેન્ડલે યુએસ સેનેટને આ માહિતી આપી હતી. તેણે એ પણ જણાવ્યું કે તે પોતે એફ-૧૬ના કોકપિટમાં બેસવા જઈ રહ્યો છે, જેને



હાલમાં જ AI સાથે ફ્લાઈટ માટે તૈયાર કરવામાં આવી છે. તેણે કહ્યું કે તે આ એટલા માટે કરવા જઈ રહ્યો છે જેથી તે જાતે જોઈ શકે કે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સથી સજ્જ આ ફાઈટર જેટ હવામાં કેવું પ્રદર્શન કરે છે. કેન્ડલે ડિફેન્સ ઈન્ફન્ટ્રીના સભ્યોને પણ કહ્યું કે ડ્રોન યુદ્ધ ઝડપથી વિસ્તરી રહ્યું છે. ખાસ કરીને યુક્રેન અને મધ્ય પૂર્વમાં ડ્રોન એક મોટો ખતરો બની ગયો છે. યુક્રેનમાં પણ દરરોજ નાગરિકોને નિશાન બનાવવામાં આવી રહ્યા છે. ખાસ કરીને મધ્ય પૂર્વમાં, હુથી અને અન્ય આતંકવાદી જૂથો સતત અમેરિકન અને અન્ય વ્યાવસાયિક જહાજોને ડ્રોન દ્વારા નિશાન બનાવી રહ્યા છે. તેઓ એર ડ્રોન, વોટર ડ્રોનનો ઉપયોગ કરી રહ્યા છે. કેન્ડલના કહેવા પ્રમાણે, જ્યારે તે ફ્લ-૧૬ ફાઈટર જેટમાં ઉડાન ભરશે ત્યારે તેની સાથે એક પાઈલટ હશે જે મારી જેમ જ જોશે કે આ વિમાન કેવી રીતે કામ કરશે. અમેરિકાના ફાઈટર જેટ ફ્લ-૧૬ને દુનિયાનું સૌથી ભરોસાપાત્ર અને સુરક્ષિત ફાઈટર એરક્રાફ્ટ માનવામાં આવે છે. એટલા માટે યુક્રેનના રાષ્ટ્રપતિ રશિયા સાથે ડીલ કરવા માટે આ એરક્રાફ્ટની સતત માંગ કરી રહ્યા હતા. પાકિસ્તાન સહિત વિશ્વના ૨૫થી વધુ દેશો આ વિમાનનો ઉપયોગ કરે છે. આ ફાઈટ જેટ ૧૫ હજાર કિમીથી વધુ ઉંચાઈએ ઉડી શકે છે. તેની રેન્જ ૪ હજાર કિમીથી વધુ છે. ઝડપ અંદાજે ૨૨૦૦ કિમી પ્રતિ કલાક છે.

# અનુષ્કા સેન કોરિયન ફિલ્મોમાં કામ કરનારી પ્રથમ ભારતીય અભિનેત્રી

મુંબઈ,

નાની ઉંમરમાં અભિનેત્રી અનુષ્કા સેનએ મોટી સફળતા મેળવી છે. અનુષ્કા સેનની તગડી ફેન ફોલોઈંગ છે. જે કરીના કપુર અને જાહન્વીને પણ પાછળ છોડી દે છે. અનુષ્કા સેન હવે કોરિયન ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં પોતાના નામનો ડંકો વગાડી ચુકી છે. તે પહેલી ભારતીય અભિનેત્રી છે. જેમણે કોરિયન ફિલ્મમાં કામ કરવાની તક મળી છે. અનુષ્કા સેને વર્ષ ૨૦૦૯માં ટીવી શો યહાં મૈં ઘર ઘર ખેલીથી ચાઈલ્ડ આર્ટિસ્ટ તરીકે કરિયરની શરુઆત કરી હતી. તે વર્ષે તેનું પહેલું આલ્બમ સોન્ગ સામે આવ્યું ત્યારથી અભિનેત્રી ફેમસ થઈ ગઈ છે. અનુષ્કા સેન દેવો કે દેવ મહાદેવ, કોમેડી સર્કસની મહાબલી અને બાલવીર જેવા ટીવી સિરીયલમાં કામ કર્યું છે. પરંતુ ટીવી સિરીયલ ઝાંસી કી રાણીથી એક અલગ ઓળખ મળી હતી. હવે ખુબ નાની ઉંમરમાં અનુષ્કા સેન ટીવીની વધુ ફી લેતી અભિનેત્રી બની ગઈ છે.



# રમજાનમાં કરાચીના રસ્તાઓ પર ૪ લાખથી વધુ ભિખારી ઊમટયાં

ઈસ્લામાબાદ

રમજાનના મહિના દરમિયાન પાકિસ્તાનના નાના શહેરો અને ગામો છોડીને ભિખારી કરાચી તરફ વળ્યા છે. કરાચીમાં ભિખારીઓની સંખ્યા વધી જતાં સર્જાયેલી અરાજકતા વચ્ચે અપરાધનો ગ્રાફ પણ ઊંચો ગયો છે.

કરાચીના પોલીસ અધિકારી ઈમરાન યાકૂબ મિન્હાસે આ ચિંતાજનક સ્થિતિ પર પ્રકાશ પાડયો હતો. તેમણે કહ્યું હતું કે ઈદ સુધીમાં ત્રણથી ચાર લાખ ભિખારી કરાચી પહોંચે છે. તેને કારણે કરાચી શહેર ભિખારીઓ અને અપરાધીઓનો અડ્ડો બની ગયું છે. પરંપપરાગત સાધનોથી અપરાધો પર નજર રાખવી મુશ્કેલ બની જતાં અધિકારીઓને સીસીટીવી કેમેરા લગાવવા અપીલ કરવામાં આવી છે. કરાચીમાં પ્રવર્તી રહેલી સ્થિતિનો અંદાજ એ વાતે આવી શકે તેમ છે કે રમજાન દરમિયાન સર્જાયેલી અપરાધીક ઘટનાઓએ ૧૯ લોકોનો ભોગ લીધો છે. સ્થિતિ એટલી કથળી ચૂકી છે કે કરાચીમાં એક મહિનામાં શાંતિ અને વ્યવસ્થા બહાલ કરવા સિંધ હાઈકોર્ટને અધિકારીઓને મહેતલ આપવી પડી. ન્યાયમૂર્તિ અબ્બાસીએ અધિકારીઓને સ્પષ્ટપણે કહ્યું કે શાંતિભંગની પ્રક્રિયામાં સામેલ પ્રભાવશાળી વ્યક્તિ સામે પણ નિર્ણાયક કાર્યવાહી કરવામાં આવે. કોર્ટે અધિકારીઓ પાસેથી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ પર એક વ્યાપક અહેવાલ માંગ્યો છે. સ્થિતિની ગંભીરતાનો સ્વીકાર કરતાં સિંધના ડીજીપી ગુલામનબી મેમને કહ્યું હતું કે રસ્તાઓ અને શેરીઓમાં થઈ રહેલા અપરાધોને જોતાં કરાચીમાં શાંતિ અને વ્યવસ્થા બહાલ કરવી તે બાબત પડકારરૂપ છે.

# સલમાનખાને ઈદના અવસર પર ચાહકોને સરપ્રાઈઝ આપી



મુંબઈ,

બોલિવૂડ સુપરસ્ટાર સલમાન ખાનની ફિલ્મોનો ક્રેઝ અલગ જ રહે છે. ચાહકો પણ તેમની ફિલ્મોને ખૂબ પસંદ કરે છે અને સલ્લુ ભાઈની આગામી ફિલ્મ ક્યારે આવશે તે જોવાની રાહ જોતા રહે છે. વાસ્તવમાં, સલમાન ખાન એક દાયકા કરતાં પણ વધુ સમયથી ઈદના અવસર પર તેના ચાહકોને સરપ્રાઈઝ કરતા રહ્યા છે, પરંતુ વર્ષ ૨૦૨૪માં આવું જોવા મળ્યું ન હતું. આ વર્ષે સલમાન ખાનની ફિલ્મ ઈદ પર રિલીઝ થઈ નથી, પરંતુ આ પછી પણ સલમાન ખાન પોતાના ફેન્સને ઈદની ગિફ્ટ આપી છે. સલમાન ખાને ૨૦૨૪ના ઈદના અવસર પર એક મોટી જાહેરાત કરી છે અને ખાતરી કરી છે કે ભલે આ વખતે તેની ફિલ્મ ઈદના અવસર પર ન આવી હોય, પરંતુ તે આવતા વર્ષે ઈદ પર ચોક્કસ આવવાની છે. સલમાન ખાને ઈદ ૨૦૨૪ના અવસર પર સોશિયલ મીડિયા દ્વારા પોતાના ફેન્સને એક મોટું સરપ્રાઈઝ આપ્યું છે. તેણે તેના આગામી પ્રોજેક્ટનું ટાઈટલ જાહેર કર્યું છે. ૨૦૨૫ની ઈદમાં આવી રહેલી તેની ફિલ્મનું નામ સિકંદર છે. સાજિદ નડિયાદવાલા આ ફિલ્મનું નિર્માણ કરી રહ્યા છે અને એઆર મુરુગાદોસ આ ફિલ્મનું નિર્દેશન કરશે. ટાઈટલની જાહેરાતની સાથે સલમાન ખાને કેપ્શનમાં લખ્યું- આ ઈદ, બડે મિયાં છોટે મિયાં અને મેદાન જુઓ અને આગામી ઈદ પર આવો અને સિકંદરને મળો.

# શુભમન ગિલ આઈપીએલમાં 3000 રન બનાવનાર સૌથી યુવા ખેલાડી બન્યો

જયપુર,

શુભમન ગિલે છેલ્લા કેટલાક વર્ષોમાં સારું પ્રદર્શન કર્યું છે. ભલે તે આઈપીએલમાં ટીમ ઈન્ડિયા કે ગુજરાત ટાઈટન્સ તરફથી રમી રહ્યો હોય. તેણે પોતાના બેટનો ખતરો બતાવ્યો છે. એકવાર તે ક્રિઝ પર સ્થિર થઈ જાય પછી તેને આઉટ કરવો મુશ્કેલ બની જાય છે. તેની પાસે દરેક તીર છે જેનાથી તે વિરોધી ટીમનો નાશ કરી શકે છે. તેણે રાજસ્થાન રોયલ્સ સામે એક મોટો રેકોર્ડ પોતાના નામે કર્યો છે. શુભમન ગિલ ૪૫ રન બનાવ્યા બાદ હાલમાં રાજસ્થાન રોયલ્સ સામે રમી રહ્યો છે. પરંતુ આ મેચમાં પોતાનો ૨૭મો રન બનાવ્યા બાદ તેણે આઈપીએલમાં પોતાના ૩૦૦૦ રન પૂરા કરી લીધા છે. તેણે ૯૪મી ઈનિંગ્સમાં આઈપીએલમાં પોતાના ત્રણ હજાર રન પૂરા કર્યા છે અને ડેવિડ વોર્નરની બરાબરી કરી લીધી છે. વોર્નરે આટલી ઈનિંગ્સમાં ત્રણ હજાર રન પણ પૂરા કર્યા હતા. આઈપીએલમાં સૌથી ઝડપી ૩૦૦૦ રન બનાવવાનો રેકોર્ડ ક્રિસ ગેલના નામે છે. ગેઈલે આઈપીએલની ૭૫ ઈનિંગ્સમાં આ કર્યું હતું. કેએલ રાહુલે ૮૦ ઈનિંગ્સમાં આ કર્યું હતું. જ્યારે જોસ બટલરે ૮૫ ઈનિંગ્સમાં ત્રણ હજાર આઈપીએલ રન પૂરા કર્યા હતા.

**૭૫ ઈનિંગ્સ - ક્રિસ ગેલ**
**૮૦ ઈનિંગ્સ- કેએલ રાહુલ**
**૮૫ ઈનિંગ્સ- જોસ બટલર**
**૯૪ ઈનિંગ્સ- શુભમન ગિલ**
**૯૪ ઈનિંગ્સ- ડેવિડ વોર્નર**
**૯૪ ઈનિંગ્સ- ફાફ ડુ પ્લેસિસ**

શુભમન ગિલ આઈપીએલમાં સૌથી ઝડપી ૩૦૦૦ રન બનાવનાર યુવા ખેલાડી પણ બની ગયો છે.

# સંજુ સેમસનને તેની એક ભૂલને કારણે ૧૨ લાખ રૂપિયાનું નુકસાન વેઠવું પડ્યું

મુંબઈ,

આઈપીએલનો રોમાંચ દિનપ્રતિદિન વધી રહ્યો છે. રાજસ્થાન અને ગુજરાત વચ્ચેની મેચમાં પણ એવું જ કંઈક જોવા મળ્યું. જ્યાં છેલ્લાં બોલ સુધી મેચ ગઈ અને પરિણામ બદલાઈ ગયું. બુધવારે રમાયેલી આઈપીએલ મેચમાં રાજસ્થાન રોયલ્સ (આરઆર) ને ગુજરાત ટાઈટન્સ દ્વારા ૩ વિકેટે હરાવ્યું હતું. આ હાર બાદ રાજસ્થાન રોયલ્સને વધુ એક મોટો ફટકો પડ્યો છે. હારના દુઃખ વચ્ચે રાજસ્થાન રોયલ્સના કેપ્ટન સંજુ સેમસન માટે અચાનક એક ખરાબ સમાચાર સામે આવ્યા છે. સંજુ સેમસને આ મેચમાં ૩૮ બોલમાં ૬૮ રનની વિસ્ફોટક ઈનિંગ રમી હતી. સંજુ સેમસને ૧૭૮.૯૫ના સ્ટ્રાઈક રેટથી બેટિંગ કરી અને ૭ ચોગ્ગા અને ૨ છગ્ગા ફટકાર્યા.

સંજુ સેમસનને તેની એક ભૂલને કારણે ૧૨ લાખ રૂપિયાનું નુકસાન વેઠવું પડ્યું છે. વાસ્તવમાં રાજસ્થાન રોયલ્સના કેપ્ટન સંજુ સેમસનને આઈપીએલની આચાર સંહિતાનું ઉલ્લંઘન કરવા બદલ ૧૨ લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે.આઈપીએલ ૨૦૨૪ સિઝનમાં સંજુ સેમસનનો આ પહેલો ગુનો હતો. બીસીસીઆઈએ સંજુ સેમસનને ધીમી ઓવર રેટ માટે દોષિત જાહેર કર્યા બાદ આ મોટી સજા આપી છે.



# અભિનેત્રીએ ગળામાં પહેર્યું બોયફ્રેન્ડના નામનું નેકલેસ!



મુંબઈ,

જાહ્નવી કપૂર મેદાનની સ્ક્રીનિંગમાં બોસ લેડી તરીકે પહોંચી હતી. વાસ્તવમાં, ગઈકાલે જાહ્નવી કપૂર તેના પિતા બોની કપૂરના પ્રોડક્શન હાઉસમાં બનેલી ફિલ્મ 'મેદાન'ના સ્ક્રીનિંગમાં પહોંચી હતી. આ દરમિયાન જહાન્વી કપૂર સફેદ લૂકમાં જોવા મળી હતી. સફેદ પેન્ટ અને મેચિંગ હીલ્સ સાથે સફેદ બ્લેઝર પહેરેલી, અભિનેત્રી આ લુકમાં ખૂબ જ આકર્ષક લાગી રહી હતી. જો કે, આ સમય દરમિયાન, જાહ્નવીના લુક કરતાં વધુ, તેના ગળામાં ચમકતા સિલ્વર પેન્ડન્ટે લોકોનું ધ્યાન આકર્ષિત કર્યું. વાસ્તવમાં, જહાન્વીએ તેના ગળામાં જે કસ્ટમાઈઝ્ડ નેકલેસ પહેર્યો હતો તેના પર તેના બોયફ્રેન્ડ શિખર પહાડિયાનું નીકનેમ 'શિખુ' લખેલું હતું. ભલે જાહ્નવી કપૂરે તેના અને શિખર પહાડિયાના સંબંધો વિશે ક્યારેય વાત કરી ન હતી, પરંતુ હવે તેના ગળામાં શિખરના નામ લખેલા લોકેટે તેમના સંબંધો પર મહોર લગાવી દીધી છે. જેના કારણે જાહ્નવી કપૂર હવે લાઈમલાઈટમાં આવી ગઈ છે. પરંતુ અહીં અમે જાહ્નવીના લુક્સ વિશે નહીં, પરંતુ તેના ખાસ નેકલેસ વિશે વાત કરી રહ્યા છીએ. જાહ્નવીએ તેના ગળામાં હીરાનો નેકલેસ પહેર્યો હતો, જેમાં તેના રુમર્ડ બોયફ્રેન્ડ શિખર પહાડિયાના નીકનેમ શિખુનું પેન્ડન્ટ હતું. જે જોઈને હવે તેમના સંબંધોની પુષ્ટિ થઈ રહી છે. જહાન્વી કપૂર તેના પિતા બોની કપૂરના પ્રોડક્શન હાઉસની ફિલ્મ મેદાનના સ્પેશિયલ સ્ક્રીનિંગમાં શિખુના નામનું પેન્ડન્ટ પહેરીને પહોંચી હતી.

# ઋષભ પંતને પણ ભારતીય ટીમમાં મળી શકે છે સ્થાન

મુંબઈ,

હાલ ક્રિકેટ રસીકો આઈપીએલ ૨૦૨૪ની રોંમાચક મેચોની મજા માણી રહ્યા છે ત્યારે ટી ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૪ ને લઈને મોટા સમાચાર સામે આવી રહ્યા છે.ટી ૨૦ વર્લ્ડ કપ ટૂર્નામેંટ માટે ટુંક સમયમાં ભારતીય ટીમનું એલાન થવાનુ છે. જેમાં સ્ટાર વિકેટકીપર ,બેટ્સમેન ઋષભ પંતને પણ ભારતીય ટીમમાં સ્થાન મળી શકે છે. ૩૦ ડિસેમ્બર ૨૦૨૨ની રાત્રે ઋષભ પંતની કારને અકસ્માત થયો હતો, અને ગંભીર ઈજા થવાથી ઋષભ છેલ્લા ઘણા સમયથી ક્રિકેટથી દુર હતો. પરંતુ ઋષભે આઈપીએલ ૨૦૨૪ માં પાછા ફરી શાનદાર અંદાજમાં રન બનાવ્યા છે. સૂત્રોના કહેવા પ્રમાણે ટી ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૪ માં ઋષભ પંતને સીલેક્ટ કરવામાં આવશે, પંત સીવાય પણ બીજા ઘણા ખેલાડીઓ પર બીસીસીઆઈ સીલેક્ટરની નજર છે.

# અક્ષયના નામે ૬ લાખની છેતરપિંડી, પ્રોડક્શન હાઉસમાં નોકરી અપાવવાનું વચન આપ્યું હતું

મુંબઈ,

અક્ષય કુમારની પ્રોડક્શન કંપનીના નામે કૌભાંડ ચાલતું હતું, જેનો પર્દાફાશ થયો છે. અક્ષયના પ્રોડક્શન હાઉસમાંથી આવનારી ફિલ્મોમાં કામ અપાવવાના બહાને પૈસાની છેતરપિંડી કરનાર ઠગ પ્રિન્સ કુમારની પોલીસે ધરપકડ કરી છે. સોશિયલ મીડિયા પ્રભાવક પૂજા આનંદાની પણ આ જાળમાં ફસાઈ જવાની હતી.

જો કોઈ તમને કહે કે અમે તમને અક્ષય કુમારના પ્રોડક્શન હાઉસમાં કામ અપાવીશું. તમારે આ માટે આટલી રકમ ચૂકવવી પડશે, તેથી તેના પર બિલકુલ વિશ્વાસ ન કરો. કારણ કે આ એક મોટું કૌભાંડ છે.પ્રિન્સ કુમારે સોશિયલ મીડિયા પ્રભાવક પૂજા આનંદાનીને અક્ષય કુમારના પ્રોડક્શન હાઉસ કેપ ઑફ ગુડ ફિલ્મ્સમાં કામ આપવાનું વચન આપ્યું હતું. તેના બદલામાં કેટલાક લાખ રૂપિયાની માંગણી પણ કરવામાં આવી હતી. તેને કહ્યું કે નિર્ભયા કેસ પર એક ફિલ્મ બની રહી છે જેના માટે તેને પસંદ કરવામાં આવી છે. જુહુ કોફી શોપ સિવાય, પૂજા પ્રિન્સ કુમારને અન્ય ઘણા સ્થળોએ ત્રણ વાર મળી હતી. એકવાર અમિતાભ બચ્ચનના ફોટોગ્રાફરને તેમની તસવીરો લેવા માટે પણ કહેવામાં આવ્યું હતું. ત્રીજી બેઠક જેડબ્લ્યુ મેરિયટ ખાતે યોજાવાની હતી. જોકે, આ પહેલા પૂજાએ પોલીસને જાણ કરી હતી, જ્યાંથી તેની ધરપકડ કરવામાં આવી હતી.

વાસ્તવમાં, ૩ એપ્રિલના રોજ પ્રિન્સે પૂજાને તેના મોબાઈલથી ફોન કર્યો અને પોતાની ઓળખ રોહન મેહરા તરીકે આપી. પ્રિન્સે પૂજાને કહ્યું કે તે અક્ષય કુમારના પ્રોડક્શન હાઉસ કેપ ઑફ ગુડ ફિલ્મ્સ વતી વાત કરી રહ્યો છે. તેણે વચન આપ્યું હતું કે તે પૂજાને પ્રોડક્શન હાઉસમાં નોકરી પણ અપાવશે. આ પછી પૂજાને શંકા ગઈ અને તેણે પ્રોડક્શન હાઉસને ફોન કર્યો. પૂજાએ બધું કહ્યું અને રોહન મેહરા વિશે માહિતી લીધી. પરંતુ આ નામની કોઈ વ્યક્તિ ત્યાં કામ કરતી નથી તેવું જાણવા મળ્યું હતું. આ પછી પૂજાએ જુહુ પોલીસને જાણ કરી.



### મીઠાપુર પોલીસ સ્ટેશનમાં સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત

# મીઠાપુર પોલીસ કર્મચારીઓનો મેડીકલ ચેકઅપ તથા બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો






તસવીર : બુધાભા ભાટી

જામનગર : આજરોજ મીઠાપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત મીઠાપુર પોલીસ અધિકારી તથા કર્મચારીઓ તેમજ જનરલ હોસ્પિટલ બ્લડ બેંક ખંભાળીયા તથા પી.એચ.સી. સુરજકરાડી મેડીકલ સ્ટાફના સહયોગથી બ્લડ ડોનેશન કેમ્પ તેમજ મેડીકલ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવેલ. આ બ્લડ ડોનેશન કેમ્પમાં કુલ ૭૨ જેટલી બ્લડની બોટલ ખંભાળીયા થેલેસેમિયાગ્રસ્ત બાળકો માટે એકત્રિત કરવામાં આવી હતી તેમજ અત્રેના પોલીસ અધિકારીઓ, કર્મચારીઓ, જી.આર.ડી., એસ.આર.ડી.ના સભ્યો તેમજ પોલીસ પરિવારના સભ્યોનું મેડીકલ ચેકઅપ પણ કરવામાં આવેલ.

# જામનગરમાં સૌ પ્રથમ વખત વૈદિક વાલીપણા અને ગર્ભવિજ્ઞાન અંગે સેમીનાર

જામનગર : જામનગરનાં આંગણે સૌપ્રથમવાર વૈદિક પેરેન્ટિંગ તેમજ વૈદિક ગર્ભવિજ્ઞાન પર સેમીનારનું આયોજન કરવામાં આવ્યું છે. આગામી તા.૧૪ એપ્રિલ ૨૪ના શ્રી એલ. જી. હરીયા સ્કુલ, ખાતે બાળકોને લગતી સમશયાઓને આવરી લેતા ત્રણ વિષય ઉપર સેમિનાર યોજાશે.

લીલાવતી નેચરપેથી સેન્ટર લાખાબાવળ અને સંસ્કૃતિ આર્ય ગુરુકુલમ્ આ સેમિનારનું આયોજન કરેલ છે સંસ્કૃતિઆર્ય ગુરુકુલમ દ્વારા છેલ્લા ૫૦ વર્ષથી બાળકોના પંચકોશવિકાસ પર અવિરત કાર્યરત છે. તેમજ છેલ્લા પાંચ વર્ષથી દરકપુષ્યનક્ષત્રના દિવસે જામનગરના અલગ-અલગ વિસ્તારોમાં મન્ત્રૌષધિ સુવર્ણપ્રાશનમ્ ના કેન્દ્રો નિઃશુલ્ક ચલાવે છે. વર્તમાનમાં બાળકોને લગતી વિવિધ સમસ્યાઓ માટે વૈદિક પેરેન્ટિંગની ટીપ્સ અદભૂત ઉપાય છે. વારાણસીના પ્રસિદ્ધ આચાર્ય પૂ.વિશ્વનાથ ગુરૂજી એ વૈદિક પેરેન્ટિંગનું જ્ઞાન સૂત્રબદ્ધ આપેલ છે. જે વિશે આ સેમીનાર દેશભરમાં ૧૮ રાજયોમાં તેમજ ૪ દેશોમાં ચાલે છે, જામનગરમાં પણ આ સેમીનાર રાખવામાં આવેલ છે. આ સેમીનારમાં બાળકોની આંતરિક શક્તિનો વિકાસ કેવી રીતે કરવો? બાળકોને મોબાઈલ ટી.વી. ની આદતો કેમ સુધારવી? બાળકોને જિદ્દ-ગુસ્સા થી કેવી રીતે બચાવવા ? ઈત્યાદિ બધાજ વિષયો તેમજ આયુર્વેદની દ્રષ્ટિથી ગર્ભવિજ્ઞાન તેમજ મન્ત્રૌષધિ ગર્ભસંસ્કારનું શું મહત્વ છે, તેની વિશેષ ચર્ચા કરવામાં આવશે. તા. ૧૪ એપ્રિલ ૨૪ ના સાંજે ૫ થી ૭ દરમ્યાન હરિયા સ્કૂલ રણજીતનગર ખાતે યોજાશે.આ કાર્યક્રમ નિઃશુલ્ક છે, પરંતુ ફોન ન. ૯૭૧૨૦૪૦૪૩૮/૯૭૧૨૭૭૧૭૦૭/૯૬૬૪૯ ૧૧૧૮૨ રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત છે.

# માધવપુર દ્વારકા ખાતે રૂક્ષ્મણી વિવાહ મહોત્સવ નિમિત્તે વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાશે





દ્વારકા : દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલેક્ટરના અધ્યક્ષસ્થાને રૂક્ષ્મણી વિવાહના આયોજન અંગે અગ્રણીઓ સાથે મીટીંગ યોજવામાં આવેલ. આ મીટીંગ માં દ્વારકાના વિવિધ સમાજના આગેવાનો અને પ્રતિનિધિઓ જોડાયા હતા દેવભૂમિ દ્વારકા જિલ્લા કલેકટર કચેરી ખાતે યોજાયેલ મીટીંગ માં કલેકટર જી?.ટી.પંડ્યાએ માધવપુર ઉત્સવની માહિતી આપતા જણાવેલ કે દર વર્ષની જેમ આ વર્ષે પણ માધવપુર ખાતે ૧૭ થી ૨૧ એપ્રિલ સુધી જે ભગવાનના લગ્ન તેમજ રૂક્ષ્મણી મંદિર ખાતે પરત આવે છે તે અંતર્ગત કાર્યક્રમોમાં ૧૭ તારીખે માધવપુર ખાતે કાર્યક્રમનું ઈનોગરેશન થશે ત્યારબાદ ભગવાનની જાન પરત દ્વારકા આવે છે તે દરમ્યાન દ્વારકા ખાતે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલું છે. દ્વારકા ખાતે યોજાનાર કાર્યક્રમમાં વિવિધ સમાજ દ્વારા, વિવિધ મંદિરના પ્રતિનિધિઓ દ્વારા, ગુગળી બ્રાહ્મણ તેમજ રૂક્ષ્મણી મંદિર ખાતે કાર્યક્રમનું સમાપન થનાર હોય ઉત્સવ સંલગ્ન અલગ અલગ સમાજ તરફથી,ગુગળી બ્રાહ્મણ જ્ઞાતિ તરફથી, રૂક્ષ્મણી મંદિર તરફથી,હોટલ એસોસિયન તરફથી તેમજ વિવિધ સમાજના પ્રતિનિધિ સહિત તમામ સંસ્થાના પ્રતિનિધિઓ તરફથી અભિપ્રાયો મેળવવામાં આવ્યા હતા આ ઉપરાંત ગેરહાજર સમાજોના પ્રતિનિધિઓ સાથે પ્રાંત અધિકારી ની મીટીંગ બાદ કાર્યક્રમને આખરી ઓપ આપવામાં આવનાર છે. કાર્યક્રમની સમાપ્તિ બાદ દ્વારકા સર્કિટ હાઉસ ખાતે યોજાનાર કલ્ચરલ કાર્યક્રમમાં સર્વ દ્વારકાવાસીઓને પધારવા કલેકટર પંડ્યાએ હાર્દિક નિમંત્રણ પાઠવ્યું હતું

# દ્વારકામાં આંબેડકર જયંતી નિમિતે શોભાયાત્રા નિકળશે

દ્વારકા : ભારતના બંધારણના ઘડવૈયા ડો. ભીમરાવ (બાબાસાહેબ) આંબેડકરની ૧૩૩ મી જન્મજયંતી નિમિત્તે યાત્રાધામ દ્વારકામાં તા. ૧૪-૪-૨૪ ને રવિવારના ઊજવણી કરવામાં આવનાર છે.

તા. ૧૪ ને રવિવારના સમસ્ત દ્વારકા ઓખામંડળ અનુસૂચિત સમાજ આયોજિત શોભાયાત્રા સવારે ૯-૩૦ કલાકે આંબેડકર નગરથી નીકળશે. શહેરના પ્રમુખ માર્ગો તીનબત્તી ચોક, માર્કેટ ચોક, બાંસુરી ચોક થઈ ભદ્રકાલી રોડ પર આવેલ ડો. બાબાસાહેબની પ્રતિમા સુધી રેલી યોજાશે. જેમાં એસ.સી., એસ.ટી., ઓબીસી તેમજ લઘુમતી સમુદાયના લોકો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેશે. જયાં બાબાસાહેબની પ્રતિમાને અગ્રણીઓ દ્વારા માલ્યાર્પણ કરવામાં આવશે. અગ્રણીઓ પ્રાસંગિક ઉદ્‌બોધન કરશે. બપોરે ૧ કલાકે છાત્રાલયમાં ભોજન સમારંભ પણ યોજવામાં આવનાર છે. કાર્યક્રમને સફળ બનાવવા દ્વારકા ઓખામંડળ અનુસૂચિત સમાજ વતી જયોતિબેન માંગલીયા, કિશન કરાણી તથા અનુ. જાતિના ભાઈઓ તેમજ ભીમ સૈનિકો જહેમત ઉઠાવી રહ્યા છે.

# જામનગર જિલ્લા પંચાયતના કર્મીઓ દ્વારા બોક્સ ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાઈ



જામનગર : વિશ્વ આરોગ્ય દિવસ ૭ મી એપ્રિલ ૨૦૨૪ ના સૂત્ર-'મારૂ આરોગ્ય, મારો અધિકાર'ને ચરિતાર્થ કરવા તથા ઉજવણીના ભાગ રૂપે જામનગર જિલ્લા પંચાયત આરોગ્ય કર્મચારી મહામંડળ તરફથી બોક્સ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરી જિલ્લાભરના આરોગ્ય વિભાગના કર્મીઓ સ્વસ્થ રહે અને તેમનામાં શિસ્ત, સેવા અને સંગઠનની ભાવના મજબૂત બને તેવા શુભ હેતુથી આયોજન કરવામાં આવ્યું હતું.

આ સાથે આરોગ્ય વિભાગમાં સામાજિક સદ્ભાવના અને ભાઈચારો જળવાઈ રહે તેવા શુભ હેતુથી મુસ્લિમ સમાજ તથા હિન્દુ સમાજના અધિકારી-કર્મચારીઓને રમજાન માસમાં હરણી રોજુ છોડાવવાનું આયોજન પણ કરવામાં આવ્યું હતું.

સમગ્ર કાર્યક્રમમાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. એચ.એચ. ભાયા, જિલ્લા પંચાયત મહાસંઘના પ્રમુખ દિગુભા જડેજા, આરોગ્ય મંડળના પ્રમુખ વી.પી. જાડેજા, પંચાયત કર્મચારી નગરના દેવેન્દ્રસિંહ પરમાર, ડો. ગુપ્તા, ડો. પી.ડી. પરમાર, નારણભાઈ સોરઠિયા તથા આરોગ્ય વિભાગના અધિકારીઓ-કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતાં. ડીપીસી યજ્ઞેશ ખારેચાનો સહયોગ સાંપડ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન નીરજ મોદી દ્વારા કરવામાં આવ્યું હતું.

# જામનગરનો યુવાન ઈન્ટરવ્યૂ દેવા ગયા બાદ લાપત્તા થતા શોધખોળ



જામનગર : જામનગરના દિગ્વિજય પ્લોટ વિસ્તારમાં રહેતા એક પરિવારનો યુવાન પુત્ર પોતાના ઘરેથી નોકરી માટે ઈન્ટરવ્યૂ આપવા માટે નીકળ્યા પછી લાપત્તા બની જતાં તેના પિતાએ પોલીસમા જાણ કરી છે.


જામનગર ના દિગ્વિજય પ્લોટ વિસ્તારના શેરી નં.૫૮ માં રહેતા પ્રવીણભાઈ સેવકરામ ખીચડા નામના સિંધી ભાનુશાળી પ્રૌઢનો પુત્ર અનિલ (૨૭) ગત તા.૭ ની બપોરે ચેલા ગામમાં આવેલા એક કારખાનામાં ઈન્ટરવ્યૂ આપવા માટે ગયો હતો.

ત્યાંથી સાંજે અનિલે પોતાના ઘરે ફોન કરીને નોકરીનું નક્કી થઈ ગયું હોવાનું જણાવી પોતે ઘરે આવતો હોવાનું કહ્યું હતું. તે પછી ગઈકાલ સુધી અનિલ પોતાના ઘેર પરત.આવ્યો ન હતો. આથી પ્રવીણભાઈએ પોલીસમાં જાણ કરી છે. ગુમ થનાર યુવાન સાડા પાંચેક ફૂટની ઉંચાઈ અને રૂપાળો વાન ધરાવે છે. છેલ્લે તેણે કોફી કલરનો શર્ટ અને ક્રીમ કલરનું પેન્ટ પહેરેલુ હતું, તેના ડાબા હાથની કોણી પાસે ઓપરેશનનું નિશાન છે. આ યુવાન અંગે કોઈને જાણકારી હોય તો તેઓ એ જામનગર નાં સિટી-એ ડિવિઝન પોલીસ સ્ટેશન નો સંપર્ક સાધવા જણાવાયું છે.

## જામનગર શહેરમાં આજે જનસેવા કેન્દ્રની કામગીરી યથાવત રહેશે

જામનગર : જામનગર શહેરમાં હાલમાં વિવિધ કોલેજોમાં પ્રવેશ પ્રક્રિયા શરુ કરવામાં આવી છે. તેમજ પોલીસ વિભાગ સહિત વિવિધ જગ્યાઓ પર ભરતી પ્રક્રિયા શરુ હોવાથી નાગરિકોને અગવડતા ના પડે તે હેતુથી આવતીકાલે તારીખ ૧૩ એપ્રિલના રોજ શનિવારના જાહેર રજાના દિવસ દરમિયાન મામલતદાર કચેરી, જામનગર શહેર ખાતે સવારે ૧૦:૩૦ કલાકથી બપોરના ૨:૦૦ કલાક સુધી જનસેવા કેન્દ્રની કામગીરી યથાવત રહેશે. જેની જામનગર શહેરના તમામ નાગરિકોને ખાસ નોંધ લેવા માટે પ્રાંત અધિકારી, જામનગર શહેરની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

## માસુમ રોઝેદાર



જામનગર શહેરના ખોજા નાકા બહાર વિસ્તારમાં રહેતા મુસાણી પરિવાર નો માત્ર ૧૦ વર્ષ નો લાડલો દીકરો દ્વારા રમઝાન માસ દરમ્યાન પુરા ૩૦ રોઝા રાખી એક ખરાં અર્થમાં અલ્લાહ ની ઈબાદત કરી હતી. હાલ રમઝાન માસ ચાલી રહ્યો છે. મુસ્લિમ સમાજ ના વડીલો, યુવાનો તેમજ બાળકો અલ્લાહની બંદગી કરી રહ્યા છે. ત્યારે વડીલોને જોઈ જવાદ શબ્બીરભાઈ મુસાણી દ્વારા પોતાના જીવનમાં પ્રથમવાર અંદાજિત ૧૪ કલાક સળંગ ભુખ્યા તરસ્યાં રહી ૩૦ રોઝા પૂરા રાખ્યા હતા. આ માસુમ બાળકીએ પૂરા મહિના રોઝા રાખીને મોટા લોકો જે રોઝુ નથી રાખતા એને પ્રેરણા મળે તેવું કાર્ય કરી બતાવ્યું છે.

# દ્વારકા વેસ્ટર્ન રેલવે મજદૂર સંઘ દ્વારા હૃદય સ્વાસ્થ્ય પરીક્ષણ કેમ્પ યોજાયો



તસવીરઃ રાકેશ સામાણી

દ્વારકા : વેસ્ટર્ન રેલવે મઝદૂર સંઘ (સંલગ્ન NFIR/INTUC/ITF)ના બેનર હેઠળ રાજકોટ મંડળ ના સચિવ હિરેનભાઈ મેહતાના માર્ગદર્શનથી WRMSની દ્વારકા શાખા અને બરોડા હાર્ટ ઈન્સ્ટિટ્યૂટ (કાર્ડીઓલોજી યુનિટ) શારદા હોસ્પિટલના ડોક્ટર વિપુલ નિમાવત તેમજ તેમની ટીમ દ્વારા વેસ્ટર્ન રેલવે મઝદૂર સંઘ ઑફિસ દ્વારકા ખાતે આજે તારીખ ૦૬-૦૪-૨૦૨૪ના રોજ રેલ્વે કર્મચારી તેમજ તેમના પરિવાર માટે હૃદય સ્વાસ્થ્ય પરીક્ષણ કેમ્પનું આયોજન કરવામાં આવેલ. જેમાં દ્વારકા શાખાના લગભગ ૧૨૫ લોકોએ પરીક્ષણ કરાવી કેમ્પ સફળ બનાવ્યો હતો. વેસ્ટર્ન રેલવે મઝદૂર સંઘ, દ્વારકા બ્રાન્ચના શાખા અધ્યક્ષ હિતેષ ઠાકર, શાખા સચિવ-હરિસિંહ ચૌધરી, મોહિત મહેતા, સુદીપ મિશ્રા તેમજ WRMSના સક્રિય કાર્યકર્તાઓ દ્વારા કેમ્પને સફળ બનાવ્યો હતો.

# જામનગરમાં સૌ પ્રથમ વખત વૈદિક વાલીપણા અને ગર્ભવિજ્ઞાન અંગે સેમીનાર

જામનગર : જામનગરનાં આંગણે સૌપ્રથમવાર વૈદિક પેરેન્ટિંગ તેમજ વૈદિક ગર્ભવિજ્ઞાન પર સેમીનારનું આયોજન કરવામાં આવ્યું છે. આગામી તા.૧૪ એપ્રિલ ૨૪ના શ્રી એલ. જી. હરીયા સ્કુલ, ખાતે બાળકોને લગતી સમશયાઓને આવરી લેતા ત્રણ વિષય ઉપર સેમિનાર યોજાશે.

છેલ્લા પાંચ વર્ષથી દરકપુષ્યનક્ષત્રના દિવસે જામનગરના અલગ-અલગ વિસ્તારોમાં મન્ત્રૌષધિ સુવર્ણ પ્રાશનમ્ ના કેન્દ્રો નિઃશુલ્ક ચલાવે છે. વર્તમાનમાં બાળકોને લગતી વિવિધ સમસ્યાઓ માટે વૈદિક પેરેન્ટિંગની ટીપ્સ અદભૂત ઉપાય છે. વારાણસીના પ્રસિદ્ધ આચાર્ય પૂ.વિશ્વનાથ ગુરૂજી એ વૈદિક પેરેન્ટિંગનું જ્ઞાન સૂત્રબદ્ધ આપેલ છે. જે વિશે આ સેમીનાર દેશભરમાં ૧૮ રાજયોમાં તેમજ ૪ દેશોમાં ચાલે છે, જામનગરમાં પણ આ સેમીનાર રાખવામાં આવેલ છે. આ સેમીનારમાં બાળકોની આંતરિક શક્તિનો વિકાસ કેવી રીતે કરવો? બાળકોને મોબાઈલ ટી.વી. ની આદતો કેમ સુધારવી? બાળકોને જિદ્દ-ગુસ્સા થી કેવી રીતે બચાવવા ? ઈત્યાદિ બધાજ વિષયો તેમજ આયુર્વેદની દ્રષ્ટિથી ગર્ભવિજ્ઞાન તેમજ મન્ત્રૌષધિ ગર્ભસંસ્કારનું શું મહત્વ છે, તેની વિશેષ ચર્ચા કરવામાં આવશે. તા. ૧૪ એપ્રિલ ૨૪ ના સાંજે ૫ થી ૭ દરમ્યાન હરિયા સ્કૂલ રણજીતનગર ખાતે યોજાશે.આ કાર્યક્રમ નિઃશુલ્ક છે, પરંતુ ફોન ન. ૯૭૧૨૦ ૪૦૪૩૮ / ૯૭૧૨૭ ૭૧૭૦૭ / ૯૬૬૪૯ ૧૧૧૮૨ રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત છે.

### સમગ્ર સૌરાષ્ટ્ર કચ્છના ૬૦૦ થી વધુ સદસ્યોની ઉપસ્થિતિમાં

## લાયન્સ કલબ ઈન્ટરનેશનલ દ્વારા જામનગરના સિનિયર મહિલા કોર્પોરેટરનું કરાયું સન્માન



જામનગર : લાયન્સ કલબ ઈન્ટરનેશનલ ડિસ્ટ્રીક ૩૨૩૨-જેનું વાર્ષિક અધિવેશન જામનગર પદ્મ બેંકયુટ હોલમાં યોજવામાં આવ્યું હતું, જેમાં સમગ્ર સૌરાષ્ટ્ર કચ્છના ૬૦૦ થી પણ વધું સદસ્યો, ધારાસભ્ય રિવાબા જાડેજા,કાંધલ જાડેજા, બિલ્ડર મેરામણભાઈ પરમાર સહિત લાયન્સ કલબ ના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા, આ સંમેલનમાં ઈન્ટરનેશનલ ડાયરેક્ટર જીતેન્દ્ર ચૌહાણ અને ડિસ્ટ્રિક્ટ ગવર્નર હિરલબા જાડેજા, પૂર્વ ગવર્નર મોનાબેન શેઠ હસ્તે જામનગર ભારતીય જનતા પાર્ટીના સિનિયર મહિલા કોર્પોરેટર ડિમ્પલબેન રાવલ નું સન્માન કરવામાં આવ્યું હતું.

પર્યાવરણ અને જીવદયાનું ૯ વર્ષથી કાર્ય કરી રહેલા અને તેમાં પણ ખાસ કરીને ચકલી બચાવો અભિયાન દ્વારા ૫૦ હજારથી પણ વધુ ચકલીના માળા અને પક્ષીને ઉનાળામાં પીવાનું પાણી મળી રહે તે હેતુસર પાણીના બાઉલનું વિનામૂલ્યે વિતરણ કામગીરી માટે લાયન્સ કલબ ઓફ જામનગર વેસ્ટ પરિવારના કોર્પોરેટર ડિમ્પલબેન રાવલ નું વાર્ષિક સંમેલનમાં સન્માન કરવામાં આવ્યું હતું.

# અંકુર કુમાર એસ્સાર પાવરના રિન્યૂએબલ્સ ડિવિઝનના ચીફ એકઝીક્યુટીવ ઓફિસર નિમાયા



જામનગર : ભારતના પ્રથમ ખાનગી ક્ષેત્રના સ્વતંત્ર પાવર ઉત્પાદક એવા એસ્સાર પાવર લિમિટેડ દ્વારા તેના રિન્યૂએબલ્સ ડિવિઝન માટે અંકુર કુમારની ચીફ એક્ઝીક્યુટીવ ઓફિસર પદે નિમણૂંક કરાઇ છે. અંકુર એસ્સાર ગ્રુપના ગ્રીન એનર્જી તરફના ટ્રાન્સીશનની નેમને વેગ આપવા તથા ભારતમાં રીન્યૂએબલ ઈકોસિસ્ટમ મજબૂત કરવામાં મુખ્ય ભૂમિકા ભજવશે.

રીન્યૂએબલ એનર્જી તથા સાર્વજનિક માળખાકીય ક્ષેત્ર સાથે ૨૪ વર્ષથી વધુનો અનુભવ ધરાવતા અંકુર કુમાર તેમના બહોળા જ્ઞાન અને કુશળતા સાથે ગ્રુપને મહત્વનો ફાળો આપશે. અગાઉ એકમે સોલાર હોલ્ડિંગ્સ પ્રાઈવેટ લિમિટેડના સીઈઓ તરીકે કાર્યરત અંકુર કુમારે તે કંપનીના

ગ્રીન હાયડ્રોજન અને અમોનિયા ક્ષેત્રે વ્યૂહાત્મક અને ભૌગોલિક વિસ્તરણમાં મહત્વનો ભાગ ભજવ્યો હતો. તેમના આ નવા કાર્યક્ષેત્રમાં તેઓ એસ્સાર પાવર બોર્ડ અને એસ્સારના અનુભવી નેતૃત્વ સાથે સંયોજન કરશે. આ સંયોજન દ્વારા એસ્સારની સઘળી ટીમ રિન્યૂએબલ ઉર્જા ક્ષેત્રે એક મજબૂત પોર્ટફોલિયો બનાવવા અને તે માટે જરૂરી માનવ સંસાધન એકત્ર કરી એસ્સાર પાવરની ગ્રીન એનેર્જીની પહેલને વધુ વેગવાન બનાવવા તરફ કાર્યરત થશે. આ નિમણુંક અંગે પ્રતિક્રિયા આપતા એસ્સાર કેપિટલના ડિરેક્ટર પ્રશાંત રુઇયાએ જણાવ્યું કે "એસ્સાર ગ્રુપ તેના તમામ કાર્યક્ષેત્રોને ગ્રીન બનાવવાના વિઝન તરફ ખુબ ગતિશીલ છે. અંકુર કુમાર અમારી સાથે જોડાતા, અમો અમારી રીન્યૂએબલ ક્ષેત્રની યોજનાઓને વધુ વેગથી આગળ વધારીશું. તેમનો બહોળો અનુભવ અને કુશળ નેતૃત્વ એસ્સાર પાવરને વધુ સસ્ટેનેબલ ભવિષ્ય તરફ આગળ ધપાવવામાં સહયોગી બનશે."

એસ્સાર પાવરના સીઈઓ અંકુર કુમારે જણાવ્યું કે "હું એસ્સાર પાવર સાથે કાર્યરત થઈ રીન્યૂએબલ એનર્જી સોલ્યુસન્સ દ્વારા ઉત્કૃષ્ટ ભવિષ્યના નિર્માણની આ સફર માટે અતિ ઉત્સાહિત છું. અમારા આ સામુહિક પ્રયત્નો આવનારી પેઢીઓ માટે હકારાત્મક બદલાવ લાવવામાં મહત્વની ભૂમિકા ભજવશે."

ટીબીઈએ ઝીનજિઆંગ સુનાઓસીસ કંપની લિમિટેડ ખાતે તેમનો નેતૃત્વ કાર્યકાળ તેમની વ્યાપારિક ઉદ્દેશ્યોની પ્રાપ્તિની, ઉચ્ચ કાર્યક્ષમ ટીમના નિર્માણ અને સંચાલન તથા સમય અને બજેટની અંદર પ્રોજેક્ટસ પુરા કરવાની કુશળતા દર્શાવે છે.

અંકુર કુમાર ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ, ઈન્દોરના પૂર્વ વિદ્યાર્થી છે જયાં તેઓએ ફાઈનાન્સ અને સ્ટ્રેટેજી વિષયમાં એમબીએની ડિગ્રી પ્રાપ્ત કરી છે. તેઓ દિલ્હી યુનિવર્સિટીની બેચલર ઓફ કૉમેર્સની ડિગ્રી પણ ધરાવે છે.

## સુરજકરાડીમાં રામસેવા સમિતિ દ્વારા શોભાયાત્રાનું આયોજન

મીઠાપુર : સુરજકરાડીની શ્રી રામ સેવા સમિતિ દ્વારા રામનવમી મહોત્સવ ઉજવવાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

તા. ૧૭-૪-૨૪ના રામનવમીના દિને સવારે ૮-૩૦ વાગ્યે સુરજકરાડીના રામ મંદિરેથી શોભાયાત્રા પ્રસ્થાન થશે. જે મીઠાપુર થઈ પરત શ્રી રામ મંદિરે બપોરે ૧૨ વાગ્યે સમ્પન્ન થશે. સનાતન ધર્મપ્રેમી ભકતોને શોભાયાત્રામાં જોડાવા માટે તેમના વાહનોનું રજીસ્ટ્રેશન મો.નં. ૯૯૯૮૧ ૦૧૧૨૩ (ભાર્ગવભાઈ તન્ના) ઉપર કરાવી લેવા જણાવાયું છે. બહેનો, વડીલો, બાળકો માટે વાહનની વ્યવસ્થા રાખવામાં આવી છે. બહેનો પોતાનું સ્વૈચ્છિક વાહન પણ લઈને આવી શકે છે.

રામભકતોએ સ્વૈચ્છિક પ્રસાદીના સ્ટોલ માટે સ્થળ અને પ્રસાદીના ઉલ્લેખ સાથે તેમજ શોભાયાત્રામાં વાહન માટે સહયોગ સેવા (કેમ્પર, બોલેરો) આપવા ઈચ્છુકોએ રવિ પરમાર (૮૫૩૦૭ ૭૭૭૦૭)નો સંપર્ક કરવા જણાવાયું છે.

## સ્તુતિ

શ્રી અંબિકા તુ કાલિકા મા ભોળી રે ભવાની મા
આદિ અનાતિું શકિત માતા તુ છો મા સુખદાયની
પીંડ બ્રહ્માંડ રચિત ઈશ્વરી મા દેવી તુ વરદાયની
બ્રહ્મા, વિષ્ણુ, મહેશ મુનિજન માતુ છે મનરંજની
ગંગા, ગોદાવરી, ગાયત્રી મા ભૂવનેશ્વરી ભવતારની
સીતા, સાવિત્રી, અનસૂયા, પાર્વતિ પાપ વિનાશિની
ખોડલ, રાંદલ, ચામુંડા, હરસિધ્ધિ મા મનભવાની
મેલડી, મોમાઈ, સંતોષી મા આશાપુરા મા સહાયની
ચોસઠ જોગણી જોગમાયા જગદંબા મા જગ જનની
કાસીઠ વિનવે માતને લાવી નવરાત્રિ નવરંગની

**દુહો**

એ જય ચામુંડા જોગણી કર ત્રિશૂળ કરપાણ
દયા ભકત દૈત્યા દહન હિરણ દંડ આસુરાણ
એ માડી ચિંતા વિઘ્ન વિનાશીની મી
કમલાસનની સકસ
માડી વીસ હથી હંસ વાહિની માડી
દુગા દેજે સમાજ

– નંદિની નાયડુ

## અવસાન નોંધ

**જામનગર :** જામનગર નિવાસી ચંદ્રકાન્ત પ્રેમજીભાઈ પટેલ તા.૧૧-૪-૨૦૨૪ના રોજ દેવલોક પામેલ છે. સદગતું બેસણું તા.૧૨-૪-૨૦૨૪, શુક્રવારના રોજ સાંજે ૫ થી ૬ કલાકે કેશવજી અરજણ લેઉવા પટેલ સમાજ, રણજીતસાગર રોડ, જામનગર રાખેલ છે.

# ભાજપે મહારાષ્ટ્રમાં સ્ટાર પ્રચારકોની યાદીમાંથી એકનાથ શિંદે અને અજિત પવારને દુર કર્યા

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ૪૦ સ્ટાર પ્રચારકોની સુધારેલી યાદી ચૂંટણી પંચને સુપરત કરવામાં આવી

મુંબઈ,

મહારાષ્ટ્રમાં લોકસભાની ૪૮ બેઠકો માટે પાંચ તબક્કામાં ચૂંટણી યોજાઈ રહી છે. પ્રથમ તબક્કામાં વિદર્ભનો સમાવેશ થાય છે જેના માટે ૧૯ એપ્રિલે મતદાન થશે. છેલ્લા તબક્કાનું મતદાન ૨૦ મેના રોજ છે જેમાં મુંબઈનો સમાવેશ થાય છે.

બીજેપીએ મહારાષ્ટ્રના મુખ્યપ્રધાન એકનાથ શિંદે અને નાયબ મુખ્યપ્રધાન અજિત પવારને મહારાષ્ટ્રમાં પોતાના સ્ટાર પ્રચારકોની યાદીમાંથી હટાવ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ૪૦ સ્ટાર પ્રચારકોની સુધારેલી યાદી ભારતના ચૂંટણી પંચને સુપરત કરવામાં આવી હતી.

મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારને લખેલા પત્રમાં, ભાજપના રાષ્ટ્રીય મહાસચિવ અને મુખ્યાલયના પ્રભારી અરુણ સિંહે જણાવ્યું હતું કે, "આ યાદી મહારાષ્ટ્ર રાજ્ય માટે અનુસૂચિ ૪ અને ૫ માં સમાવિષ્ટ બાકીના સંસદીય મતવિસ્તારો માટે માન્ય ગણવી, સિવાય કે અમે નિર્ધારિત સમય મર્યાદામાં બાકીની યાદી માટે સુધારેલી યાદી મોકલીએ."

NCP (SCP) જૂથે તેના સ્ટાર પ્રચારકો તરીકે અન્ય પક્ષોના રાજકારણીઓના નામો પ્રકાશિત કરીને લોકોના પ્રતિનિધિત્વ અધિનિયમ અને ચૂંટણી સંહિતાના ઉલ્લંઘન માટે ભાજપ વિરુદ્ધ ECIમાં ફરિયાદ નોંધાવી હતી. જેમાં કહેવામાં આવ્યું હતું કે આ લોકપ્રતિનિધિત્વ અધિનિયમની કલમ ૭૭નું ઉલ્લંઘન છે.

# નવરાત્રિના ત્રણ દિવસમાં એક લાખથી વધુ ભક્તોએ માતા રાનીના દર્શન કર્યા



કટરા,

ચૈત્ર નવરાત્રિના કારણે માતા વૈષ્ણોદેવીના દરબારમાં દરરોજ ભક્તિનો પૂર જોવા મળે છે. માતાજીના દર્શન કરવા દેશ-વિદેશથી લોકો આવી રહ્યા છે. નવરાત્રિના ત્રણ દિવસમાં એક લાખથી વધુ ભક્તોએ દરબારમાં માથું ટેકવ્યું હતું. ધર્મનગરી ભક્તોથી ગુંજી રહી છે. સર્વત્ર ભક્તિમય વાતાવરણ છે. દરેક જગ્યાએ માતાના ગુણગાન સંભળાય છે. ગુરુવારે સાંજે ૬ વાગ્યા સુધીમાં, લગભગ ૨૮,૫૦૦ ભક્તો માતાની સ્તુતિ કરીને ઈમારત તરફ આગળ વધ્યા હતા. શનિવાર અને રવિવારે ભક્તોની સંખ્યામાં વધારો થવાની સંભાવના છે.

નોંધણી ખંડના જણાવ્યા અનુસાર ગુરુવારે બપોરે ૧૨ વાગ્યા સુધીમાં ૧૪ હજાર, ૪ વાગ્યા સુધીમાં ૨૨ હજાર અને સાંજે ૬ વાગ્યા સુધીમાં લગભગ ૨૮ હજાર ૫૦૦ ભક્તોએ નોંધણી કરાવી હતી. જોકે, રૂમ બંધ થવામાં હજુ બે કલાક બાકી હતા.

# મથુરામાં ચૂંટણી પ્રચાર દરમિયાન હેમા માલિની ઘઉં કાપતી જોવા મળી



મથુરામાં બીજેપી ઉમેદવાર અને સાંસદ હેમા માલિની ઘઉંની કાપણી કરતી મહિલાઓને મળવા પહોંચી હતી. હેમા માલિનીએ મહિલાઓ સાથે ઘઉંની કાપણી પણ કરી હતી. ઘઉં કાપવાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે.

# કરાચીમાં ઈદ પર લૂંટની ઘટનામાં ૧૯ લોકોના મૃત્યુ : ૫૫ ઈજાગ્રસ્ત

કરાંચી,

કરાચીમાં રમઝાન ૨૦૨૪ દરમિયાન ગુનામાં વધારો જોવા મળ્યો છે જેમાં વિરોધ લૂંટના પરિણામે ૧૯ મૃત્યુ અને ૫૫ ઘાયલ થયા છે. એક મીડિયા ચેનલના અહેવાલમાં આ દાવો કરવામાં આવ્યો છે. એક પોલીસ અધિકારીએ ખુલાસો કર્યો કે કરાચીમાં લૂંટના પ્રયાસ દરમિયાન ૧૯ નાગરિકોના મોત થયા હતા. આ ઘટનામાં સામેલ લૂંટારુઓ હથિયારોથી સજ્જ હતા. શહેરમાં આ વર્ષે લૂંટ સંબંધિત મૃત્યુમાં નોંધપાત્ર વધારો થયો છે, જે કુલ ૫૬ પર પહોંચી ગયો છે, જ્યારે ૨૦૦ થી વધુ લોકો ઘાયલ થયા છે. તેની સરખામણીમાં, ગયા વર્ષના સમાન સમયગાળામાં લૂંટ સામે પ્રતિકારને કારણે ૨૫ મૃત્યુ અને ૧૧૦ ઈજાગ્રસ્ત થયા હતા. સમાન સંજોગોને કારણે ૧૦૮ મૃત્યુ અને ૪૬૯ ઈજાઓ સાથે ૨૦૨૩ માં આંકડા ચિંતાજનક રીતે વધુ હતા.

કરાચી પોલીસે આ વર્ષે લૂંટારાઓ સાથે ૪૨૫ એન્કાઉન્ટર કર્યા હતા, જેમાં ૫૫ ડાકુ માર્યા ગયા હતા અને ૪૩૯ ઘાયલ થયા હતા. સિટિઝન્સ-પોલીસ લાયઝન કમિટીના અહેવાલ મુજબ, ૨૦૨૪ના પ્રથમ ત્રણ મહિનામાં ૨૨,૬૨૭ ગુના નોંધાયા હતા, જેમાં લૂંટના પ્રતિકારના પરિણામે ૫૯ મૃત્યુ અને ૭૦૦ થી વધુ ઈજાઓ સામેલ છે. આ સિવાય આ સમયગાળા દરમિયાન ૩૭૩ કાર, ૧૫,૯૬૮ મોટરસાઈકલ અને ૬,૧૦૨ મોબાઈલ ફોન ચોરાઈ ગયા હોવાનું નોંધાયું છે.

અહેવાલમાં કરાચીમાં ખંડણી માટે અપહરણની ૨૫ ઘટનાઓ અને ખંડણી માટે અપહરણના પાંચ કેસોનું પણ દસ્તાવેજીકરણ કરવામાં આવ્યું હોવાનું મીડિયા ચેનલે અહેવાલ આપ્યો છે.

# ચીન સાથે શાંતિની મોદીની પહેલને ડ્રેગને આપ્યો હકારાત્મક પ્રતિસાદ

બીજીંગ,

હાલમાં જ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અમેરિકન મેગેઝિન ન્યૂઝવીકને આપેલા ઈન્ટરવ્યુમાં ઘણા મુદ્દાઓ વિશે વાત કરી હતી. પીએમએ ભારત અને ચીન વચ્ચે સ્થિર અને શાંતિપૂર્ણ સંબંધોને સમગ્ર ક્ષેત્ર અને વિશ્વ માટે મહત્વપૂર્ણ ગણાવ્યા છે. પીએમએ કહ્યું કે ચીન સાથેના સંબંધો ભારત માટે મહત્વપૂર્ણ છે. પીએમ મોદીએ કહ્યું કે ભારત અને ચીન વચ્ચે સ્થિર અને શાંતિપૂર્ણ સંબંધો માત્ર આપણા બંને દેશો માટે જ નહીં પરંતુ સમગ્ર ક્ષેત્ર અને વિશ્વ માટે મહત્વપૂર્ણ છે.

હવે પીએમ મોદીના આ ઉલ્લેખ બાદ ચીનની પ્રતિક્રિયા પણ સામે આવી છે. ચીને ગુવારે વડા પ્રધાન પીએમ મોદીની સરહદ વિવાદ સંબંધિત ટિપ્પણીઓ પર પ્રતિક્રિયા આપતા કહ્યું કે 'મજબૂત અને સ્થિર સંબંધો' ચીન અને ભારતના સામાન્ય હિતોને સાધવા જરી છે.

વાસ્તવમાં, યારે ચીનના વિદેશ મંત્રાલયના પ્રવકતા માઓ નિંગને પ્રેસ કોન્ફરન્સ દરમિયાન પીએમ મોદીના નિવેદન પર પ્રતિક્રિયા આપવાનું કહેવામાં આવ્યું ત્યારે તેમણે કહ્યું કે ચીને વડા પ્રધાનની ટિપ્પણીની નોંધ લીધી છે. અમાં માનવું છે કે મજબૂત અને સ્થિર ચીન-ભારત સંબંધો બંને પક્ષોના સામાન્ય હિતોને પૂરા પાડે છે અને તે પ્રદેશ અને તેની બહાર શાંતિ અને વિકાસ માટે અનુકૂળ છે.

# ૩ આઈએએસ અધિકારીઓ પર આરોપ પેરિસમાં પ્રજાના પૈસે રોયલ શોખ પૂરા કર્યા



ચંડીગઢ,

ચંદીગઢના ત્રણ આઈએએસ અધિકારીઓ પર ગંભીર આરોપો લગાવવામાં આવ્યા છે. વાત જાણે એમ છે કે, આ ત્રણેય અધિકારીઓ પર વ્યર્થ ખર્ચ કરવાનો આરોપ છે. ડાયરેક્ટર જનરલ ઓફ ઓડિટ (સેન્ટ્રલ), ચંદીગઢના રિપોર્ટમાં આ વાત સામે આવી છે. રિપોર્ટ અનુસાર ચંદીગઢના ત્રણ આઈએએસ ઓફિસર જૂન ૨૦૧૫માં પેરિસના પ્રવાસે હતા. આ સમયગાળા દરમિયાન તેણે કરદાતાઓના રૂપિયા ૬.૭૨ લાખથી વધુ ખર્ચ કર્યા હતા.

આ આરોપો વિજય કુમાર દેવ, જે તે સમયે ચંદીગઢ પ્રશાસનના સલાહકાર હતા, ચંદીગઢના ગૃહ સચિવ અનુરાગ અગ્રવાલ અને તત્કાલીન સચિવ (વ્યક્તિગત) વિક્રમ દેવ દત્ત પર લગાવવામાં આવ્યા છે. કરદાતાઓના નાણાંનો દુરુપયોગ કરવા બદલ તેમની તપાસ કરવામાં આવી રહી છે. આરોપ છે કે આ ત્રણેય અધિકારીઓએ મનસ્વી રીતે પેરિસની તેમની યાત્રાનો સમયગાળો લંબાવ્યો ટ્રિપ દરમિયાન ખૂબ જ મોંઘી હોટેલોમાં રોકાયા અને તમામ નિયમોની અવગણના કરીને એકબીજાની ટ્રિપ્સને મંજૂરી આપી. ૨૦૧૫માં ચંદીગઢ એડમિનિસ્ટ્રેશનને પેરિસના લે કોર્બ્યુઝિયર ફાઉન્ડેશન તરફથી આમંત્રણ મળ્યું હતું. સ્વિસ-ફ્રેન્ચ આર્કિટેક્ટ કંપની લે કોર્બ્યુઝિયરની ૫૦મી વર્ષગાંઠ નિમિત્તે યોજાનારી બેઠકને ધ્યાનમાં રાખીને આ આમંત્રણ આપવામાં આવ્યું હતું.

# પંજાબમાં લોકસભા ચૂંટણીમાં ઈન્દિરા ગાંધીના હત્યારાના પુત્રે પણ ઝંપલાવ્યું

ફરીદકોટ,

પંજાબનાં ફરીદકોટ લોકસભાની સીટમાં ભાજપે ઉતર પશ્ર્ચિમી દિલ્હીનાં પોતાના હાલનાં સાંસદ અને સુફી ગાયક હંસરાજ હંસને ઉતાર્યો છે. જયારે આમ આદમી પાર્ટીએ એકટર કરમજીત અનમોલને ટીકીટ આપી છે ત્યારે આ ચૂંટણી જંગમાં પૂર્વ વડાપ્રધાન સ્વ.ઈન્દીરા ગાંધીનાં સિકયોરીટી ગાર્ડ અને હત્યારા બિયંતસિંહનો પુત્ર સરબજીતસિંહ ખાલસા અપક્ષ ઉમેદવાર તરીકે ઊતર્યો છે.

બિયંતસિંહનાં ૪૫ વર્ષિય પુત્ર સરબજીતસિંહ ખાલસાએ ચૂંટણી લડવાને લઈને જણાવ્યું હતું કે, વિસ્તારનાં ઘણા લોકોએ તેને ફરીદકોટથી ચૂંટણી લડવાનુ કહ્યું છે. જન સમર્થન મળવાને કારણે જ હું ચૂંટણી લડી રહ્યો છુ. તેમ તેણે જણાવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, ૧૨ માં ધોરણ બાદ અભ્યાસ છોડી દેનાર સરબજીતસિંહ ખાલસાનાં પરિવારનો રાજનીતી સાથે જુનો નાતો છે. તેની માતા બિમલકૌર ૧૯૮૯ માં રોપડમાં સાંસદ રહી ચુકી છે તો તેના નાના સુરચાસિંહ તે વર્ષ બઠીંડામાં સાંસદ બન્યા હતા. સરબજીતસિંહ આ પહેલા ૨૦૧૪ અને ૨૦૦૯ માં લોકસભા ચૂંટણી લડી ચુકયા છે પણ તે હારી ગયો હો ૨૦૧૯ માં તે બસપાનાં ઉમેદવાર તરીકે ચૂંટણી હારી ગયો હતો.

# અતીક-અશરફે સફાઈ કામદારના નામે કરોડોની જમીન લખાવી હતી



નવીદિલ્હી,

માફિયા અતીક અહેમદ અને તેના ભાઈ અશરફની વધુ એક બેનામી સંપત્તિનો ખુલાસો થયો છે. પોલીસને વધુ એક વ્યક્તિ મળી આવી છે જેના નામે માફિયા બંધુઓએ તેમના સાગરિતો દ્વારા કરોડોની જમીન તેમના નામે કરાવી હતી. સફાઈ કામદાર તરીકે કામ કરતા વ્યક્તિએ પોલીસને પોતાની અગ્નિપરીક્ષા જણાવી. જે બાદ તેમની ફરિયાદ પર પ્રયાગરાજના અતરસુઈયા પોલીસ સ્ટેશનમાં માફિયા અતીકના ચાર નામના ગુરૂઓ અને અજાણ્યા લોકો સામે કેસ નોંધવામાં આવ્યો છે.

ગંગાનગરના નવાબગંજ પોલીસ સ્ટેશન વિસ્તારના કોરાલીના રહેવાસી શ્યામજી સરોજે પોલીસને જણાવ્યું કે તે અભણ છે. છેલ્લા ૧૫ વર્ષથી હું કારેલીના રહેવાસી જાવેદ ખાન, કામરાન અહેમદ ખાન અને ફરાઝ અહેમદ ખાનના ઘરે સફાઈનું કામ કરું છું. આરોપ છે કે જિલ્લામાં ઘણી જગ્યાએ માફિયા અતીક અહેમદ અને તેના ભાઈ અશરફના નામે ધાકધમકી આપીને જમીનની નોંધણી બળજબરીથી કરવામાં આવી હતી.

# ૭૭૬ કરોડના કૌભાંડના આરોપમાં પૂર્વ આઇપીએસ અધિકારીની ધરપકડ

ગોપાલગંજ,

છત્તીસગઢની એસીબી ટીમે બિહારના ગોપાલગંજમાં પૂર્વ આઈપીએસ અધિકારી અરુણપતિ ત્રિપાઠીની ધરપકડ કરી છે. તે જાન્યુઆરીથી ફરાર હતો. ગુપ્ત માહિતીના આધારે છત્તીસગઢ પોલીસે બિહાર પોલીસની મદદથી ગોપાલગંજના ભોર પોલીસ સ્ટેશન વિસ્તારના સિસાઈ ગામમાં દરોડો પાડ્યો હતો. આ પછી પૂર્વ આઈપીએસ અધિકારીની ધરપકડ કરવામાં આવી હતી. ગોપાલગંજના એસપી સ્વર્ણ પ્રભાતે ધરપકડની પુષ્ટિ કરી છે.

જણાવવામાં આવી રહ્યું છે કે છત્તીસગઢના ભિલાઈના રહેવાસી પ્રકાશ પતિ ત્રિપાઠીના પુત્ર અરુણપતિ ત્રિપાઠી છત્તીસગઢમાં એક્સાઈઝ વિભાગના પૂર્વ વિશેષ સચિવ રહી ચૂક્યા છે. તેમના પર નોકરી દરમિયાન ૭૭૬ કરોડ રૂપિયાનું દારૂ કૌભાંડ કરવાનો આરોપ છે. એસપી સ્વર્ણ પ્રભાતે કહ્યું કે છત્તીસગઢમાં એક્સાઈઝ વિભાગના પૂર્વ વિશેષ સચિવ અરુણ પતિ ત્રિપાઠી વિરુદ્ધ દારૂ કૌભાંડનો કેસ નોંધવામાં આવ્યો છે.

# ચીન ઈચ્છે છે દલાઈ લામાના મૃત્યુ પછી કોઈપણ પ્રકારની ધાર્મિક વિધિ ન થવી જોઈએ



નવીદિલ્હી,

તિબેટના ધાર્મિક નેતા દલાઈ લામાને લઈને ચીનની નાપાક ગતિવિધિઓ સામે આવી છે. તે તિબેટીયન મઠોમાં દલાઈ લામા વિરુદ્ધ વાંધાજનક પુસ્તિકાઓનું વિતરણ કરી રહ્યો છે અને તેમના મૃત્યુની શુભેચ્છા પાઠવી રહ્યો છે. ચીનનું કહેવું છે કે દલાઈ લામાના મૃત્યુ બાદ કોઈપણ પ્રકારની ધાર્મિક વિધિ ન થવી જોઈએ. ડ્રેગન દલાઈ લામા પછી તિબેટીયન મઠો પર નિયંત્રણ સ્થાપિત કરવા માંગે છે અને તેમની ધાર્મિક ઓળખને ભૂંસી નાખવામાં વ્યસ્ત છે.પુસ્તિકા દ્વારા કહેવામાં આવ્યું છે કે દલાઈ લામાના મૃત્યુ બાદ બૌદ્ધ સાધુઓને તિબેટના આધ્યાત્મિક નેતાની તસવીરો અને અન્ય ધાર્મિક પ્રવૃત્તિઓ અને ધાર્મિક વિધિઓ જાહેર કરવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. ચીનના અધિકારીઓએ ગાંસુ પ્રાંતના મઠોમાં પુસ્તિકાઓનું વિતરણ કર્યું છે. પુસ્તિકામાં ૧૦ નિયમોની યાદી છે. ખરેખર, દલાઈ લામા હાલ ધર્મશાલામાં રહે છે. તેઓ તિબેટના ઈતિહાસમાં સૌથી લાંબા સમય સુધી સેવા આપતા તિબેટીયન બૌદ્ધ આધ્યાત્મિક નેતા છે.

ચીને ૧૯૫૧માં તિબેટ પર કબજો કર્યો હતો. ચીની અધિકારીઓ દાવો કરે છે કે દેશના પોતાના કાયદા અનુસાર તિબેટીયન બૌદ્ધોના અનુગામી અને આગામી આધ્યાત્મિક નેતાની પસંદગી માત્ર ચીનની સરકાર જ કરી શકે છે. તેનાથી વિપરિત, તિબેટીઓ માને છે કે દલાઈ લામા પોતે જ પુનર્જન્મ માટે શરીર પસંદ કરે છે. આ પ્રકારની પરંપરા ૧૩૯૧ થી ચાલી રહી છે અને ૧૩ વખત આવી છે. આ મહિનાની શરૂઆતમાં દલાઈ લામાએ સેંકડો લોકોને સંબોધિત કર્યા હતા. તેમના ભાષણમાં તેમણે કહ્યું કે તેમની તબિયત સારી છે અને તેઓ ૧૦૦ વર્ષથી વધુ જીવવાના છે.

# કેન્દ્ર સરકારના પગલાના કારણે કોંગ્રેસ નાણાંકીય કટોકટીનો સામનો કરી રહી છે, જયરામ રમેશ

નવીદિલ્હી,

કોંગ્રેસના મહાસચિવ જયરામ રમેશ : બુધવારે જયરામ રમેશે કહ્યું હતું કે પાર્ટીને લોકસભા ચૂંટણીમાં તેના ઉમેદવારોને સમર્થન આપવામાં મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે, કેન્દ્ર સરકાર દ્વારા લેવામાં આવેલા પગલાંના કારણે કોંગ્રેસ નાણાકીય કટોકટીનો સામનો કરી રહી છે. અને એટલે જ ભંડોળના અભાવે ઉમેદવારોનું સમર્થન નથી મળી રહ્યું.

એક પ્રેસ કોન્ફરન્સને સંબોધતા જયરામ રમેશે કહ્યું કે પક્ષ ચૂંટણીમાં ખૂબ જ સારો દેખાવ કરશે અને વિપક્ષી ગઠબંધન તેની પ્રગતિને અવરોધવાના તમામ પ્રયાસો છતાં "સ્પષ્ટ અને નક્કર બહુમતી" પ્રાપ્ત કરશે. વધુમાં તેમણે કહ્યું, "અમારા માટે સમસ્યાઓ ઊભી કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. અમારા ખાતાઓ ફ્રીઝ કરી દેવામાં આવ્યા હતા અને જાહેર ભંડોળમાંથી મળેલા રૂ. ૩૦૦ કરોડની વડાપ્રધાન દ્વારા ચોરી કરવામાં આવી હતી." ફેબ્રુઆરીમાં, આવકવેરા વિભાગે ૨૦૧૮-૧૯ માટે તેમની રૂ. ૨૧૦ કરોડની ટેક્સ ડિમાન્ડ પર કોંગ્રેસના ચાર અગ્રણી બેંક એકાઉન્ટન્ટ્સને ફ્રીઝ કરી દીધા હતા.

# બાબરી મસ્જિદ બનશે ત્યારે બસપા સાથે ઊભી રહેશે માયાવતીના ભત્રીજા આકાશ આનંદે મુસ્લિમ કાર્ડ રમ્યું



મથુરા,

બહુજન સમાજ પાર્ટી (બસપા)ના રાષ્ટ્રીય સંયોજક અને માયાવતીના ભત્રીજા આકાશ આનંદે મથુરામાં મુસ્લિમ કાર્ડ રમ્યું હતું. ઈદના અવસર પર આકાશ આનંદે સ્પષ્ટ કહ્યું કે ભાજપે રામમંદિર બનાવ્યું તે સારું છે, પરંતુ જ્યારે બાબરી મસ્જિદ બનશે ત્યારે બસપા મુસ્લિમોની સાથે ઉભી રહેશે. તેમણે વધુમાં કહ્યું કે તમે સમગ્ર સમાજનું નેતૃત્વ કરી રહ્યા છો. આ સરકાર પોતાને બુલડોઝર સરકાર કહે છે. જો તમે બુલડોઝર વડે કોઈના ઘરને ઉખાડી નાખો તો શું તે સારી વાત છે? આકાશ લોકસભા ચૂંટણી પ્રચાર દરમિયાન બસપા ઉમેદવાર સુરેશ સિંહના સમર્થનમાં મથુરામાં એક જનસભાને સંબોધિત કરી રહ્યા હતા. આ દરમિયાન તેમણે સત્તાધારી ભાજપ પર આકરા પ્રહારો કરતાં તેમણે મતદારોને મતદાનના નામે ભાજપને માત્ર 'વાટકો' આપવાની અપીલ કરી હતી.મથુરાના યમુનાપર વિસ્તારમાં બસપાના લોકસભાના ઉમેદવાર સુરેશ સિંહના સમર્થનમાં આયોજિત સભાને સંબોધતા પાર્ટીના વડા માયાવતીના ભત્રીજા અને તેમના ઘોષિત ઉત્તરાધિકારી આકાશ આનંદે કહ્યું, "ભાજપ સરકારે શિક્ષણ, રોજગાર અને મુદ્દાઓ પર કંઈ કર્યું નથી.

# બારામુલાથી ઓમર અબ્દુલ્લા અને શ્રીનગરથી આગા રૂહુલ્લા લોકસભાની ચૂંટણી લડશે

શ્રીનગર,

નેશનલ કોન્ફરન્સે કાશ્મીર ખીણની ત્રણેય સીટો પર પોતાના પત્તા ખોલ્યા છે. શુક્રવારે એનસી ચીફ ફારૂક અબ્દુલ્લાએ જાહેરાત કરી હતી કે ઓમર અબ્દુલ્લા બારામુલ્લા સીટ પરથી એનસીના ઉમેદવાર હશે અને આગા રૂહુલ્લા શ્રીનગરથી એનસીના ઉમેદવાર હશે. અગાઉ એનસીએ અનંતનાગ-રાજોરી સીટ પરથી મિયાં અલ્તાફને મેદાનમાં ઉતારવાની જાહેરાત કરી છે.

પ્રેસ કોન્ફરન્સમાં ઓમર અબ્દુલ્લાએ કહ્યું કે તેમની લડાઈ એવા દળો સાથે છે જે તેમના વિરોધી ઉમેદવારોની પાછળ ઉભા છે. ઓમરે આરોપ લગાવ્યો કે કાશ્મીરમાં બીજેપી નેતા તરુણ ચુગનું આગમન અને સજ્જાદ લોન અને અલ્તાફ બુખારીને મળવાથી સ્પષ્ટ સંકેત મળે છે કે આ પાર્ટીઓ ભાજપના ઈશારે કામ કરી રહી છે. તેમણે ભાજપ, ડીપીએપી તેમની પાર્ટી, પીપલ્સ કોન્ફરન્સ પર નિશાન સાધ્યું. એનસી આ પક્ષોને ભાજપની બી ટીમ ગણાવી રહી છે. જ્યારે જવાબમાં આ પક્ષો કહે છે કે એનસી અને પીડીપી પાછલા વર્ષોમાં ભાજપની સાથે સરકારમાં છે. ઓમરે કહ્યું કે ભાજપને ભત્રીજાવાદ સાથે કોઈ લેવાદેવા નથી.

# દિલ્હીમાં આપ સરકારને તોડી પાડવા અને રાષ્ટ્રપતિ શાસન લાદવાનું ષડયંત્ર, આતિશી

નવીદિલ્હી,

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ જેલમાં ગયા બાદ આમ આદમી પાર્ટી કેન્દ્ર સરકાર પર સતત પ્રહારો કરી રહી છે. આપ મંત્રી આતિશીએ આરોપ લગાવ્યો છે કે દિલ્હી સરકારને તોડી પાડવા અને રાષ્ટ્રપતિ શાસન લાદવાનું ષડયંત્ર રચવામાં આવી રહ્યું છે.મુખ્યમંત્રીની નકલી કેસમાં ધરપકડ કરવામાં આવી છે.

દિલ્હીના મંત્રી અને આપ નેતા આતિશીએ કહ્યું, 'દિલ્હી સરકારના અધિકારીઓએ બેઠકમાં આવવાનું બંધ કરી દીધું છે. આ તમામ બાબતો દર્શાવે છે કે દિલ્હીમાં અરવિંદ કેજરીવાલની સરકારને તોડીને રાષ્ટ્રપતિ શાસન લાદવાનું ષડયંત્ર ચાલી રહ્યું છે.

### અધિકારીઓએ મીટિંગમાં આવવાનું બંધ કરી દીધાનું જણાવ્યું

તેણીએ કહ્યું, 'હું ભાજપને ચેતવણી આપું છું કે દિલ્હીમાં રાષ્ટ્રપતિ શાસન લાદવું ગેરકાયદેસર, ગેરબંધારણીય અને દિલ્હીની જનતાના જનાદેશની વિરુદ્ધ હશે. દિલ્હીની જનતાએ અરવિંદ કેજરીવાલ અને આમ આદમી પાર્ટીને સ્પષ્ટ જનાદેશ આપ્યો છે. આતિશીએ કહ્યું, 'ભાજપ જાણે છે કે તેઓ ગમે તેટલી કોશિશ કરે, તેઓ અરવિંદ કેજરીવાલને દિલ્હીમાં હરાવી શકતા નથી. દિલ્હીના લોકો અરવિંદ કેજરીવાલને પ્રેમ કરે છે, દિલ્હીના લોકો આપને પસંદ કરે છે અને દિલ્હીના લોકો ભાજપના દરેક સંભવિત પ્રયાસો છતાં આપને મત આપે છે.

# જામનગર નજીક સચાણા પાસે ગોઝારા અકસ્માતમાં ચાર પિતરાઈ ભાઈઓના મોતથી અરેરાટી

## કાર અને ટ્રક વચ્ચેના ભયંકર અકસ્માતમાં કારમાં બેઠેલા બે યુવાનોના મૃતદેહને જેસીબીની મદદ લઈ પતરા કાપી બહાર કાઢવા પડ્યા






તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર નજીક જાંબુડા પાટીયા પાસેથી સચાણા ગામ તરફ જવાના માર્ગે ગઈકાલે સાંજના સમયે એક આઈટેન કાર અને ટ્રક ટેલર વચ્ચે ગોજારો અકસ્માત સર્જાયો હતો અને કારની અંદર બેઠેલા જામનગર અને પોરબંદરના ચાર યુવાનો પૈકી ત્રણ યુવાનોના અંતરિયાળ મૃત્યુ નિપજ્યા હતા, જ્યારે એક યુવાનને ગંભીર હાલતમાં સારવાર માટે જી.જી. હોસ્પિટલમાં અને ત્યારબાદ બધું સારવાર માટે અમદાવાદની હોસ્પિટલમાં ખસેડવામાં આવી રહ્યો હતો, જે દરમિયાન તેણે માર્ગમાં દમ તોડી દીધો હોવાથી આ અકસ્માતમાં મૃત્યુનો આંક ચારનો થયો છે.

અકસ્માત એટલો ભયંકર હતો, કે જેસીબીની મદદથી ટ્રક ટ્રેલરને બહાર ખેંચ્યા પછી કારના પતરા કાપી અંદરથી મૃતદેહોને બહાર કાઢવા પડ્યા હતા. આ ગોઝારા અકસ્માતના બનાવની વિગત એવી છે કે જામનગરમાં સાંઢીયા પુલ નજીક મહાલક્ષ્મી બંગલો માં રહેતા સુભાષભાઈ કાળાભાઈ લીંબડના પુત્ર સાહિલ સુભાષભાઈ લીંબડ (૧૮), તેમજ ભાણેજ રોહિત ડાહ્યાભાઈ વાજા (૧૯) અને ભત્રીજા રાહુલ નીતિનભાઈ લીંબડ (૨૨), કે જેઓ બાલાચડીના દરિયે સ્નાન કરીને કારમાં બેસીને પરત આવતા હતા, અને પોરબંદરમાં રહેતો વિશાલ દીપકભાઈ સરવૈયા કે જે કાર ચલાવતો હતો. જે આઈટેન કાર તેનામિત્ર પાસેથી લઈને જામનગરથી બાલાચડી ગયા હતા, જ્યાં દરીયામાં સ્નાન કરીને તેઓ બપોર બાદ જામનગર પરત ફરી ફરી રહ્યા હતા જે દરમિયાન સચાણા ગામના પાટીયા ગોજારો અકસ્માત નડ્યો હતો. જામનગર નજીક જાંબુડાના પાટીયાથી સચાણા તરફ જવાના માર્ગે સાંજના સમયે પુરપાટ ઝડપે આવી રહેલા કચ્છના અનુ ટ્રાન્સપોર્ટ કંપનીની માલિકીના જી.જે. ૧૨ બી.વી. ૩૦૭૧ નંબરના ટ્રક ટ્રેલરના ચાલકે સામેથી આવી રહેલી જી.જે.૧૦ બી.આર. ૩૨૦૧ નંબરની આઈ-૧૦ કારને ઠોકર મારી દેતાં ગોજારો અકસ્માત સર્જાયો હતો, અને કારનું પડીકું વળી ગયું હતું. આ અકસ્માતના બનાવની જાણ થતાં સૌપ્રથમ ૧૦૮ ની ટુકડી ઘટના સ્થળે દોડી ગઈ હતી, જેઓએ સ્થાનિક લોકો તેમજ અન્ય વાહનચાલકો- રાહદારીઓ વગેરેની મદદથી કારની પાછળની સીટમાં બેઠેલા બે યુવાનોને બેશુદ્ધ હાલતમાં સારવાર માટે જામનગરની જી.જી. હોસ્પિટલમાં પહોંચાડયા હતા. જ્યાં એક યુવાનનો મૃતદેહજ હોસ્પિટલમાં પહોંચ્યો હતો, અને તેનું મૃત્યુ નીપજ્યું હોવાનું તબીબો દ્વારા જાહેર કરાયું હતું. જ્યારે અન્ય એક યુવાન ગંભીર હાલતમાં હોવાથી તેને જી.જી. હોસ્પિટલના સારવાર અપાઈ રહી હતી, પરંતુ તેની પણ તબિયત લથડતાં મોડી રાત્રે વધુ સારવાર માટે અમદાવાદ ખસેડવામાં આવી રહ્યો હતો, દરમિયાન માર્ગમાં તેનું પણ મૃત્યુ થયું હોવાથી આ અકસ્માતમાં મૃત્યુનો આંક ચારનો થયો છે. આઈ-ટેન કારની આગળની સીટમાં બેઠેલા બે યુવાનો કારની અંદર દબાઈ ગયા હોવાથી તેઓના અંતરિયાળ મૃત્યુ નીપજ્યા હતા. જેઓ બહાર નીકળી શકે તેવી પોઝિશન ન હોવાથી જામનગર મહાનગર પાલિકાની ફાયર શાખાની ટુકડી ઘટના સ્થળે દોડી ગઈ હતી, અને જે.સી.બી. ની મદદથી ટ્રક-ટેલરની બોડીના પતરા કાપીને બંને યુવાનોના મૃતદેહોને બહાર કાઢવામાં આવ્યા હતા. આ ઘટનાની જાણ થતાં પંચકોશી એ. ડિવિઝનનો પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો, અને મૃતદેહોનો કબજો સંભાળી પોસ્ટ મોર્ટમ સહિતની કાર્યવાહી હાથ ધરી હતી. મૃતક સાહિલના પિતા સુભાષભાઈ કાળાભાઈ તેમના પરિવાર સાથે બનાવનાર સ્થળે તેમજ જીજી હોસ્પિટલમાં દોડી ગયા હતા, અને તમામના મૃત્યુને લઈને સમગ્ર પરિવારમાં ભારે ગમગીની ફેલાઈ હતી. મૃતકોના પોસ્ટ મોર્ટમ કરાવાયા પછી મૃતદેહો તેમના વાલીને સોંપી દેવાયા છે.

## ભાણવડના જામપર ગામે હડકાયા કૂતરાએ ૬ લોકોને કરડી ખાતા ગ્રામજનોમાં ભય




તસવીરઃ રાકેશ સામાણી

ખંભાળિયા : દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડ નજીકના રૂપામોરા ગામે એક બાળકી પર ત્રણ—ચાર શ્વાનોએ હુમલો કરી કરડી ખાતાં બાળકીનું મોત નિપજયાનો બનાવ હજૂ તાજો જ છે. તેવામાં ગઈકાલે ભાણવડ તાલુકાના જામપર ગામે હડકાયા કૂતરાએ ૬ જેટલા લોકો પર હુમલો કરી બચકા ભરી લેતા ગામમાં ભયનો માહોલ ફેલાયો છે.

ભાણવડ પંથકમાં છેલ્લા કેટલાક દિવસોથી કૂતરાઓના હિંસક હુમલા સાથે આતંકથી ખાસ કરી ગ્રામ્યના લોકોમાં ભારે ગભરાટ ફેલાયો છે.જેમાં શુક્રવારે સવારે લગભગ સાડા નવ વાગ્યાના સુમારે જામપર ગામે સંભવત હડકાયા બનેલા શ્વાને જાણે સમગ્ર ગામને બાનમાં લીધુ હતુ.જેમાં ગામમાં અલગ અલગ જગ્યાએ શ્વાને લગભગ પાંચથી છ લોકોને બચકા ભરી લઈ લોહી લૂહાણ કરી મુકયા હતા જેમાં ભોગગ્રસ્તોમાં વિજુબેન અરજણભાઈ છૂછર, કવીબેન કરમશીભાઈ લામકા, આયુષ કરશનભાઈ લામકા, કંચનબેન મેસુરભાઈ ખાટરીયા, નાથાભાઈ ધનજીભાઈ ખીરસરીયાનો સમાવેશ થતો હોવાનુ સામે આવ્યુ છે.

જામપર પંથકમાં સવારે જ કૂતરાના હિંસક હુમલાનો ભોગ બનેલા તમામને તુર્ ત સારવાર અર્થે સરકારી હોસ્પીટલ બાદ ખાનગી હોસ્પીટલમાં ખસેડાયા હતા.કૂતરાના આતંકથી સમગ્ર ગામમાં સોપો પડી ગયો હતો.જયારે સરકારી શાળા અંદર બાળકો અભ્યાસ કરતા હોવાથી શાળાનો મુખ્ય દરવાજો પણ તકેદારીના ભાગરૂપે બંધ કરી દેવાયો હતો.આ બનાવની જાણ થતા સરપંચ અજયભાઈ છૂછર સહિતના આગેવાનો હોસ્પીટલ દોડી ગયા હતા.

## જામજોધપુરના ભોજાબેડી અને સમાણા પંથકમાં ભરઉનાળે કમૌસમી વરસાદથી ખેડૂતો ચિંતિત

જામનગર : જામનગર જિલ્લાના જોડિયા તાલુકાના ભોજાબેડી તેમજ સમાણા પંથકમાં ગઈકાલે વાતાવરણમાં એકાએક પલ્ટો આવ્યા પછી સમીસાંજે એકાએક વરસાદી મોટા ઝાપટા શરૂ થઈ ગયા હતા અને કમૌસમી વરસાદ પડયો હતો. જેને લઈ ખેડૂતમાં ચિંતા વ્યાપી છે.

ઉનાળાના પ્રારંભ સાથે નવુ વેર્સ્ટન ડીર્સ્ટબન્સ એકટિવ થતા ગુજરાત સહિત અમુક રાજયોમાં હવામાન પલટા સાથે કમૌસમી વરસાદની શકયતા પણ હવામાન વિભાગે દર્શાવી હતી.જે દરમિયાન જામનગરના જામજોધપુરના ભોજાબેડી, સમાણા નરમાણા પંથકમાં શુક્રવારે બપોર બાદ વાતાવરણમાં અચાનક પલટો આવ્યો હતો.સવારથી ભારે તાપ સાથે ગરમી બાદ બપોરે હવામાનમાં પલટો આવતા હળવા ભારે કમૌસમી વરસાદી ઝાપટા પડયા હોવાના વાવડ મળ્યા છે.

જામનગર સહિત રાજયભરના મોટા ભાગના સ્થળોએ ઉનાળાના આરંભે સુર્યનારાયણ આકરો મિજાજ દર્શાવી રહયા છે ત્યારે જામજોધપુરના અમુક ગ્રામ્ય પંથકમાં કમૌસમી વરસાદી ઝાપટાઓના પગલે સંબંધિત ગામોના ખેડુતોમાં ચિંતા સાથે દોડધામ મચી જવા પામી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાતમાં હવામાન વિભાગે અગાઉ જ વરસાદ-આંધીનુ એલર્ટ પણ જાહેર કર્યુ છે.જેમાં પંદરમી એપ્રિલ બાદ વાતાવરણ ફરી સામાન્ય બનવાની સાથે ગરમીનુ જોર વધવાની શકયતા દર્શાવાઈ છે.

## ખંભાળિયામાં બે શખ્સોને ચોરી કરેલા રેસિંગ બાઈક સાથે દબોચી લેવાયા

ખંભાળિયા : ખંભાળિયા પંથકમાં રહેતા બે યુવાનોને રેસિંગ બાઈકનો શોખ લાગતા તેઓએ થોડા દિવસ પૂર્વે કરેલી બાઈક ચોરી પ્રકરણમાં એલસીબી પોલીસે ખંભાળિયા તાલુકાના ભરાણા ગામના બંને આરોપીઓને દબોચી લીધા હતા.

દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેયની સૂચના મુજબ જિલ્લામાં બાઈક ચોરી સહિતના ગુનાઓનો ભેદ ઉકેલવા માટે આપવામાં આવેલી સૂચનાને અનુલક્ષીને સ્થાનિક ગુના શોધક શાખાના પી.આઈ. કે.કે. ગોહિલના માર્ગદર્શન હેઠળ એલ.સી.બી.ની ટીમ દ્વારા આ અંગે ટેકનિકલ તેમજ હ્યુમન સોર્સિસની મદદથી કામગીરી કરવામાં આવી હતી. જેને સંદર્ભે એલ.સી.બી. સ્ટાફ દ્વારા હાથ ધરવામાં આવેલા પેટ્રોલિંગ દરમિયાન એ.એસ.આઈ. સજુભા જાડેજા, જયદેવસિંહ જાડેજા તથા જેસલસિંહ જાડેજાને મળેલી ચોક્કસ બાતમીના આધારે ખંભાળિયા તાલુકાના ભરાણા ગામે રહેતા સંધી સાદિક સલીમ ભટ્ટી (ઉ.વ. ૧૯) અને હુસેન અકબર ગંઢાર (ઉ.વ. ૨૦) નામના બે શખ્સોને દબોચી લઈ અને તેઓની આગવી ઢબે પૂછપરછ કરતા આ શખ્સો દ્વારા થોડા




તસવીરઃ રાકેશ સામાણી

દિવસ પૂર્વે કલ્યાણપુર તાલુકાના ગાગા ગામેથી એક ધાર્મિક કાર્યક્રમ દરમિયાન પાર્ક કરવામાં આવેલા એક મોટરસાયકલની ચોરી કરી હોવાની કબુલાત આપી હતી.

આ બાઈકની ચોરી કરીને આરોપીઓ દ્વારા તેના તમામ સ્પેરપાર્ટ અલગ કરી દેવામાં આવ્યા હતા. બંને આરોપીઓ મોટરસાયકલની રેસિંગના શોખ ધરાવતા હોય, તેથી તેઓએ ગાગા ગામેથી ઉપરોક્ત વાહનની ચોરી કરી, તેના સ્પેરપાર્ટ અલગ અલગ કરી અને રેસિંગ બાઈક મોડીફાઈડ કરી અને તે મોડીફાઈડ બાઈકનો રેસિંગમાં ઉપયોગ કરવાનો હોવા અંગેની કબુલાત પોલીસ સમક્ષ આપી હતી. આ પ્રકરણમાં પોલીસે બાઈકના રૂ. ૧૫,૦૦૦ ની કિંમતના સ્પેરપાર્ટ તેમજ રૂપિયા ૫,૦૦૦ ની કિંમતનો એક મોબાઈલ ફોન મળી, કુલ રૂા. ૨૦,૦૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો છે. ઉપરોક્ત બંને આરોપીઓનો કબજો વાડીનાર પોલીસને સોંપવામાં આવ્યો હતો.

## જામનગરમાં ભંગારના ધંધામાં નુકસાની જતા વેપારીએ ઝેરી દવા પી જિંદગીનો અંત આણ્યો

જામનગર : જામનગરમાં ન્યુ સાધના કોલોની વિસ્તારમાં રહેતા ભંગારના વિક્રેતાએ પોતાના ધંધામાં નુકસાની થઈ હોવાથી જિંદગીથી તંગ આવી જઈ ઝેરી દવા પી લઈ આત્મહત્યા કરી લીધાનો બનાવ પોલીસમાં નોંધાયો છે.

આ બનાવની વિગત એવી છે કે જામનગરમાં ન્યુ સાધના કોલોની ગુજરાત હાઉસિંગ બોર્ડના મકાન નંબર ૬૧૩ માં રહેતા અને ભંગારનો વેપાર કરતા બ્રિજેશ જયંતિલાલ સામાણી નામના ૪૧ વર્ષના યુવાને ગઈકાલે જામનગર - રાજકોટ રોડ પર એક હાઈવે હોટલ પાસે જઈ ઝેરી દવા પી લેતાં તેને બેશુદ્ધ અવસ્થામાં સારવાર માટે જી.જી. હોસ્પિટલમાં પહોંચાડ્યા હતા, જયાં સારવાર દરમિયાન તેનું મૃત્યુ નીપજ્યું હતું.

આ બનાવ અંગે મૃતકના પુત્ર નિકુંજ બ્રિજેશભાઈ સામાણીએ પોલીસને જાણ કરતાં પંચકોશી બી. ડિવિઝન પોલીસે મૃતદેહનો કબજો સંભાળી પોસ્ટ મોર્ટમ કરાવ્યું છે.

પ્રાથમિક પૂછપરછ દરમિયાન મૃતકના પિતા ભંગારની લે-વેચનો વેપાર કરતા હતા. જે ધંધામાં નુકસાની જવાના કારણે આ પગલું ભરી લીધાનું જણાવ્યું છે.

## કલ્યાણપુરના મેવાસા ગામે ઠેંસ લાગતા પડી ગયેલા વૃધ્ધનું મોત

ખંભાળિયા : દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલ્યાણપુર તાલુકાના મેવાસા ગામે રહેતા એક વૃધ્ધ ચાલીને જતા હતા ત્યારે તેઓને ઠેસ લાગતા પડી ગયા હતા. જેમાં તેઓને ગંભીર ઈજાઓ થતાં તેમનું મૃત્યુ નિપજ્યું છે.

કલ્યાણપુર તાલુકાના મેવાસા ગામે રહેતા ગોવિંદભાઈ અરજણભાઈ ચાવડા નામના ૭૫ વર્ષના વૃદ્ધ તારીખ ૧૨ ના રોજ દાત્રાણા ગામના બેઠા પુલ પાસેથી ચાલીને જઈ રહ્યા હતા. તે દરમિયાન તેમના પગે ઠેસ લાગતા તેઓ પટકાઈ પડ્યા હતા. જેના કારણે તેમને માથાના ભાગે ગંભીર ઈજા થતા તેમનું મૃત્યુ નીપજ્યું હતું. જે અંગે મૃતકના પુત્ર કેશુભાઈ ગોવિંદભાઈ ચાવડાએ કલ્યાણપુર પોલીસને જાણ કરી છે.

## જામનગરમાં વાહન પાર્ક કરવાના પ્રશ્ને પિતા-પુત્રી પર મહિલા સહિત ચાર શખ્સોનો હુમલો

જામનગર : જામનગરમાં ગોકુલ નગર વિસ્તારમાં કાર લઈને નિકળેલા પિતા પુત્રીને વાહન પાર્ક કરવાના મુદ્દે તકરાર થયા પછી તે જ વિસ્તારમાં રહેતી એક મહિલા સહિત ચાર શખ્સોએ હુમલો કર્યાની ફરિયાદ પોલીસમાં નોંધાવાઈ છે,

આ બનાવની વિગત એવી છે કે જામનગરમાં મયુર એવન્યુમાં રહેતા માવજીભાઈ વેલજીભાઈ સોનગરા (૫૨) પોતાની પુત્રીને ઈકો કારમાં બેસાડીને જામનગરના ગોકુલ નગર નજીક મથુરા નગર વિસ્તારમાંથી પસાર થઈ રહ્યા હતા. ત્યાંરે સ્થાનીક રહેવાસી વિક્રમસિંહએ પોતાના ઘર પાસે ફોરવીલ પાર્ક કરી હતી, જે વાહન સરખી રીતે પાર્ક કરવા માટે કહેવા જતાં આરોપી વિક્રમસિંહ અને તેના પરિવારના અન્ય ત્રણ સભ્યો ઉસકેરાઈ ગયા હતા, અને માવજીભાઈ સોનગરા અને તેની પુત્રી પર હુમલો કરી દીધો હતો. જે હુમલાના બનાવ અંગે માવજીભાઈ સોનગરાએ જામનગરના સીટી સી. ડિવિઝન પોલીસ મથકમાં વિક્રમસિંહ તેમજ દિગપાલ સિંહ, રાહુલ, તેમજ ગીતાબા વગેરે ચાર શખ્સો સામે ફરિયાદ નોંધાવતાં પોલીસે ચારેયની શોધખોળ હાથ ધરી છે.

## જામનગરથી સતત ૩૨માં વર્ષે ભેળીયાવાળી ખોડીયાર મિત્ર મંડળ દ્વારા આયોજિત પદયાત્રી સંઘને કરાવાયું પ્રસ્થાન



તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગરમાં પંચેશ્વર ટાવર વિસ્તારમાં ભેળીયાવાળી ખોડિયાર મિત્ર મંડળ દ્વારા જામનગરથી માટેલની પદયાત્રાના સંઘનું આયોજન કરવામાં આવે છે. સતત ૩૩માં વર્ષે આયોજિત આ પદયાત્રીઓના સંઘને જામનગર શહેરના ધારાસભ્ય તેમજ અન્ય મહાનુભાવોના હસ્તે પ્રસ્થાન કરાવાયું હતું. જેમાં બહોળી સંખ્યામાં પદયાત્રીઓનો સમૂહ જોડાયો છે. જામનગરમાં પંચેશ્વર ટાવર વિસ્તારમાં ભેળીયાવાળી ખોડિયાર મિત્ર મંડળ દ્વારા ગઈકાલે સતત ૩૨ માં વર્ષે પદયાત્રા સંઘને જોડવામાં આવ્યો છે અને પંચેશ્વર ટાવર પાસેથી સંઘ ઉપાડવામાં આવ્યો હતો. આ પ્રસંગે દીપ પ્રાગટ્ય તથા ઝંડી આપવા માટે ધારાસભ્ય દીવ્યેશ અકબરી, નોબત દૈનિકના ચેતનભાઈ માધવાણી, રાજપૂત યુવા અગ્રણી જગદીશસિંહ હકુભા જાડેજા, જાણીતા બિલ્ડર ભાવેશભાઈ ગાગિયા (બાદશાહ ભાઈ), તેમજ મિત્ર મંડળ ના હોદેદારો હાજર રહ્યા હતા, અને સંઘને પ્રસ્થાન કરાવ્યું હતું. જેમાં બહોળી સંખ્યામાં પદયાત્રી ભાઈઓ- બહેનો જોડાયા હતા.

## જામનગરમાં બાઈક ફેરવવા નહિ આપતા કુખ્યાત દિવલા ડોનનો બે વિદ્યાર્થી યુવાનો પર છરી વડે હુમલો

જામનગર : જામનગરના કુખ્યાત દિવલા ડોને ફરીથી પોત પ્રકાશયું છે, અને બાઈક પર જઈ રહેલા બે વિદ્યાર્થીઓને અટકાવીને બાઈક ફેરવવાની માંગણી કરી હતી, જેની ના પાડતાં ઉશ્કેરાઈ જઈ બંને યુવાનો પર છરી વડે હુમલો કર્યાની ફરિયાદ પોલીસમાં નોંધાવવામાં આવી છે.

આ બનાવની વિગત એવી છે કે જામનગરના ગાંધીનગર નજીક મોમાઈ નગર શેરી નંબર ૪ માં રહેતો અને અભ્યાસ કરતો પૃથ્વીરાજસિંહ યોગેન્દ્ર સિંહ ગોહિલ નામનો ૨૦ વર્ષનો યુવાન પોતાના બાઈક પાછળ તેના મિત્ર કુલદીપસિંહ જાડેજાને બેસાડીને શાંતિનગર વિસ્તારમાંથી પસાર થઈ રહ્યો હતો. જે દરમિયાન શાંતિનગર વિસ્તારમાં જ રહેતો દિવ્યરાજસિંહ ઉર્ફે દિવલો ડોન તેની આડે બાઈક નાખીને ઉભો રહી ગયો હતો, અને તારું બાઈક મને ફેરવવા આપ તેમ કઈ બાઈકની માંગણી કરી હતી. જેથી પૃથ્વીરાજસિંહ ગોહિલે ના પાડતાં આરોપી દીવલો ઉશ્કેરાઈ ગયો હતો, અને પોતાની પાસે રહેલી છરી કાઢી સૌ પ્રથમ પૃથ્વીરાજસિંહ પર હુમલો કરી દીધો હતો. જેથી તેના ડાબા હાથની ત્રણ આંગળીઓમાં છરીના ઘા વાગ્યા હોવાથી ગંભીર ઈજા થઈ હતી. જ્યારે બાઈકની પાછળની સીટમાં બેઠેલા કુલદીપસિંહ જાડેજાએ દીવલા ડોનને અટકાવવા જતાં તેના ઉપર પણ છરી વડે હુમલો કર્યો હતો, અને જમણા હાથની આંગળીમાં ઈજા થઈ હતી. આ સમગ્ર મામલો પૃથ્વીરાજસિંહ ગોહિલની ફરિયાદના આધારે સિટી બી. ડિવિઝનના પી.એસ.આઈ. ડી.જી. રાજ દ્વારા આરોપી દિવલા ડોન સામે હુમલા અંગેની કલમ ૩૨૪, ૩૨૩, ૫૦૪, ૫૦૬-૨ તેમજ જી. પી. એક્ટ કલમ ૧૩૫-૧ હેઠળ ગુનો નોંધ્યો છે. અને હાલ આરોપી ભાગી છૂટ્યો હોવાથી તેની શોધખોળ ચલાવાઈ રહી છે.